Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસકથાઓ



રમણિક અરાલવાળા

સર્વોપયોગી સાહિત્ય શ્રેણી : ૧૪

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

૧૮ પુસ્તકોની પહેલી યોજના

૧. પ્રકાશનાં પગલાં

જગતના ભિન્ન ભિન્ન ધર્મોની પ્રેરક કથાઓ

લેખક: કરસનદાસ માણેક

૨. રાખની ઢગલી

વાર્તારૂપમાં આપણા સંસારની સળગતી સમસ્યાઓ

લેખક: "સૌજન્ય"

૩. હાસ્ય-તરંગ

જીવનમાં દરરોજ દેખાતા પ્રસંગો ઉપરના કટાક્ષલેખો

લેખક: જ્યોતીન્દ્ર હ૦ દવે

૪. જીવનની કલા

જીવનની સફળતા માટે વ્યવહારુ માર્ગદર્શન

લેખક: રવિશંકર વિ૦ મહેતા

૫. જગતમાં જાણવા જેવું

જગતની અદ્ભુતતા અને ઉપયોગિતાનો સરલ પરિચય

લેખક: છોટાલાલ માનસિંગ કામદાર

૬. જીવનપરિવર્તન

એક જીવનપલટાની કરુણ-મંગલ સળંગ વાર્તા

લેખક: 'સોપાન'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CH 1973 Initial

૭. ઇતિહાસને અજવાળે (સચિત્ર)

ઇતિહાસની પરાક્રમી વ્યક્તિઓની જીવનરેખા

લેખક : ઇન્દ્ર વસાવડા

૮. ગૃહજીવનની કલા (સચિત્ર)

ઘરમાં સુખ અને સંપથી કેમ રહી શકાય તેનાં સૂચનો

લેખક : 'સમાજશાસ્ત્રી'

૯. ગામડું બોલે છે (સચિત્ર)

હિંદના નમૂનારૂપ એક ગામડાનું સાચું જીવન

લેખક : ચુનીલાલ મડિયા

[illegible]

આપણાં ગૃહ-કુટુંબનાં સાચાં શબ્દચિત્રો

લેખિકા : કુમુદ શેઠ

૧૧. મારો ભારતદેશ (સચિત્ર)

ભારતવર્ષનાં સૌંદર્ય અને વૈવિધ્યનો પરિચય

લેખક : કાન્તિલાલ પરીખ

૧૨. આરોગ્યસાધના (સચિત્ર)

આરોગ્યનાં સંરક્ષણ અંગે માર્ગદર્શન

લેખક : ડુંગરશી ધ૦ સંપટ

૧૩. ભગવાનનાં છોરુ (સચિત્ર)

હરિજનોના જીવનપ્રસંગોનો હૂબહૂ ચતાર

લેખક : પુરાતન બુચ

(અનુસંધાન પૂંઠાના ત્રીજા પાને)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक संख्या ८०५।/८२
पञ्जिका-संख्या २३६६०

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

“ સસ્તુ [illegible] ઉંચુ સાહિત્ય ”

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહસ કથાઓ

★

લેખક :
રમણિક અરાલવાળા

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઇ-૨

★

દશ આના

गुरुकुल ग्रन्थालय कांगड़ी
23660
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રત : ૫૫૦૦
આવૃત્તિ : ૧ લી
સંવત : ૨૦૦૨

[સર્વ હક્ક પ્રકાશકસંસ્થાને સ્વાધીન છે.]

મુદ્રક અને પ્રકાશક :
ત્રિભુવનદાસ ઠ૦ ઠક્કર,
સસ્તું સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ :: **અમદાવાદ**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

"સર્વોપયોગી સાહિત્યશ્રેણી"નું આ ચૌદમું પુસ્તક પ્રસિદ્ધ થાય છે.

આ સંસ્થા છેલ્લાં પાંત્રીસ વર્ષથી પોતાની શક્તિ અને વૃત્તિ અનુસાર ગુજરાતની સેવા કરી રહી છે. આજ સુધીમાં જીવન-ઘડતરમાં ઉપયોગી એવા લગભગ સાડા ત્રણસો ગ્રંથો એણે હજારો નકલોની સંખ્યામાં ગુજરાતનાં ઘરોમાં પહોંચાડ્યા છે. ધાર્મિક સાહિત્યનું પ્રકાશન આ સંસ્થાનું પ્રધાન અંગ રહેલું હોવા છતાં, તેનો વિશાળ અર્થ કરીને જીવન-વિકાસમાં પ્રેરણારૂપ થાય તેવાં જીવન-ચરિત્રો, આરોગ્યનાં પુસ્તકો, સમાજશિક્ષણ, સ્ત્રીકેળવણી, બાલવાર્તાઓ ઇત્યાદિ સાહિત્ય પણ એણે પ્રજાને વિપુલ પ્રમાણમાં આપ્યું છે.

પરંતુ પ્રજામાં હવે એક નવો વર્ગ ઊભો થયો છે અને એની સંખ્યા આપણી રાષ્ટ્રીય જાગૃતિની સાથોસાથ વધતી જશે. આ વર્ગ ઓછું ભણેલા પ્રૌઢોનો છે. ભાષાજ્ઞાન તો એમનું બાળકો જેવું હોય છે, પરંતુ સંસારના કડવા-મીઠા અનુભવો એમને મળેલા હોય છે. આ બન્ને સ્થિતિનો વિચાર કરીને આ વિશાળ સમુદાય માટે નવા પ્રકારનું સાહિત્ય નિર્માણ કરવું જોઈએ. એ સાહિત્ય મોટા અક્ષરોમાં છપાયેલું, બાળકો પણ વાંચી શકે એવી સહેલી ભાષામાં અને છતાં ય જીવનમાં ઉપયોગી એવા વિષયો ઉપર પ્રકાશ ફેંકનારું હોવું ઘટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल काँगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાર્ય કોણ કરે ? ધંધાદારી પ્રકાશકો સ્વાભાવિક રીતે જ આમાં રસ ન લઈ શકે; કારણ કે આવાં પ્રકાશનમાં નફો હોય નહિ. આ કાર્ય 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' જેવી પારમાર્થિક સંસ્થાએ જ કરવું જોઈએ એમ લાગવાથી આ પ્રકાશનમાળાનો અમે આરંભ કર્યો છે.

ગુજરાત જેમની સાહિત્યસેવાથી પરિચિત છે, એવા યુવાન અને પ્રતિષ્ઠિત લેખકો દ્વારા વિવિધ વિષયોનાં સુંદર, સરળ અને સચિત્ર પુસ્તકો તૈયાર કરાવવાનું સંપાદનકાર્ય કરવા અમે જીવનસ્પર્શી સાહિત્યના પ્રસિદ્ધ લેખક ભાઈ મોહનલાલ મહેતા—'સોપાન'–ને શોધ્યા; અને તેમણે તે કામ હોંશપૂર્વક અને સહર્ષ ઉપાડી લીધું તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ પ્રયાસનું પરિણામ આજે અમે પ્રજા સમક્ષ મૂકીએ છીએ.

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી' જેવા સૂચક નામ સાથે જોડાયેલાં પુસ્તકોની યોજના તૈયાર કરવામાં, વિષયો ગોઠવવામાં અને લેખકો પાસે લખાવવામાં એમણે જે ચીવટ અને પરિશ્રમ દાખવ્યાં છે, તેના અમે સાક્ષી છીએ. આ પવિત્ર કાર્યના તેઓ પણ યશભાગી છે.

અમુક વર્ગ માટે યોજાયલી આ ગ્રંથશ્રેણી પ્રજાના બીજા ભાગ માટે પણ લાભદાયી અને માર્ગદર્શક નીવડશે, એવા ભરોંસાથી આ સંસ્થાના કાર્યક્રમમાં આ નવો પ્રકાર શરૂ કરતાં અમને આનંદ થાય છે.

મુંબઈ,
તા. ૨૦–૬–'૪૬

'સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ'ના ટ્રસ્ટીઓ વતી
મનુ સૂબેદાર (પ્રમુખ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આઝાદીના અમર શહીદો
સ્વ. નંદલાલ જોષી
અને
સ્વ. નરહરિપ્રસાદ રાવળને

સાહસે સાથમાં જીવિયા, સાહસે
સાથ સ્વર્ગે ગયા, સાથી મારા !
મુખ જ્વાલામુખીનું બની ધીકિયા,
ગગન લગી ઊડવ્યા શા ગુબારા !
એક આઝાદીને સ્વપ્નને કારણે
છૂંદતા સર્વ સુકુમાર આશા;
ચંડ ઝંઝાનિલો જેમ ઝૂઝી તમે
વહી ગયા વીજના ધોધવા શા !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંપાદકનું નિવેદન

'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે' મને જે કામ સોંપ્યું, તેનો સ્વીકાર મેં હળવે હૈયે કર્યો નથી; એટલું આરંભમાં જ જણાવી દઉં.

ઓછું ભણેલાં હજારો ભાઈ–બહેનોને જીવનને સ્પર્શતા વિષયોનું જ્ઞાન આપવાની જવાબદારી કેટલી મહાન છે, તેનું આ કાર્ય કરતાં મને સતત ભાન રહ્યું છે.

હું કેટલે અંશે એમાં સફળ થયો છું, તેનો નિર્ણય તો જાણકારો જ કરી શકે. મારે તો એટલું જ કહેવાનું છે, કે પરિશ્રમ કરવામાં મેં કચાશ રાખી નથી; ને જ્યાં જ્યાંથી સહાય મેળવી શકું, ત્યાં ત્યાંથી મેં મેળવી છે.

વિષયોની પસંદગીમાં અને તેના લેખનમાં લેખકમિત્રોએ જે મદદ કરી છે, તે હું ભૂલી શકીશ નહિ. પ્રકાશક, સંપાદક કે લેખક આ કાર્યની મહત્તા અને પવિત્રતાને ભૂલ્યા નથી, એટલું તો પૂરી નમ્રતા સાથે પણ મારે કહેવું જોઈએ. હજારો બંધુ–ભગિની પ્રત્યેની લાગણી આ ગ્રંથશ્રેણીના લેખન–પ્રકાશનના મૂળમાં રહેલી છે.

શક્ય તેટલી કાળજી રાખીને વિષયોની પસંદગી કરી છે. આ યોજના એક જ વર્ષની કે અઢાર જ પુસ્તકોની નથી, તે લક્ષમાં રાખ્યું છે; છતાં પહેલા વર્ષમાં ય વિષયનું વૈવિધ્ય સપ્રમાણ જાળવવાનો સભાન પ્રયાસ તો કર્યો જ છે. આમ છતાં એમાં ત્રુટિઓ નહિ હોય કે નથી, એમ હું કહી શકું નહિ. લોકશિક્ષણમાં રસ ધરાવતા સજ્જનો મને તેમની સૂચનાઓ મોકલશે, તો હું આભારી થઈશ.

અંતમાં, મારે 'સસ્તું સાહિત્ય'ના ટ્રસ્ટીઓનો આભાર માનવો છે. હું જાણું છું, કે તેઓ આભારના ભારથી દૂર રહેવા ઇચ્છે છે; પરંતુ મારે સૌને જણાવવું જોઈએ, કે સદ્‌ગત ભિક્ષુ અખંડાનંદે પ્રકટાવેલા જ્ઞાનદીપકની જ્યોતને એમણે નમવા તો નથી જ દીધી, પરંતુ સતત દિવેલ પૂરીને એને પ્રજ્વલિત રાખી છે. સહેજ આગળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધીને કહું, તો એ જ્યોત વધુ પ્રકાશ આપી શકે તે માટે, તેઓ વૈજ્ઞાનિક પ્રયોગો પણ સતત કરતા રહે છે. આ ગ્રંથશ્રેણીના સંપાદન-કાર્ય અંગે ટ્રસ્ટીમંડળના પ્રમુખ શ્રી મનુ સૂબેદારે મને સતત ઉત્સાહ અને માર્ગદર્શન આપ્યાં છે, એમ મારે કબૂલવું જ જોઈએ. એમનો સહકાર ન હોત, તો આ કાર્ય મેં થાકીને અધવચ્ચે જ છોડી દીધું હોત.

મુંબઈ,
તા. ૨૦–૬–'૪૬ } મોહનલાલ મહેતા

લેખકનું નિવેદન

'૪૫ના ડિસેમ્બરમાં પ્રસિદ્ધ થવી જોઈતી આ વાર્તાઓ '૪૬ના જૂનમાં પ્રસિદ્ધ થાય છે. પરીક્ષા અને માંદગી જેવી મારી અંગત અને અનિવાર્ય મુશ્કેલીઓને લઈને થયેલી આ ઢીલ બદલ આ શ્રેણીના વાચકોની ક્ષમા ચાહું છું.

આ આઠે વાર્તાઓ અંગ્રેજી પરથી ઉતારેલી છે. તે સૌ લેખકો તેમ જ સામયિકો, સંગ્રાહકો ને પ્રકાશનસંસ્થાઓનો આભારી છું. વાર્તામાંનાં વાતાવરણ, સ્થળો ને પાત્રોના ગુજરાતીકરણનું ઔચિત્ય ચિન્ત્ય લાગવાથી મૂળને જ વફાદાર રહેવામાં સલામતી માની છે.

વિદ્વદ્ભોગ્ય સાહિત્યના ભોક્તાઓની સૂક્ષ્મ રસવૃત્તિ ને વિકસિત કલાભાવનાનું પરિતર્પણ એ આ પ્રકાશનનું પ્રયોજન નથી, એ હકીકત-નો ખ્યાલ તો આગલાં બે નિવેદનો પર નજર નાખવાથી સહેજે આવી રહે તેમ છે. વળી, જે ભણેલાં જ નથી ને ભણેલાં હોવા છતાં ય શાળા છોડ્યા પછી જેમણે પુસ્તકો તરફ ભરીનજરે જોયું નથી કે જેઓ જોવા માગતાં જ નથી, એમના માટે પણ કંઈ થઈ શકે તેમ નથી. પણ ઓછું ભણેલો છતાં ય કંઈક જન્મજાત સંસ્કાર કે આભિજાત્યવાળો એક વર્ગ છે, જેને જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં રસ છે, જ્ઞાનની બહુવિધ શાખાઓ માટે આતુરતા છે અને જે પ્રયત્નપૂર્વકના વાચને એ રસતૃષાને પરિતોષીને પલટાતી દુનિયાની સાથે રહેવા ચાહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વર્ગનાં ભાઈબહેનોને—પછી એ ગમે તે ઉંમરનાં હોય—સરલ ને સાદી ભાષામાં માનવહૃદયની ઉન્નત વૃત્તિઓને ઉત્તેજતું ને જીવનમાં શ્રદ્ધા પ્રેરતું સાહિત્ય પીરસવું એ જ આ શ્રેણીનાં સઘળાં પ્રકાશનોનો હેતુ છે; ને આ પ્રયત્ન પણ એ સમગ્ર પ્રવૃત્તિનો અલ્પાંશ માત્ર છે.

રસને હાનિ ન પહોંચે એટલી કાળજી રાખીને વાકયરચના ને શબ્દપ્રયોગોના વપરાશમાં આ હેતુપરાયણતા સભાનપણે સેવી છે. સાહસ કથાઓની પસંદગીમાં પણ વિષયોનું ને સ્થળોનું—દેશોનું—વૈવિધ્ય આણવાનો બનતો પ્રયત્ન કરવામાં આવ્યો છે એ સહૃદય વાચક જોઈ શકશે.

અંગ્રેજી પરથી કંઈક કરવાનો આ મારો પ્રથમ પ્રયત્ન છે. જે વર્ગને નજર આગળ રાખીને આ લખાયું છે, તેમને જેટલે અંશે એ ગમે તેટલે અંશે જ એનું સાર્થક્ય ગણાય.

કોઠારી પોળ; ગાંધી માર્ગ,
અમદાવાદ, તા. ૧–૬–'૪૬ } રમણિકલાલ બ. અરાલવાળા

અનુક્રમ

	વિષય	પાન
૧	તુફાન	૯
૨	એના—ગેરીલા યુવતી	૩૩
૩	કેપ્ટન મરચન્ડયુ	૪૭
૪	ગેબના ઘેલા	૬૬
૫	પાણીના ખેલ	૮૦
૬	'ઘરડાં ગાડાં વાળે!'	૯૦
૭	જવાંમર્દ જેક	૧૦૨
૮	હાથીનાં વેર	૧૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ : તુફાન

વાનલુનને હું પહેલવહેલો મળ્યો ડચ ઈસ્ટ ઇન્ડીઝના મકાસર બંદરની ઑરેન્જ હૉટેલમાં. ખુશમિજાજી અને પ્રચંડકાય એવા એ પુરુષનો શો ધંધો હશે એ જાણવાનું મને કુતૂહલ થઈ આવ્યું. મેં માન્યું, કે પરદેશ સાથે સંબંધ ધરાવતી કોઈ સ્થાનિક પેઢી સાથે કદાચ એ જોડાયેલો હશે; પણ મારી ધારણા ખોટી હતી.

વાનલુને મને જણાવ્યું, કે પોતે વનસ્પતિશાસ્ત્રમાં ઘણો રસ લેતો હતો, દુષ્પ્રાપ્ય છોડવાઓની ને ફળફૂલની નવી નવી જાતોની શોધમાં જગતના અજાણ્યા ખૂણાઓમાં રખડતો હતો. એ ધંધામાંથી એને સુંદર આવક થતી હતી ને જગતના વિખ્યાત વનસ્પતિશાસ્ત્રીઓ અને સંગ્રહસ્થાનોમાં એની નામના હતી.

સાંજના વાળુ પછી હૉટેલના ઝરૂખામાં બેસીને અમે ગપ્પાંએ ચડ્યા. હું જોઈ શક્યો, કે ઘણી બાબતોમાં અમને બન્નેને સરખો રસ હતો. આજકાલમાં હવે એનું નવું સાહસ શરૂ થવાનું હતું, એટલે પોતાની સાથે આવવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल काँगड़ी.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે મને સૂચવ્યું; પણ એ વાત મને પાલવતી ન હતી. પ્રકૃતિનાં મનોહારી દશ્યોને નિહાળવાં ને કંઈક સાહસ મળી જાય તો જતું ન કરવું એવા હેતુથી જ હું તો ડચ ઈસ્ટ ઇન્ડીઝમાં ભમતો હતો. છોડવાઓની શોધમાં ને એના સંગ્રહમાં મને બહુ ઓછો રસ હતો. વાનલુને મારા મુખ પરની ગૂંચવણ ઉકેલીને મને કહ્યું: "તમે ધારતા હો કે આ પ્રવાસ માથે પડશે, તો એમાં સોમાં નવ્વાણુંની ભૂલ છે. તમે કલ્પો છો તેથી વિશેષ ઉત્તેજના તમને એ ટાપુઓમાં મળી રહેશે. મહોબ્બતપરસ્ત અને માયાળુ એવા મોર લોકો તમને અનેક રીતે આનંદ આપશે. અને દરિયાના જિપ્સીઓ તો છે જ."

જગતના એ એકાંત સ્થળ વિષે બીજી પણ અનેક વાતો તેણે મને કહી. ઉત્તરે સેલિબિસ સમુદ્રના જંગલ-વીંટ્યા ટાપુઓમાં એવા વિચિત્ર બનાવો બનતા હતા, કે જે ભાગ્યે જ છાપાંઓમાં દેખા દેતા.

સિતાંકાઈના ટાપુની પાસે વહાણોમાં વસતા દરિયાઈ જિપ્સીઓ ગમે ત્યારે ફૂટી નીકળતા, લૂંટતા ને માર-કાપનો ત્રાસ વર્તાવતા. આ ચાંચિયાઓ વિષે મેં ઘણી વાતો સાંભળી હતી અને એમનાં તરતાં ગામડાંઓમાં જઈને એમને એકવાર ભેટી લેવાની ઇચ્છા પણ થયા કરતી હતી. મને લાગ્યું, કે જોઈતી તક સામે આવીને ઊભી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આ સાહસોએ તમને જરા ય થકવ્યા હોય એમ લાગતું નથી!" મેં કહ્યું.

"જ્યાં છોડ હોય ત્યાં મારે જવાનું જ છે—પછી એ ધરતીને ગમે તે છેડે હોય." તેણે ગંભીરતાથી કહ્યું.

"બાકી, જોખમ તો આ ધંધામાં ડગલે ને પગલે છે; અને મારી જાત સંભાળતાં હું શીખી ગયો છું; પણ તમને હવે રસ પડતો લાગે છે! ખરું કે નહિ, બોલો? કહી દો કે તમે આવશો."

"સારું, હું આવીશ; બસ?" મેં કહ્યું.

"મનેય હમણાંનું કંઈ ગમતું નથી ને જરા મનફેરની જરૂર લાગ્યા કરે છે."

તૈયાર થતાં મને કેટલાક દિવસો લાગ્યા. કેટલીક જરૂરી સાધનસામગ્રી આવી પહોંચે ત્યાં સુધી વાનલુનને પણ થોભવાનું હતું. છેવટે એક બપોરે સેલિબિસ સમુદ્ર પર આવેલા મિનાડો બંદરે જતી એક સ્ટીમરમાં અમે ઝુકાવ્યું. મિનાડો જઈને એક હોડી કરી લેવી ને પછી જ્યાં અનેક કિંમતી છોડવાઓ મળી રહેવાનો સંભવ હતો, એવા સંગીરદ્વીપો તરફ ઊપડવું એવો અમારો ઇરાદો હતો.

સાતસો માઈલના વિસ્તારનો જળપટ સ્ટીમરે સડસડાટ માપવા માંડ્યો. કાંઠા પર જંગલો ઝૂલતાં હતાં. અર્ધાં ભુલાઈ ગયેલાં નાનાંનાનાં બંદરોએ થોભતી, માલ ચડાવતી—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉતારતી સ્ટીમર જળ પર લહેરિયાં લેતી આગળ વધતી હતી. બફારો ઘણો હતો ને મુસાફરો માતા ન હતા, તો ય મુસાફરી મઝાની હતી. ખાસ કરીને સંધ્યાકાળ બહુ ખુશનુમા લાગતો હતો. મકાસર છોડ્યા પછી બે દિવસમાં અમે વિષુવવૃત્ત ઓળંગ્યું.

એમ કરતાં કરતાં મિનાડોનું બંદર આવી પહોંચ્યું અને ઊતરીને તરત જ અમે હોડીની શોધમાં પડ્યા. બીજે દિવસે અમે ત્યાંની હૉટેલમાં બેઠા હતા ત્યાં કેટલાક મોર લોકોની ટોળકી અમારી પાસે આવી. વિશાળ ખભા ને પહોળી છાતીવાળો એક જવાન હાથમાં મોટી છૂરી રમાડતો આગળ ચાલતો હતો. એના શરીર પર હનુમાનના જેવો લાંબો લંગોટ માત્ર હતો. માથા પર તામ્રરંગી ઝુલફાં ઝૂલતાં હતાં ને સરદારને છાજતા ગૌરવથી એ ચાલતો હતો. એની અદા હું ક્ષણભર જોઈ રહ્યો.

અમારી પાસે આવીને જીવનથી લખલખતાં અંગોવાળા એ જુવાને કહ્યું, કે એનું નામ જીરામ હતું; તેની પાસે એક હોડી હતી ને અમારી ઇચ્છા હોય, તો અમે તે ભાડે રાખી શકતા હતા.

મુસાફરી જોખમની હતી એટલે નક્કી કરતાં પહેલાં હોડીને તપાસી લેવી સારી એમ ધારીને અમે બંદર પર ગયા. વાનલુન તો હોડી જોઈને ખુશખુશ થઈ ગયો અને ઊપડવા માટે અમે અધીરા હતા, એટલે ભાડું ઠરાવતાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાર ન લાગી. આ જાતની હોડીને એ લોકો 'સેપીટ' કહેતા. જરા પણ સમય ગુમાવ્યા વિના અમે સામાન પેક કરાવવા માંડ્યો. ખલાસીઓ કામે લાગી ગયા. ખોરાક ઉપરાંત મીઠાપાણીથી ભરેલાં ચાર મોટાં વાસણ પણ લઈ લીધાં.

ઊપડતાં પહેલાં ડચ સરકારના અહીં ખાતેના એજંટને મળીને એને અમારો હેતુ સમજાવવાનું અમે મુનાસિબ માન્યું. ડચ લોકો પોતાનાં સંસ્થાનોની બાબતમાં બહુ જ ચોક્કસ હોય છે ને તેમાં ય યુરોપિયનોની હિલચાલ તરફ તો એમના કાન અત્યંત સરવા હોય છે; પણ વાનલુનની તો નામના હતી અને એક અમલદાર સાથે ઘણો જૂનો સંબંધ હતો એટલે અમને મુશ્કેલી ન નડી. તો ય એ લોકોએ અમને દાટી તો દીધી જ, કે એ અજાણ્યા ને એકાંત ટાપુઓમાં અમે ચાંચિયાઓના ત્રાસનો ભોગ થઈ પડીશું; પણ અમે તો ચાંચિયાઓની ચાંચને જોઈ લેવા જ નીકળ્યા હતા; એટલે એમની દાટીને દાદ આપવાનું કશું કારણ ન હતું.

ખરા મધ્યાહ્નને અમે 'સેપીટ' પર સઢ ફરફરાવ્યો ને ઓતરાતે કિનારે હંકાર્યું. હવામાન સુંદર હતું એટલે મંદ પવનમાં મઝા કરતાં કરતાં અમે સારો જેવો રસ્તો કાપ્યો. સેલિબિસ સમુદ્રના છેલ્લા ઉત્તરબિંદુ સમી 'નૉર્થ કેઇપ'ને વટાવીને, સંગીર ટાપુઓમાંના છેક દક્ષિણના ટાપુને જમીનથી છૂટો પાડતા ચાલીશેક માઈલના અખાતમાં અમે પ્રવેશ્યા.

જીરામની સાથે હું એવો તો વાતોએ ચડી ગયો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે મને આજુબાજુનું ભાન જ નહોતું. જીરામ અંગ્રેજી પણ સારું બોલી શકતો હતો. જીવનભર ખેડેલાં અનેક સાહસોની રોમાંચક વાતો કશું ય મીઠું મરચું ભભરાવ્યા વિના તેણે મને કહી. સાચે જ, આ યુવાન નાવિકમાં મને બહુ રસ પડ્યો.

નમતે પહોરે પવન બંધ થઈ ગયો. હોડીની ગતિ બંધ પડી ગઈ એટલે અમે જરા અકળાયા. ખલાસીઓએ હલેસાં મારવાં શરૂ કર્યાં, પણ એ તો કમર સીધી કરી નાખે એવું કામ હતું. એ રીતે અમે ભાગ્યે જ કંઈ રસ્તો કાપી શક્યા. છેક મોડી રાતે પવન પાછો વળ્યો. 'સેપીટ' એવી સુંદર સહેલ કરી, કે સવારમાં તો અમે સીઆઓ બેટનાં બારણાં ખખડાવ્યાં. કેટલાક કિંમતી છોડવાઓ અહીં મળી રહેશે એ ધારણાએ વાનલુને આ ટાપુને દાઢમાં રાખ્યો હતો; પણ પવનને અભાવે અહીં ઉતરવાનું આવતી વખતે મોકુફ રાખીને અમે સીધા સંગીર તરફ આગળ વધ્યા. પવન શરૂ થયો હતો એટલે 'સેપીટ' ને હવે પાંખો આવી હતી. ખલાસીઓ ખુશમિજાજમાં હતા ને સફર હવે સોહામણી લાગતી હતી.

પણ આ રંગભરી સહેલ ચાર ઘડીના ચાંદરણા જેવી હતી. એકદમ પવન બંધ થઈ ગયો. હવા ગરમ, ભારે ને નિર્જીવ લાગવા માંડી. અમે જાણે બેઠી ભઠ્ઠીમાં ભૂંજાતા હતા. પૂર્વ ક્ષિતિજને કંપાવતી આવતી મેઘગર્જનાઓના ભીષણ પડછંદા સાગર પર ગાજી રહ્યા. ક્યાંક સંતાઈ રહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાયુ ચાલાકીથી ફૂટી નીકળ્યો ને 'સેપીટ'ના સઢોને ફૂલાવતો અમને આગળ ધપાવી રહ્યો. આકાશી અંધકાર વધારે ને વધારે ઊંડો થતો ગયો. વાયુ જોરથી ફૂંકાવા લાગ્યો. જીરામ અને તેના ખલાસીઓ તરફ મેં જોયું તો તેઓ ચિંતાતુર જણાતા હતા ને બારીક આંખે પૂર્વ ક્ષિતિજ તરફ તાકી રહ્યા હતા. જીરામે ખલાસીઓને સાવચેતીનાં અનેક સૂચનો આપ્યાં. જેને માટે આ પ્રદેશ અટકચાળો ગણાય છે, એ તુફાનના લાગમાં અમે આવી ગયા હતા.

ફરફરતા ને ફૂલીને ફાટુફાટુ થઈ રહેલા સઢોને ખલાસીઓ વાળીને બાંધી લે તે પહેલાં તો આકાશનું મુખ ઊઘડી ગયું ને ધોધમાર ધારાવૃષ્ટિ સમુદ્ર પર ઝીંકાઈ રહી. વરસાદ એવા જોરથી પડતો હતો, કે ધારાવર્ષણના નાદમાં મેઘગર્જનાઓ પણ વિલીન થઈ જતી હતી. વાનલુન અને હું હોડીને એક ખૂણે લપાઈને બેસી રહ્યા—જાણે કોથળામાં સિવાઈને બેઠા હોઈએ તેમ. સામાન્ય રીતે જીરામને નહિ ગાંઠનારા લાંઠીઆ ખલાસીઓ પૂરી ખેલદિલીથી પોતાની ફરજ અદા કરવા લાગ્યા. હોડીમાં ભરાઈ ગયેલું પાણી અત્યંત ત્વરાથી તેમણે ઉલેચે જ રાખ્યું. એક કલાક—બે કલાક આમ પસાર થઈ ગયા. મુશળધાર પાણી પડે જ ગયાં. અખિલ અવકાશને કંપાવતી ઘોર વાદળગર્જનાઓ ઘડીએ ઘડીએ થતી હતી. અંધારી રાતે કબરમાંથી બહાર આવીઆવીને રડતાં અદ્રષ્ટ આત્માઓનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેત સરખી તીણી ચીસે પવન વાતો હતો, ને તુફાની સમંદરની છાતી પર 'સેપીટ' કારમું ડોલી રહી હતી. સઢ ઉતારી લીધા હતા, તો ય તુફાનને લઈને અમે ભયંકર ઝડપે ક્યાંક ખેંચાઈ રહ્યા હતા. જીરામ ઘણો ગંભીર લાગતો હતો. 'સેપીટ'નું સુકાન હવે કેટલો વખત એનું માન રાખશે, એ પ્રશ્નાર્થ એની મુખરેખાઓમાંથી વાંચી શકાતો હતો.

તુફાનને અટકાવનાર તો ત્રણે ભુવનમાં કોઈ હતું નહિ. અમારે તો માત્ર બહાદુરીપૂર્વક એની સામે ટકી રહેવાનું હતું. મને ભય હતો, કે કદાચ અમે પરવાળાંના ખડક સાથે અથડાઈ પડીશું; પણ જીરામે જણાવ્યું, કે એવી તો કોઈ બીક ત્યાં હતી નહિ.

કાંઠાથી ઘણે દૂર સેલિબિસ સમુદ્રની મઝધારે અમે ઘસડાઈ રહ્યા હતા, અને તુફાન ચાલુ રહે તો ફિલિપાઇન્સની દક્ષિણે આવેલા સુલુના ટાપુઓ તરફ જઈ ચડીએ એવો સંભવ હતો. જળ ઉપર થઈ રહેલા એ જળપ્રલયની વચ્ચે, અર્ધી ધોવાઈ ગયેલી હોડીમાં તાડપત્રોની છત્રી નીચે બેસવું, અને બેસીને વરસાદની રામધૂન ક્યાં સુધી ચાલુ રહેશે, ક્યાં આવ્યા હોઈશું, ક્યાં જઈશું વગેરે વિચારો કરવા એ ખરેખર એક લહાવો હતો. પર્વતકાય મોજાંની અનંત પરંપરા સિવાય ચારે બાજુએ બીજું કંઈ જ હતું નહિ. આખું આકાશ જાણે માથા પર ઝૂમતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતું ને સમુદ્રમાં પડુંપડું કરી રહ્યું હતું !

દોડીદોડીને પવનના પગ છેવટે થાક્યા, રડીરડીને આકાશની આંખોનાં અશ્રુ ખૂટી ગયાં ને આછો રતાશ પડતો પ્રકાશ ધૂંધળા ગમગીન અવકાશને વીંધીને સમુદ્ર પર પથરાઈ રહ્યો. આ ફેરફારથી ખૂબ આનંદિત થઈને હું ને વાનલુન હોડીમાં ઊભા થઈ ગયા અને અકડાઈ ગયેલ શરીરોને સારી પેઠે ટટ્ટાર કરીને વધતા જતા પ્રકાશને પી રહ્યા.

"પરમેશ્વરનો પાડ માનો, કે હવે બધું પૂરું થયું છે." લોથપોથ થઈ ગયેલાં કપડાંને જરાક ખંખેરતાં મેં કહ્યું.

"કોણ જાણે સંગીરના ટાપુઓથી આપણે કેટલે દૂર હોઈશું ?"

કાળું ભમર ડોકું ધુણાવીને જીરામે અનિશ્ચિતતા સૂચવી.

"પચાસ માઈલ, કદાચ સો માઈલ, કોણ જાણે છે ?" મરણીઆ મોરભાયડાની અદાથી એણે જવાબ આપ્યો.

"જો પવન બંધ થઈ જાય તો તો સમજી લો, કે આપણે અહીં દિવસો સુધી ધોમા નાખવાના છે. પછી પાણીબાણી માર્યું ફરે! અને મને તો એ નથી ગમતું."

એવામાં વાનલુને એકદમ હાથ ઊંચો કર્યો ને અમને ચેતાવ્યા.

"સાંભળ, દોસ્ત, શું સંભળાય છે આ ?" આતુરતાથી મેં કાન માંડ્યા. દૂરસુદૂરથી, સાગર પર પથરાયેલ શાંતિને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીંધીને કોઈ વિચિત્ર, કોઈ ભયંકર ગણગણાટ અમારી તરફ આવી રહ્યો હતો. એનાં ગતિ અને જોમ જાણે પ્રત્યેક પળે વધતાં જતાં હતાં. એટલો તો ઝડપી ને એવો તો ભયંકર એ અવાજ હતો, કે એને ગણગણાટને બદલે ધમધમાટ જ કહેવો જોઈએ. એનું રહસ્ય સમજવા ચિંતાતુર ચહેરે મેં વાનલુન સામે જોયું. એ એકદમ મારે ગળે બાઝી પડ્યો. મને તુતક પર ખેંચી જઈને એણે મારા કાન પર મોં મૂક્યું, ને ફક્ત એક જ શબ્દ બોલ્યોઃ "તુફાન!"

એક શબ્દમાં મારા સાથીદારે ઘણું બધું કહી નાખ્યું હતું. મેં સમજી લીધું, કે આવી રહેલી આફતની આગળ ગયેલી આફતનો કંઈ હિસાબ ન હતો. રચાતી રામાયણની આગળ પૂરી થયેલી રામાયણ તો એક શ્લોક સરખી હતી. અમારી રામાયણના ખરા રાવણનો મુકાબલો તો અમારે હજી હવે જ કરવાનો હતો. પરવાળાંની ઝાલરોવાળા આ સિંધુનો આત્યંતિક ત્રાસ અમારી પર ગુજરવાની હવે ઘડીઓ—અરે પળો—ગણાઈ રહી હતી.

પવનનું એક ધસમસતું મોજું અમારા પર થઈને પસાર થઈ ગયું; ને ઘડીના છઠ્ઠા ભાગમાં અમારી નાવ તુફાનના રાક્ષસી પંજાનું નાચીજ રમકડું બની ગઈ. જીવન અને મૃત્યુ વચ્ચે અમે ઝૂલી રહ્યા. પવનનું જોર એટલું હતું, કે હોડીમાં ઊભા કે બેઠા તો રહી શકાય તેમ હતું જ નહિ. તુફાનની સામે થોડી વાર પણ ટકવું હોય તો હોડીમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચત્તાપાટ સૂઈ ગયા વિના છૂટકો ન હતો: કોઈ રાક્ષસી ખેંચાણથી, હેરફેર થઈ શકે એવી બધી વસ્તુઓ ડગમગતી હોડીમાંથી ઊડીઊડીને દરિયામાં પડી. મજબૂત કૂવાથંભ કડકડાટ કરતો પડ્યો; એને વળગી રહેલા એક કમનસીબ મોરપુરુષને લઈને ઊડ્યો ને અંધકારમાં અદશ્ય થઈ ગયો. કૂવાથંભ ગયો એટલે મોટો સઢ ભયંકર કાટકા સરખી ચીસ નાખીને ચિરાઈ ગયો. હોડીના પાછલા ભાગમાં નમી રહેલા બીજા બે જણા એકદમ ઊંચકાયા ને ફૂંફાડા મારતાં મોજાંની મધ્યમાં ફેંકાઈ ગયા. એમને મદદ કરવાનો કોઈ માર્ગ અમારી સામે ન હતો. પલકારામાં એ પાણીની ગહન બખોલોમાં પેસી ગયા હતા.

પવનની એક થપાટ એકદમ મારા મોં પર વાગી. મારા હાથની પકડ છૂટી ગઈ ને હું ઊછળીને સીધો દરિયામાં પડ્યો. શું બની રહ્યું છે તે જાણું તે પહેલાં તો મેં પાતાળપાણી માપવા માંડ્યાં હતાં! હું સરી રહ્યો હતો ઊંડે-ઊંડે-ઊંડે! શ્વાસ ઘૂંટીઘૂંટીને ફેફસાં ફાટી જશે એમ લાગ્યું, એટલે મહામહેનતે હું સપાટી પર આવ્યો ને ચારે તરફ એક ચકોર નજર નાખી જોઈ. હોડીનું નામો-નિશાન જણાતું નહોતું. હવે તો અલ્લા બેલી હતો. નિરાશા-ની એક કારમી ધ્રૂજારી હું ન જાણું તેમ મારા હૃદય પર થઈને પસાર થઈ ગઈ. ડૂબતો માણસ તણખલું પકડે તેમ અર્થ વગરની બૂમો મારવાનો પ્રયત્ન મેં કરી જોયો; પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુફાનના ધુધવાટે મારા અવાજને ગળામાં જ ગુંગળાવી દીધો.

આછા અંધકારમાં એક કાળો આકાર સરસરાટ કરતો મારી તરફ આવી રહ્યો હતો. એ 'સેપીટ' હતી, અમારી હોડી હતી. એની બાજુએ લટકતું દોરડું મેં પકડી પાડ્યું ને અંદર સરકવા માટે તાકાતના છેલ્લા ટીપાનો ઉપયોગ કરી જોયો, પણ વ્યર્થ ! મારાં ગાત્રો જડાં પડી ગયાં હતાં. હવાતિયાં માર્યાનો હવે કશો અર્થ નથી એમ માનીને હું દોરડું છોડી દેવા જતો હતો, એટલામાં મને કોઈએ ઊંચક્યો ને સાચવીને હોડીમાં મૂકી દીધો. કોણ હતું એ ? વાનલુન-મારો દરિયાઈ દોસ્ત. ખુશનસીબે હું એની નજર બહાર ન હતો.

મારામાં હાલવાચાલવાની શક્તિ નહોતી. થોડી વાર તો તણાઈ આવેલા ઉંદરડાની જેમ હું પડી રહ્યો. જરા કળ વળી એટલે પાછો બેઠો થઈને ચોતરફ જોવા લાગ્યો. અમારી હોડી ! બિચારી 'સેપીટ' ! હવે એને હોડી કહેવામાં સંસ્કૃતિની મશ્કરી કરવા જેવું હતું. હવે તો એ ભંગારનો એક ટુકડો માત્ર હતી. પવનની સાથે પાંખો કરીને અમારી બધી વસ્તુઓ ઊડી ગઈ હતી. સુકાન છિન્નભિન્ન થઈ ગયું હતું. બધો ખોરાક માછલીઓના મુખમાં પહોંચી ચૂક્યો હતો ને ખારા દરિયાની વચ્ચે મીઠા પાણીનું એક માત્ર વાસણ રહી ગયું હતું.

પણ ખોરાક–પાણીનો પ્રશ્ન હવે જરા હળવો બન્યો હતો; કારણ કે એમાં ભાગ પડાવનારા સારી પેઠે ઓછા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૮૦૫૧ ૨૩૯૬૦

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયા હતા. તુફાનમાં તણખલાની જેમ ઊડી પડતા ત્રણ જણને તો અમે જોયા જ હતા. ચોથાનું હરણ અમારી ધ્યાન બહાર થયું હતું. પાંચમો છેલ્લી ઘડીઓ ગણતો હોડીના એક ખૂણામાં પડ્યો હતો ને એની જીવન-દોરી લંબાવાની નથી એટલું સમજવામાં કોઈ લાંબી નજરની જરૂર નહોતી.

થોડી વાર પછી અમારી સગવડમાં થોડો વધારો કરીને એ મૃત્યુ પામ્યો. એના શબને અમે સાગરને ખોળે ધરી દીધું. એથી વિશેષ તો અમે શું કરી શકવાના હતા ?

પવન હવે કંઈક ધીમો પડી ગયો હતો. હોડી હજી ય સડસડાટ ચાલી જતી હતી, પણ એની ગતિ હવે બીક લાગે એવી ન હતી. તળિયે ભરાયેલું પાણી અમે બધા-ઓએ ઉલેચે રાખ્યું.

મેં ધાર્યું, કે અમારી પનોતી હવે પૂરી થઈ હતી. આફત ગઈ હતી અથવા જતી હતી ને આશા આવતી હતી; પણ ના, હજી તો અમે મુશ્કેલીની મધ્યમાં જ હતા. 'તુફાન' એ વર્તુલાકારી ઝંઝાવાત છે. એ એક એવું તો રાક્ષસી ચક્ર છે, કે જે ભયંકર ઝડપે જમીન અને દરિયા પર ફરી વળે છે ને એની હડફેટમાં જે કંઈ આવી ચડે તેનું સત્યાનાશ વાળી નાખે છે; પણ એના મધ્ય ભાગમાં કંઈક શાંતિ હોય છે. તુફાનમાં સપડાયેલ વહાણ કે હોડી જો એના મધ્ય ભાગ સુધી પહોંચી જવાનો પુરુષાર્થ દાખવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
पुस्तकालय गुरुकुल काँगड़ी.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે, તો એના માટે સલામતીની કંઈક આશા ખરી.

ખાધેપીધે તો કલાકો વીતી ગયા હતા. ખોરાકની તલાશમાં ભંગારનો ઢગલો ફંફોળવા અમે મંડી પડ્યા. બિસ્કિટનો એક ડબ્બો ને થોડાંક ફળ મળી આવ્યાં. એ તાજાં તો નહોતાં જ, પણ સાજાં પણ નહોતાં. અમારે માટે અતિશય ઉપયોગી એવું મીઠું પાણી એના પર ઢળ્યું હતું ને એમાં સારી પેઠે ભળ્યું હતું. એ બિસ્કિટનો—એ ફળોનો સ્વાદ કેવો હશે ? તમારી કલ્પના ગમે તે કહેતી હોય, પણ અમારે મન તો એ પકવાન હતું. કંઈક ખાધું ન ખાધું ત્યાં તો પવનનું એક મોટું મોજું બાબરા ભૂત જેવી પ્રચંડ ચીસ નાખીને પસાર થઈ ગયું. તુફાનનાં જડબાં એક વાર ફરીથી અમને દળી રહ્યાં.

આ ઝંઝાવાત ક્યાં સુધી ચાલ્યો તેની મને ખબર નથી. હું એટલો બધો કંટાળ્યો હતો ને એવો તો નખાઈ ગયો હતો, કે તુફાનના અંત કરતાં જીવનના અંતની રાહ જોવામાં જ મને વધારે રસ પડતો હતો. મારી વાત તો ઠીક છે, પણ વાનલુન જેવો અદ્ભુત રખડુ, સિંહની છાતી-વાળો પ્રચંડકાય પુરુષ પણ ખરેખર ભાંગી પડ્યો હતો. પેલા બે મોરો તો ખુદાતાલાને ખોળે બધું છોડીને નીચું ઘાલીને પાછલા ભાગમાં બેસી ગયા હતા. મોતના મોંમાંથી એમને બચાવવાનો વ્યર્થ પ્રયત્ન પણ કરી જુએ એવું કોઈ તત્ત્વ હવે ત્યાં હાજર નહોતું.

કલાકો સુધી આ ગાંડો ઝંઝાવાત ઘૂણી રહ્યો. રાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડી. ગઈ રાતે જે પળે તુફાન શરૂ થયું હતું તે પળ આવી પહોંચી. પાણી ને પવન સાથેની અમારી મસ્ત કુસ્તી હજી ય ચાલુ હતી. સમયનું ભાન હવે મને રહ્યું ન હતું. સવારે જાગ્યો ત્યારે સ્વચ્છ આકાશમાંથી સૂર્ય પ્રકાશી રહ્યો હતો. તરંગરમણા તો હજી ય એટલી જ મસ્ત હતી, પણ સિંધુની કરાળતા હવે ઝપાટાબંધ ઓસરી રહી હતી.

અમે ક્યાં હતા ને ક્યાં જઈ રહ્યા હતા, તેનો કશો ખ્યાલ વાનલુનને કે જીરામને હતો નહિ. સેલિબિસ સમુદ્રમાં ઘણે દૂર સુધી અમે ખેંચાઈ આવ્યા હતા એ તો સ્પષ્ટ હતું; પણ તુફાન દરમિયાન અમે કઈ દિશામાં હંકાર્યું હશે? ઉત્તરે ફિલિપાઇન્સમાં આવેલા મીંડાનાઓ તરફ? નૈઋત્યે બોર્નીઓ તરફ? કે પછી સીધા સુલુના ટાપુઓ તરફ? એ ગમે તેમ હો, પણ અમારા મૂળ રસ્તાથી તો અમે ખરેખર સો માઈલ–કદાચ બસો માઈલ દૂર ફંટાઈ ગયા હતા. જો બસો માઈલ જેટલે દૂર અમે ખેંચાઈ આવ્યા હોઈએ ને ઉત્તરે મીંડાનાઓ તરફ જ જતા હોઈએ, તો તો હવે જમીન દેખાવી જોઈતી હતી; પણ એવું તો કંઈ હતું નહિ. ચારે બાજુ પાણી જ હતું, એ સત્ય સ્વીકારવાની આનાકાની આંખોથી થઈ શકે તેમ નહોતું. સીધા બોર્નીઓ તરફ જઈ રહ્યા છીએ એમ માનવાની જીરામ ના પાડતો હતો, એટલે હવે તો એક જ ધારણા શક્ય હતી; અને તે એ, કે અમે સુલુના ટાપુઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજદીકમાં હતા. જીરામે આકાશ સામે જોયું. સૂર્યની સ્થિતિનો અભ્યાસ એ ઘડીભર કરી રહ્યો. એના મત પ્રમાણે અમે જોલોના બેટથી લગભગ સોએક માઈલ દૂર હતા. સુલુના ટાપુઓમાં આ બેટ સૌથી મોટો ગણાય છે.

જીરામના આ સૂચને અમને જરાક આનંદમાં લાવી દીધા; પણ કોણ જાણે કેમ અમારી બધી ચેતના હવે હણાઈ ગઈ હતી. ધારો કે જીરામનું અનુમાન સાચું હોય અને અમે જમીનથી ફક્ત સો માઈલ જ દૂર હોઈએ, તોય શું? એ સો માઈલ અમે શી રીતે કાપવાના હતા વારુ? હોડીમાં હોડી જેવું તો કશું રહ્યું નહોતું. કૂવાથંભ અને સઢ તો ક્યારનાય સમુદ્રમાં સિધાવ્યા હતા; અને એ જાય એ પહેલાં તો અમારાં બધાં સાધનો અમારી સાથે કટ્ટા કરીને પવનની સાથે ધૂમવા ચાલ્યાં ગયાં હતાં; એટલે નવા કૂવાથંભ અને સઢની જોગવાઈ અશક્ય હતી. પશ્ચિમના જોમભર્યા પ્રવાહે કેટલાક કલાક સુધી અમને ધસડે રાખ્યા; પણ એ ય હવે બંધ થઈ ગયો! અમારે કદાચ હવે અહીં જ રહેવાનું હશે!

પણ હજી ય એક સંભવિતતા હતી. કાંઠો નજીક હોય તો કદાચ કોઈ જતું–આવતું વહાણ કે હોડી અમને મદદ કરી શકે. જળના અફાટ વિસ્તાર પર મેં એક આશાભરી મીટ માંડીને નિરાશા સાથે નીચું જોયું. તુફાને એવી તો ખરાબી કરી મૂકી હતી, કે તમામ દરિયાઈ પ્રવૃત્તિઓ થંભી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ હતી. કદાચ દિવસો પછી કોઈ રડીખડી હોડી કે વહાણ આ તરફ આવવાની હિંમત કરે! પણ તે વખતે તો અમારે મદદનો સવાલ જ ક્યાં હતો? એવી અનિશ્ચિત મદદ આવે તે પહેલાં તો મૃત્યુ એની નિશ્ચિત મદદ મોકલવાનું જ હતું!

'સેપીટ'ને દયામણી સ્થિતિમાં ભરદરિયે ડોલતી છોડીને મંદમંદ વાતો પવન પડી ગયો. અમે એકબીજા તરફ મૂર્ખાઈ-ભર્યું જોતા બેસી રહ્યા. એવામાં વાનલુન, જીરામ અને મને એકાએક એક કુદરતી પ્રેરણા થઈ આવી. ગમે તેમ કરીને પણ કૂવાથંભ અને સઢની જોગવાઈ કરી લેવા અમે આતુર હતા. સાતેક ફૂટનો વાંસડો અમારા હાથમાં આવી ગયો ને તુફાનમાંથી બચી ગયેલી એક જેવીતેવી સાદડી હોડીમાંથી મળી આવી. કૂવાથંભ અને સઢની ગોઠવણ અમે કરી તો ખરી, પણ હોડીના કદના પ્રમાણમાં એ બહુ જ નાની ને નાચીજ રચના હતી; તો ય જો પવન શરૂ થાય, તો એનાથી સારી પેઠે મદદ મળે તેમ હતું.

પણ પવને પાછા ફરવાની માથામાં વાગે તેવી ના પાડી. કલાકો વીતી ગયા, પણ હોડી તો જ્યાં હતી ત્યાં રહી. સમુદ્ર ત્વરાથી શાંત પડતો હતો. ભઠ્ઠીમાં ભૂંજાતા હોઈએ એવી ગરમી અમે અનુભવી રહ્યા.

રાત પડી. તારાઓ પ્રકાશી રહ્યા. હાથ લાંબો કરીએ તો જાણે લૂમખાં ને લૂમખાં ચૂંટી લેવાય એટલું જ છેટું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમારી ને એમની વચ્ચે લાગતું હતું. જીરામ અને પેલા વૃદ્ધે શું કર્યું તેની મને ખબર નથી; પણ વાનલુન અને હું તો મઝાથી ઊંઘ્યા. વહેલી સવારે ઊઠીને ક્ષિતિજ તરફ નિહાળતાં અનેક ભાવો અમે અનુભવી રહ્યા. ઊગતો સૂર્ય કોણ જાણે અમારે માટે શું લાવતો હતો ?

અફાટ સમુદ્ર અને અનંત આકાશ વચ્ચે વિસ્તરેલા ખાલીખમ અવકાશ સિવાય આંખોને બીજું કાંઈ જોવાનું મળ્યું નહિ. ચારે તરફ એકધારી નજર નાખીનાખીને આંખોને હવે તમ્મર આવતાં હતાં. બેબાકળા બનાવી મૂકે–ગાંડા કરી નાખે એવી એક પ્રકારની અઘોર અકળામણ અમારો કબજો લઈ બેઠી; અને વળી પાછી લેમણે લખેલી રાત આવી.

સવારે ઊઠીને અમે એક અદ્‌ભુત શોધ કરી. મીઠા પાણીનું જે એક જ વાસણ બચ્યું હતું તે મેં ઉઘાડ્યું, ને જોયું તો જણાયું, કે પાણી તો જીવતું થઈ ગયું હતું–અંદર જીવ પડ્યા હતા ! માંડ એક બે દહાડા ચાલે એટલું જ પાણી હવે રહ્યું હતું. તરસથી મરવા માટે જ જાણે અમે તુફાનમાંથી બચ્યા હતા. અમારી દુ:ખી દશા હવે એ કક્ષાએ પહોંચી હતી, કે જીવન અને મૃત્યુ બન્ને પ્રત્યે અમે બેદરકાર હતા. જીવનનો ભાર ફગાવીને ફેંકી દીધો હતો; એટલે હવે તો મન હલકું ફૂલ લાગતું હતું.

અચિંતાની જીરામે એક મોટી બૂમ મારી: "હોડી ! હોડી !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે ઉત્તેજિત થઈ ગયા. હોડીમાં ઊભે ઊભે હાથ હલાવતો જીરામ બૂમો માર્યે જતો હતો. એની વાત સાચી હતી. દૂરદૂર એક મોટી હોડી અમે જોઈ શક્યા. આજુબાજુથી જે કંઈ હાથમાં આવ્યું તે અમે પકડી લીધું. ઊભા થઈ થઈને હાથમાંની વસ્તુઓ હલાવવા લાગ્યા ને છાતીમાં જે કાંઈ શ્વાસ રહ્યો હતો તે એકઠો કરીને પુષ્કળ બૂમો મારવા લાગ્યા. પેલા લોકોનું ધ્યાન ખેંચવાનો છેલ્લો ને ભગીરથ પ્રયત્ન આ રીતે અમે કરી લીધો; પણ અમારી જરા પણ પરવા કર્યા વિના પેલી હોડી તો સડસડાટ ચાલી ગઈ. કદાચ એમણે અમને જોયા નહિ હોય—કદાચ એમ પણ હોય કે છેલ્લા થોડા દિવસોમાં એમણે અમારા જેવા અનેકની દુર્દશા જોઈ હોય અને એમને હવે અમારા જેવા દુર્ભાગીઓમાં કશો રસ રહ્યો ન હોય !

ગળે ટૂંપો દેતી ગમગીન શાંતિએ એક વાર ફરીથી અમારો કબજો લઈ લીધો. જેવી રહી હતી તેવી હોડીને ખૂણે વાનલુન અને હું લપાઈને બેસી રહ્યા. જીરામ એકધારી નજરે સાગરને જોઈ રહ્યો. એના મુખ પર કોઈ અપાર્થિવ મૌન પથરાતું હતું. પેલો વૃદ્ધ બિચારો અલ્લાનું નામ જપે જતો હતો. એની એકધારી ધૂન સાંભળીને મારું માથું એવું પાકી ગયું હતું, કે એને બે વાતો સુણાવીને બંધ કરવાનું કહેવા હું અધીરો થઈ ગયો.

થોડી વાર પછી વાતાવરણે પલટો લીધો. જીરામ તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જોયું તો એ ઉશ્કેરાયેલો લાગતો હતો. એની આંખોમાં કોઈ અકુદરતી વિચિત્રતા ચમકતી હતી. વારંવાર એ અમારી તરફ તાકીતાકીને જોતો હતો. હાથમાંની વિશાળ છૂરી એની આંગળીઓમાં કોઈ ભયંકર નિશ્ચયભરી રમત રમી રહી હતી. મને જરા આશ્ચર્ય થયું. એના મગજ પર કંઈ ખરાબ અસર તો નથી થઈ એ જાણવા મેં વાનલુનનું ધ્યાન ખેંચ્યું. થોડી વાર સુધી એની ચેષ્ટાઓનું નિરીક્ષણ–પરીક્ષણ કર્યા પછી વાનલુને મને કહ્યું:

"એ ગાંડો થઈ ગયો છે. આ પ્રકારનું ગાંડપણ એ લોકોને ઘણી વાર થઈ આવે છે. તમે જોજો. હવે થોડી વાર પછી એ આપણા પર હુમલો કરશે. જિંદગી બચાવવી હોય, તો એની સાથે લડવા આપણે તૈયાર રહેવું જોઈએ."

જીરામ જોઈ ન શકે એ રીતે વાનલુને પોતાનો હાથ ખભા પાછળ લંબાવ્યો ને લાકડાનો એક મજબૂત ધોકો પકડી લીધો. હાથમાંની છૂરી ધુણાવતો જીરામ વિકરાળ ગર્જના કરતો હવે અમારી પર ધસ્યો. એનું માથું હવે એના હાથમાં ન હતું, એ તો દીવા જેવી વાત હતી. મારો–મારો ને કાપોકાપોના હડકવાથી હડકાયા કૂતરાની જેમ એનાં અંગો તડફડતાં હતાં.

"યા અલ્લાહ!" જીરામે ગર્જના કરી ને બરાબર તાકીને વાનલુન તરફ છૂરી ફેંકી. શરીર કંઈક ભારે હોવા છતાં ય મારા સાથીદારે અત્યંત ચપળતાથી એનો ઘા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચુકાવ્યો. વાગે તો પાણી ન માગવા દે એવું ભયંકર હથિયાર એની બાજુમાં થઈને સરી ગયું. હવે વાનલુનનો વારો આવ્યો. ધોકો લઈને એ જીરામ તરફ ફર્યો. ગાંડપણથી ગાજતી ખોપરી તૂટી ગઈ. જીરામ દરિયામાં પડ્યો તે ફરી દેખાયો જ નહિ. આટઆટલી વીતી પણ પેલા વૃદ્ધને તો જાણે કંઈ અસર જ નહિ! એના પેટનું તો પાણીય હાલતું ન હતું. એની સ્થિતપ્રજ્ઞતા અદેખાઈ ઉપજાવે એવી હતી; પણ અમારા હૈયામાં તો એક પ્રકારનો હાયકારો પેસી ગયો હતો. જીરામ! પાણીની વચ્ચે પર્વત સરખો 'સેપીટ'નો સમર્થ સુકાની! ખગોળ ને ભૂગોળનો ખાં! સુખદુઃખનો સાથી! વિશ્વાસુ મિત્ર! એની આ દશા! ને તે અમારે જ હાથે! દરિયાના મામલાઓથી જાણે અમે ડઘાઈ ગયા હતા.

કાળનું ચક્ર તો ચાલે જતું હતું. બીજો દિવસ ચાલ્યો ગયો. રાત્રિની કૃપા વરસી રહી એટલે અમે તો ઊંઘમાં પડ્યા. કલાકેક પછી પેલા વૃદ્ધના ગણગણાટથી અમે જાગી ઊઠ્યા. 'સેપીટ' હજી ય સડસડાટ ચાલે જતી હતી. કોઈ અજાણી દિશાએ અમે ઘસડાઈ રહ્યા હતા. પવનની સ્ફૂર્તિ જરા વધી. હોડીની ગતિમાં કંઈક રંગ આવ્યો. સવાર સુધી અમે ઘોર્યા જ કર્યું.

કશોક ચિરાડો સાંભળીને હું જાગી ઊઠ્યો. પાણીની ગર્જના ને પવનના સુસવાટા પાછા શરૂ થઈ ગયા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાભાવિક આતુરતાથી બાજુ પર નમીને મેં હોડી તરફ નજર નાખી. હું ત્રાસથી કંપી ઊઠ્યો. અંધારું તો હજી ય હતું, પણ તારાઓના પ્રકાશમાં હું સ્પષ્ટ જોઈ શક્યો, કે છેલ્લા શ્વાસ લઈ રહેલી 'સેપીટ' પાણીમાં સીધી સરી રહી હતી. દૂર ક્ષિતિજે કોઈ આછીપાતળી કાળી રેખા જણાતી હતી. કદાચ એ જમીન હોય. બીજા બે ત્રણ ચિરાડા સંભળાયા ને 'સેપીટ'પર મોજાં ફરી વળ્યાં. હોડી કોઈ ખડક સાથે અથડાઈ પડી હતી ને તળિયેથી તૂટતી જતી હતી. મોજાંની ઝાપટોએ પેલા વૃદ્ધને અમારી પાસેથી ઝૂંટવી લીધો હતો.

પણ વાનલુન તો હજી ય મારી બાજુમાં જ હતો. અમારા બચાવ માટે અમે કંઈ પણ કરી શકીએ તે પહેલાં તો મોજાંની એક એવી થપાટ મને વાગી, કે હું સીધો દરિયામાં પડ્યો. પાણીની કબરમાં થોડી વાર દટાઈ રહીને ભૂતની જેમ પાછો હું સપાટી પર આવ્યો. કોઈ મોજાંને મારી સ્ફૂર્તિની અદેખાઈ આવી હશે એટલે જેવો હું ઉપર આવ્યો, કે તરત તેણે મારા મોં પર એક એવી તો થપાટ ઠોકી દીધી, કે હું સીધો તળિયાનો તાગ લેવા પહોંચી ગયો; અને ખરેખર આ વખતે તળિયાનો તાગ આવ્યો. મારા પગ નીચે જમીન હતી !

બળ ક્યાંથી આવ્યું તે હું જાણતો નથી, પણ છીછરાં પાણીને પ્રચંડ ભુજાઓમાં રમાડતો હું કાંઠે પહોંચી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડી વાર પછી કોણ જાણે ક્યાંથી ય વાનલુન આવી પહોંચ્યો. અમે પરસ્પર ભેટી પડ્યા ને એકબીજાને મદદ કરતા કાંઠો ચડવા લાગ્યા. 'સેપીટ' ને છેલ્લી વાર જોઈ લેવાનું મન રોકી નહિ શકાવાથી અમે એક વાર પાછું જોઈ લીધું; પણ 'સેપીટ' નું તો હવે સ્મરણ માત્ર રહ્યું હતું !

બેટ પર ભ્રમણ કરતાં કરતાં થોડે દૂર અમને એક ગામડું જણાયું. મિત્ર સરખા મોર લોકો ત્યાં રહેતા હતા એ જાણીને અમને વધારે આનંદ થયો. અહીં આવીને અમે જાણ્યું, કે અમે જોલોના ટાપુ પર આવી પહોંચ્યા હતા, જે સંગીરના ટાપુઓમાં સૌથી મોટો હતો. સેલિબિસ સમુદ્રમાં અમે ત્રણસો માઈલનો પ્રવાસ કરી બેઠા હતા. આ માયાળુ લોકો સાથે અમે બે દિવસ રહ્યા, અને જેના પર હોનારત ગુજરી હતી, એવાં અમારાં અંગોને ખૂબ આરામ આપ્યો.

બદનમાં જરા બળ આવ્યું, હૈયામાં જરા હામ આવી, એટલે ત્યાંના મુખીએ આપેલા ભોમિયાઓની સાથે અમે રાજધાનીમાં ગયા. અહીંના સુલતાને અમારો ભાવભીનો સત્કાર કર્યો. ભારે આનંદ સાથે એની પાસેથી અમે જાણ્યું, કે યુનાઇટેડ સ્ટેટ્સનો મહેસુલી અમલદાર બે દિવસ પછી વહાણ સાથે ત્યાં આવનાર હતો.

વખતસર આવી પહોંચેલા એ વહાણમાં બેસીને, ફિલિ-પાઇન્સની છેક દક્ષિણે આવેલા ઝામ્બોઆન્ગા બંદરે અમે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યા. હું ને વાનલુન અહીંથી છૂટા પડ્યા.

મારા બહાદુર સાથીદારનું હૈયું હજી ય શૌર્યથી છલકાતું હતું. પોતાના પ્રિય છોડવાઓની શોધ માટેનો એનો ઉત્સાહ જરા ય ઓસર્યો ન હતો. ઘેર પાછો ફરવાને બદલે એણે સેલિબિસ સમુદ્રમાં ફરીથી ઝુકાવવાનો નિશ્ચય કર્યો; અને એ માટે સારું વહાણ પણ મેળવી લીધું. યાદ રહી જાય, એવી એક સફર કરી હતી એટલા સંતોષ સાથે મેં મનિલા જવાનું નક્કી કર્યું.

છૂટા પડતી વખતે ગંભીર શાંતિપૂર્વક અમે હાથ મિલાવ્યા. લાગણીએ એનો માર્ગ એની રીતે કરી લીધો. કોઈ કશું બોલી શક્યું નહિ. અમારો સહવાસ જો કે ઘણો ટૂંકો હતો, પણ મૃત્યુની ખીણોમાં અમે સાથે સંચર્યા હતા, યુગ યુગ જેવી ક્ષણો સાથે જીવ્યા હતા; એટલે સામાન્ય રીતે વર્ષોના સહવાસે ન સાધી શકાત એવી નિકટતા ને એવી આત્મીયતા અમે ગણ્યાગાંઠ્યા દહાડામાં સાધી શક્યા હતા.

ભાગ્યે ભુલાય એવા એક નરવીર પ્રત્યે એક વાર નજર નાખી લઈને મેં મોં ફેરવી લીધું!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૨ : એના—ગેરીલા યુવતી

[એક રશિયન કુમારિકાની રોમાંચક યશગાથા]

લડાઈની શરૂઆતના એ દિવસો હતા. સમાજવાદી જિલ્લા સમિતિની એ નાનકડી ઓરડી હતી. એમાં યુવાન ઉદ્દામવાદીઓની ધાંધલ મચી હતી. બોલ્યું સંભળાતું નહોતું. પાટલી પરના એક ખૂણામાં યુવાન સૈનિકોનાં બિસ્તરા—પોટલાં પડ્યાં હતાં. જુવાનો યુદ્ધને મોરચે જઈ રહ્યા હતા. એ જતા હતા પેલા કમબખ્ત જર્મન ફાસિસ્ટો-ને હણવા, જેઓ ચોરની જેમ એમના માદરેવતનમાં ઘૂસ્યા હતા. તિરસ્કાર અને અભિમાનથી એમનાં લોચન લાલ બન્યાં હતાં. ધિક્કાર ! ધિક્કાર ! બસ ધિક્કાર ! શું યુવાન કે શું યુવતી, પ્રત્યેક રશિયનનું હૃદય ધિક્કારની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણીથી ફાટતું હતું. એ ધિક્કાર હતો જર્મનો તરફ, જે એમની માતૃભૂમિના જ નહિ, બલ્કે સારી ય માનવતાના શત્રુઓ હતા.

છેવટે ઘડિયાળમાં ટકોરો પડ્યો. વતનની આબાદી અને આઝાદી બન્ને જોખમમાં હતાં. એના બચાવનો આ આખરી જંગ હતો; ને એ જંગમાં આ સમિતિના કેટલાક યુવાનો જઈ રહ્યા હતા. આ ધર્મયુદ્ધનો એમને કશો પ્રત્યક્ષ અનુભવ નહોતો. હા, એના વિષે તેમણે પુસ્તકોમાં વાંચેલું ખરું. વળી, સામાજિક બળવાની વાતો સંભારી–સંભારીને બાપદાદાઓ જે વાતો કરતા, એમાં પણ આ પવિત્ર યુદ્ધ વિષે કંઈક આવતું ખરું. પિતૃભૂમિની પવિત્ર સ્વતંત્રતાના રક્ષણ માટે જે છેવટનો સંગ્રામ લડવાનો હતો, તેના વિષે આ રશિયન જુવાનડાંઓ અત્યારે તો માત્ર આટલું જ જાણતાં હતાં.

રશિયન યુવતી એના શ્યુબ્યેનોક હતી એ સમિતિની મંત્રી. સૌ આવ્યાં તેની પાસે ને વીંટાઈ વળ્યાં. એનો હાથ એના મિત્રોએ દુખવા આવ્યો ત્યાં સુધી દબાવ્યો ને છેવટની સલામ કરી.

"સલામ એના !"

"છેલ્લી વિદાય, દોસ્ત શ્યુબ્યેનોક !"

"ફરી મળીએ ત્યાં સુધીની સલામ એના !"

"શ્યુબ્યેનોક ! અમને છેલ્લી વિદાય આપ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના સ્યુબ્યેનોક ઊઠી. એ હર્ષભેર ઊઠી ને એના સાથીદારોના લંબાવેલા હાથ સાથે હાથ મિલાવ્યો.

"ફરીથી આપણે મળીશું, જુવાનો! હું તમને છેલ્લી વિદાય નથી આપતી, દોસ્તો! આપણે આ હિટલરરૂપી નાગની ચામડી ઊતરડી નાખીશું. એક વાર ફરીથી મળીશું, સાથે કામ પણ કરીશું ને ભણીશું પણ ખરાં; પણ અત્યારે તો ફટકારો એ રાક્ષસોને. એમને બરાબર હાથ બતાવો, મારા બહાદુરો!"

એનાનું મુખ આવેશથી રાતુંચોળ થઈને ચમકવા લાગ્યું. જર્મન ફાસિસ્ટોનો અંત આણવા લશ્કરી પોશાક ચડાવીને મોરચા પર જતાં એને કેટલું સુખ થયું હોત! એ મનોમન કંઈક સમજી ને બારી તરફ પાછી ફરતાં ગુસ્સામાં બરાડી ઊઠી:

"અરે! મને સ્ત્રીનો અવતાર શા માટે મળ્યો?"

એ જુવાનોનાં પગલાંની પડઘી શમી ગઈ. એ ભાવવાહી કૂચગીતના છેલ્લા સૂરો હવાના જાડા થરોમાં ઓગળી ગયા. એનાએ પોતાની દેહલતાને તેની સંપૂર્ણ ઊંચાઈમાં ટટ્ટાર કરી. ભૃકુટિ ચઢાવીને બેઠેલી યુવતીઓ અને મોરચે નહિ મોકલવામાં આવેલા નિરાશ યુવાનો તરફ તેણે મુખ ફેરવ્યું.

"ઠી....ક, કેમ તમે કંઈ સૌ શાંત લાગો છો? આ તમારો મોરચો કેમ ટાઢો પડી ગયો છે? મિત્રો! આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કામ શરૂ કરીશું હોં!"

અને એણે કામ શરૂ કર્યું. સોવિયેટ છોકરાછોકરીઓ તેની સાથે કામે લાગી ગયાં. એ વિભાગના પૂલો, રસ્તાઓ, કૂવા ને ખેતરોની રખવાળી તેમણે માથે લઈ લીધી. જિલ્લા-સમિતિની એ નાનકડી ઓરડીમાં ટેલિફોનનું દોરડું સારી ય રાત ધ્રૂજ્યા કરતું. લશ્કરી હિલચાલનાં તમામ મથકોએથી સંદેશાઓ આવતા અને રાત્રિની કોઈ પણ પળે ઘંટડીનો રણકારો થતો.

"એલાઉ, શ્યુબ્યેનોક! કોણ તમે જ કે?"

"હા જી, હું જ એના શ્યુબ્યેનોક, જાતે ને પોતે."

"પચાસ કોમ્યુનિસ્ટ જુવાનોની જરૂર છે. એક કલાકમાં મળે તેવી વ્યવસ્થા કરી શકશો?"

"હા, જરૂર મોકલી શકું છું; પણ શું કામ કરાવશો?"

"ખાઈઓ ખોદાવવાનું, શ્યુબ્યેનોક! ક્યારે મોકલી શકશો?"

"કલાક પછી!"

યુદ્ધ નજીક ને નજીક આવતું જતું હતું. ઘવાયેલા સૈનિકોને ઇસ્પિતાલમાં લાવવામાં આવ્યા. છોકરીઓ એમાં કામ કરવા ગઈ. એનાએ પણ એમાં પોતાનો ફાળો આપ્યો. પોતાની કાયદેસરની રજાની પ્રત્યેક પળ તેણે ઘવાયેલા સૈનિકોની સારવારમાં ખર્ચી. દુષ્ટ નાઝીઓનાં ધાડાં છેક સુધી ધસી આવ્યાં. ઘવાયેલાંઓને શહેરમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ઘેર લાવવાં પડ્યાં. તદ્દન પાસેનાં સ્થાનોમાં જ બૉમ્બ ફૂટવા શરૂ થઈ ગયા. એ તરફનાં ગામડાંમાંથી આશ્રય શોધતાં લોકોનાં ટોળાં વછૂટ્યાં. હતાશ, લોહીથી ખરડાયેલા, આક્રંદ કરતા ને ધિક્કારથી મુક્કાઓ ઉગામતા તેઓ આવ્યા ને ગાંડા હિટલરિયા જર્મનોનાં કમકમાટીભર્યાં કૃત્યો કહી બતાવ્યાં. જર્મનોએ વૃદ્ધ માણસોને જીવતાં દફનાવ્યાં. યુવાન બાળાઓ પર તેમની માતાઓની હાજરીમાં અત્યાચાર કર્યા. ગર્ભવંતીઓના ગર્ભમાં બેયોનેટની અણીઓ ભોંકી; ને શાળાએ જતાં બાળકોને ઊંચકી ઊંચકીને કૂવામાં ઉશેટ્યાં.

એનાનો ચહેરો સફેદ પૂણી જેવો થઈને ભયંકર બન્યો. જુવાન છોકરા–છોકરીઓ તેને વીંટાઈ વળ્યાં.

"એના! શું બનવા બેઠું છે આ ? જર્મનો આગળ વધતા આવે છે. તેઓ નજીક જ છે."

"હા, નજીક તો ખરા જ; જર્મનો છેક ધૂસ્યા છે. આપણે બધી જ જાતના બનાવો માટે તૈયાર રહેવું જોઈએ; લડતાં લાડવા ન હોય, દોસ્તો !"

એના ઊભી થઈ, ઓરડીના એકથી બીજે ખૂણે તેણે આંટા મારવા માંડ્યા. ફિક્કા ચહેરે એ સાથીઓ તરફ ફરી.

"આપણા જ દેશમાં જર્મનોની એડી નીચે છૂંદાતા જીવવું તેના કરતાં મરવું બહેતર છે, મિત્રો ! આ નફ્ફટ ફાસિસ્ટો સામે તેમના અઘોર કૃત્યોનું વેર આપણે અવશ્ય લઈશું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેનો અર્થ તો એટલો જ કે આપણે ગેરીલા દળોમાં જોડાઈ જવું જોઈએ; નહિ, એના!?" વાંકડિયા વાળવાળી એક બાલિકાએ ધીમેથી કહ્યું.

"હા, આપણે ગેરીલા ટુકડીઓમાં જોડાવું જ જોઈએ."

સમિતિના બીજા સભ્યો સાથે એના ઊપડી. ઘેર ઘેર એ ઘૂમી વળી ને રોમાંચક વાણીમાં દેશબાંધવોને પડકાર્યા.

"ઘર છોડો, ગામ છોડો, ખેતરો ને બગીચા છોડો; જંગલમાં જાઓ; ગેરીલા દળોમાં જોડાઈ જાઓ; જ્યાં દેખો ત્યાં ફાસિસ્ટોને હેરાન-પરેશાન કરી મૂકો. બાળાઓ ! બહેનો ! આ બળાત્કારી જર્મનોને દેશપાર કરો. આપણા પરસેવાથી સીંચેલાં ખેતરો શું તેમને માટે છે એમ ? તમારાં બાળકોની કતલ તમને કંપાવતી નથી ? એ લોકોએ પાસેનાં ગામડાંઓમાં શું કર્યું છે, તે તમે જાણો છો ?

એ ઘોર કર્મોની કથની એનાએ કહી બતાવી. આબાલ-વૃદ્ધ એને સાંભળી રહ્યાં ને એકી અવાજે બોલી ઊઠ્યાં: "બહેન ! ત્યારે અમારે કરવું શું તે કહે !"

"વેર, વેર, બસ વેર ! બીજું કંઈ જ નહિ. આપણો દેશ લૂંટ્યાનું, નિર્દોષ બાળકોનું ખૂન વહાવ્યાનું ને રશિયન બાળાઓ પરના ભયંકર અત્યાચારોનું વેર લો. એ હરામ-જાદાઓને જાણવા દો, કે જર્મનોના પગ નીચે જીવવા કરતાં તો રશિયન સ્ત્રીઓ મૃત્યુને વધાવશે. આપણે બરાબર સાટું વાળીશું. ચાલો, જંગલમાં જઈએ ને ગેરીલા બનીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અને આ ઘરોનું શું? આ અનાજનું શું, દીકરી !? પાક પણ કેવો સુંદર છે આ વર્ષે !" ચમકી ઊઠેલી સ્ત્રીઓએ ગદ્ગદ કંઠે કહ્યું.

"બાળી મૂકો : ઘર, અનાજ, કેરોસીન બધું જ જલાવી દો ! આ ચિતાઓના ધુમાડાઓમાં એ પાપીઓને ગુંગળાઈ મરવા દો. આપણી એક પણ ચીજ એ પાપાચારીઓના હાથમાં ન જવી જોઇએ. એમને ભૂખે મરવા દો. એમને તો આપણા ખોરાક પર નભવું છે, ને નવા બળ સાથે આપણાં જ ગામડાંપર તૂટી પડવું છે. એ નહિ બને."

એનાના ભાવવાહી શબ્દો સ્ત્રીઓના હૃદયમાં સોંસરા ઊતરી ગયા.

"એ નહિ જ બને" તેમણે સૌએ નક્કી કર્યું. "અનાજની ખાખ ભલે થઈ જાય, પણ જર્મનોના હાથમાં તો નહિ જ જાય."

"બહેનો ! એ ય સમય આવશે જ્યારે આપણે ફરીથી અનાજ પણ વાવીશું ને ઘર પણ બાંધીશું; પણ અત્યારે તો આ રાક્ષસોને ડગલે ને પગલે પરેશાન કરો. શત્રુઓને એમની નબળાઈનું ભાન થવા દો, કે જેથી એ આપણા પર શાસન કરતા અટકે."

સ્ત્રીઓ એનાને વીંટાઈ વળી ને તેના હોદ્દાનું ભાન ભૂલીને ઘરવટથી વાતો કરવા લાગી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હરગિજ નહિ, શું એ ફાસિસ્ટો અમારા માલિકો થશે? કદાપિ નહિ. રાઈ રાઈ જેવડા ટુકડા કરી નાખીશું અમારી કુહાડીઓથી. તું અમને દોરવણી આપ, બહેન! અમારે ક્યાં જવું અને શું કરવું?"

ઘણાંઓએ ઘર છોડ્યાં. અનાજ અને બળતણ બાળી મૂક્યું ને જંગલમાં ગયાં. યુવકયુવતીઓ પણ એનાને અનુસર્યાં. ગેરીલા દળોમાં જોડી દેવા એ તેમને જંગલમાં લઈ ગઈ.

"અભિનંદન! દોસ્ત એના!" લશ્કરી વડાએ હૃદયની સચ્ચાઈથી કહ્યું.

"મારાં વખાણ તો કંઈ બહુ વહેલાં થવા માંડ્યાં!" હાથમાં રાયફલ રમાડતી નિર્ભય એનાએ સ્મિત કરતાં કહ્યું.

એ ગામ આગળથી એનાએ ગોળીબારનો પ્રથમ વિધિ કર્યો. એ લડાઈમાં એણે ગોળીઓનો વરસાદ વરસાવ્યો ને અનેક ફાસિસ્ટોને ભૂપીતા કર્યા.

જંગલમાં ગેરીલા યુવકયુવતીઓની એક સભા મળી. છાવણીના તાપણાની ફરતાં જુવાનિયાં બેઠાં. ગેરીલા દળની એક શાખાના સંચાલન માટે તેમને એક મંત્રી ચૂંટવાનો હતો.

"એના શ્યુબ્યેનોકને ચૂંટો, બસ એના જ જોઈએ." ચારે બાજુથી અવાજ આવ્યા.

"ભલે." એનાએ દૃઢતાથી જણાવ્યું. અને એ જંગલમાં અનંતકોટિ તારાઓથી પ્રકાશતા એ નભોમંડળની નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે પ્રતિજ્ઞા કરી. રશિયા અને રશિયનો ખાતર પોતાના યુવાન લોહીનું ટીપેટીપું ને છેલ્લું ટીપું આપી દેશે એવી ગંભીર સોગનવિધિ સાથે તેણે મંત્રીપદ સ્વીકાર્યું.

મક્કમ મનોબળવાળી આ સ્ફૂર્તિમાન છોકરી શત્રુપક્ષની છેવટની છાવણી સુધી ઘૂસી ગઈ ને અગત્યનાં લશ્કરી સાધનો બાળી મૂક્યાં.

જો કે એ ખૂબ થાકી ગઈ હતી ને તારની વાડોના કાંટાથી એનું શરીર ઉઝરડાઈ ગયું હતું, તો ય એ અત્યંત હર્ષ સાથે પાછી ફરી.

"મેં મારું કાર્ય પૂર્ણ કર્યું છે" તેણે લશ્કરી વડાને રિપોર્ટ આપ્યો. એના શ્યુબ્યેનોકની યશગાથા શહેરેશહેરે અને ગામડેગામડે ફરી વળી.

પાણીમાં પડતાં કોણ મેલે છે? ગાઢાં જંગલો વીંધીને લાલ લશ્કર માટે અગત્યના સંદેશાઓ કોણ લાવે છે? એ છે આપણી બહાદુર એના. ગેરીલા દળોની વ્યવસ્થા સંપૂર્ણ બનાવવા રાત-દહાડો ઘોડા પર કોણ આથડે છે? એ જ નિર્ભય એના શ્યુબ્યેનોક. એ ગામઠી રસ્તાઓ ને એ ઝાડીઓવાળા ત્રિભેટાઓ, કોણ સૂઈ જાય છે ત્યાં સામી છાતીએ પેલા જર્મનોની રાહ જોતું? એ જ અદ્ભુત એના શ્યુબ્યેનોક. અને કોણ પડકારે છે પેલાં યુવકયુવતીઓને પિતૃભૂમિ ખાતર પ્રાણાર્પણ કરવા? એ જ ગૌરવાન્વિત એના. ગેરીલા વ્યૂહસંચાલનની સમર્થ મંત્રિણી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ યશસ્વી યુવતીની યશગાથા ગાતાં ગીતો રચાશે. રાજ્યે એ વીર કુમારિકાની કદર કરીને ચંદ્રક આપ્યો "પરાક્રમ માટે." એની સાથે બીજી અનેક યુવતીઓ જોડાઈ ગઈ. બાપાઓ અને ભાઈઓ તો પહેલેથી હતા જ. બેયોનેટ અને હાથથી ફેંકાતા બોમ્બ સાથે તે હળી ગઈ. નકશા અને કંપાસનો ઉપયોગ પણ તેમને આવડી ગયો. યુવાનોની પડખે રહીને આ યુવતીઓએ પૂલો ઉડાડ્યા. જર્મન અફસરોની છાવણીઓ ફૂંકી મારી ને દુશ્મન તંબુઓમાં દાહક રસાયણોથી ભરેલી બાટલીઓ ફેંકી. તેઓ જંગલમાં વસ્યાં, લશ્કરી રસોડાં સંભાળ્યાં, ઘાયલોની સારવાર કરી ને તેમનું મેલું વાળ્યું.

અને એક સાંજ આવી. સૌ રેડિયો પાસે બેઠાં હતાં. મોસ્કોના રેડિયો–સ્ટેશનેથી કંઈક સંભળાઈ રહ્યું હતું. સાંભળનારાં આતુર હતાં; રાજધાનીના રેડિયો પરથી આવતો પ્રત્યેક શબ્દ એ પી રહ્યાં હતાં. અને ઓચિંતા-નું એનાનું મુખ ચમકી ઊઠયું. દૂરદૂરથી આવતા અવાજે જાહેર કર્યું:

"સાંભળો, સૌ શાંતિથી સાંભળો; સોવિયેટ યુનિયન-ના વડા વિમાની બોલે છે. ગેરીલા યુવતી એના શ્યુબ્યે-નોક માટે એમને કંઈક કહેવાનું છે."

ચોગરદમ આશ્ચર્ય ફેલાયું. હર્ષાન્વિત મિત્રોએ એનાને વધાવી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એના! આ તો કંઈક તને જ સંબોધાય છે ને!"

પણ એ તો ક્યારની ય છેક રેડિયો પાસે જઈને ગોઠવાઈ ગઈ હતી. તે શાંત હતી ને બીજાં બધાં પણ શાંત હતાં. ઝાડનું પાંદડું હાલે તો ય ચોખ્ખું સંભળાય એવી એ શાંતિ હતી. વડા વિમાનીની પ્રભાવશાળી વાણી રણકી રહી.

"પ્રિય દોસ્ત એના શ્યુબ્યેનોક! તું મને સાંભળે છે કે? તું જાણે છે આ કોણ બોલે છે તારા તરફ? રશિયાનો રણરખવાળ, વડો વિમાની વિક્ટર ટેલેલીખીન."

"હા હું આપને સાંભળું છું." એનાના મુખમાંથી આપોઆપ શબ્દો સરી પડ્યા. એનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. સારા ય શરીરનું લોહી એના ચહેરા પર તગતગી રહ્યું.

"તેં મને કદી જોયો નથી, મેં પણ તને ક્યાં જોઈ છે? પણ હું છું જુવાન વિમાની ને તું છે જુવાન ગેરીલા કુમારિકા. આપણે એક વાવટા નીચે લડીએ છીએ, એક શત્રુ સામે લડીએ છીએ, ને એટલે આપણે મિત્રો છીએ. મારા તમામ મિત્રોના નામ પર—તમામ સોવિયેટ વિમાનીઓના નામ પર—હું તારી સાથે હસ્તચૂનન કરું છું, એના! હું તને અભિનંદન પાઠવું છું."

એના શરમાઈ ગઈ. એને કંઠે સુખનો ડૂમો આવ્યો. એનું પોતાનું લાલ લશ્કર એનો આભાર માની રહ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધાં એને અભિનંદન આપી રહ્યાં છે. વિમાની વડાનો વાણીપ્રવાહ આગળ ચાલ્યો જાય છે.

"અને માત્ર તારો જ નહિ, પણ સૌ તેજસ્વી ગેરીલાઓનો આભાર માનીએ છીએ, જેઓ જર્મનોનો અંત આણવા લાલ સેનાને મદદ કરી રહ્યા છે અને લાલ લશ્કરના સેનાપતિઓ અને સૈનિકો તમારી ગેરીલા પદ્ધતિને ઘણી રીતે અનુસરી રહ્યા છે.

"પ્રિય ગેરીલા યુવકયુવતીઓ! અમે હરવખત સાંભળીએ છીએ, કે તમે ફાસિસ્ટ ઍરોડ્રોમ બાળી મૂક્યાં છે. જર્મન અફસરોનાં રહેઠાણોને પીંખી નાખ્યાં છે ને સુરંગમાં થઈને હિટલરના તંબુમાં પણ ઘૂસ્યાં છો. અમને હર્ષ થાય છે; અમે તમારા માટે મગરૂર છીએ; અમારી એક જ તમન્ના છે, કે ફટકારો—મારાં બહાદુરો, બસ હજી ય ફટકારો આ ખૂનીઓને!

"એના શ્યુબ્યેનોક! હું જાણું છું, કે તેં સંખ્યાબંધ શત્રુઓને ભૂપીતા કર્યા છે. હું મગરૂર છું તારા માટે. યુવાનો ને યુવતીઓ આજ તારે પગલે ચાલી રહ્યાં છે. પગે ચાલતી કે ઘોડેસવારી કરીને તું ગમે ત્યાં જા, તને સોંપાયેલું લશ્કરી કર્તવ્ય પૂર્ણ કરવા તું જંગલમાં જા, કાદવના મેદાનોમાં જા; પણ યાદ રાખજે, કે મારી છત્રછાયા તારી સાથે જ છે: આ એકના એક તારાઓ આપણા પર પ્રકાશે છે; ને આ એકનું એક રશિયન નભોમંડળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે માથે છે એના! તું મને સાંભળે છે? ખરેખર સાંભળે છે, એના!?"

"હા. સાંભળું છું આપને." એના મોટેથી પોકારી ઊઠી; ને એવામાં ધીમી ચિચિયારી જેવું, આછી સિસોટી જેવું કંઈક ઓચિંતાનું સંભળાયું. એ યુવાન વિમાનીના શબ્દો તે આગળ સમજી શકી નહિ. આ શું? શું બન્યું આ? કેવો વહાલો લાગતો હતો પ્રત્યેક શબ્દ? ત્યાં તો પાછું ફરી શરૂ થયું. વિમાનીના હૂંફાળા શબ્દો ફરી એક વાર સંભળાવા લાગ્યા.

"હવે ફરી મળાય ત્યાંસુધીની સલામ એના શ્યુબ્યેનોક! હું ચોક્કસ માનું છું, કે એ દિવસ જરૂર આવશે, જ્યારે આપણે નજરેનજર મળીશું. આપણી પ્રિય રાજધાની મોસ્કોમાં સોવિયેટ પરિષદ ભરાશે ત્યાં મળીશું ને પરસ્પરને હૂંફ દેતું હસ્તધૂનન કરીશું; પણ કદાચ આ માતૃભૂમિની ખાતર, આ મરવા પડેલી માનવતાની ખાતર આપણે મરવાનાં હોઇએ, તો ય શું? સોવિયેટ યુવકયુવતીઓ આપણને જ્યારે સંભારશે, ત્યારે તેમની જીભ પર આપણા માટે બે સારા શબ્દો જ આવશે. તેઓ કહેશે, કે વિકટર ટેલેલીખીન કંઈ વ્યર્થ નથી ઊડ્યો આકાશમાં, ને આ એના શ્યુબ્યેનોક કંઈ હેતુ વિના નથી સૂતી ધરતીને ખોળે.

"ને હવે, એક જ શબ્દમાં. મારા બખ્તરિયાઓ! કામ કરો, બસ કામ કરો ને શત્રુ પર સ્વાર થાઓ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણ બંધ થયું. એના નાચી ઊઠી. સુખ અને રોમાંચથી તેનાં નેત્રો ચમકી રહ્યાં. માયા મમતા સાથે સૌના હાથ દબાવતાં તે બોલી:

"દોસ્તો ! કેવું સરસ ? જગતના જીવનમાં કેવી મીઠાશ લાગે છે ? અને મને જીવવાનું શું મન થાય છે ! કંઈ ન પૂછો વાત ! જીવન ! જીવન ! ! અહો જીવન ! ! આજ તું આટલું મધુર ? અરે ! પણ મારી ખાતર આ કાળા નાગ જેવા જર્મનો કંઈ ઓછી દયા બતાવવાના હતા તમારા તરફ ! "

"એના ! ચાલ આપણે દુશ્મન પરિસ્થિતિની તપાસ કરવા જઇએ."

કોઈનો અવાજ સંભળાયો ને એના સ્યુબ્યેનોક પોતાની ફરજ પર ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



કેપ્ટન મરચન્ડ્યુ

૩

રાતના આઠ વાગ્યા છે. ફ્રેન્ચ જહાજ 'એસ. એસ. એશિયા'નો કૅપ્ટન એની કૅબિનમાં આરામ લઈ રહ્યો છે. વહાણ સવારે ઊપડવાનું છે. એને થોડાક કલાકની ઊંઘ ખેંચી કાઢવાનો વિચાર થાય છે.

કૅપ્ટન મરચન્ડ્યુ સાચો ફ્રેન્ચ નાગરિક છે. તેત્રીસ-તેત્રીસ વર્ષથી એ દરિયો ડહોળે છે. વહાણમાં પંદરસો મુસલમાનો બેસાડ્યા છે. ઊપડવાનું છે જીદ્દામાંથી અને જવું છે દક્ષિણના રાતા સમુદ્રનાં બંદરો તરફ. બપોર પછીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો આરબ અને સોમાલી ઉતારુઓનાં ટોળેટોળાં વહાણ પર ધમાલ મચાવી રહ્યાં છે. કૉફીના ઘડા ને પેટીઓ ને પટારા લઈ લઈને લોક ચડી રહ્યું છે; બધું તૈયાર છે. નાનકડા વહાણમાં ઘણું બધું ભરી દીધું છે.

કૅપ્ટન મરચન્ડયુને આ મુસલમાન યાત્રાળુઓમાં હવે કંઈ રસ રહ્યો નથી. એક વખત એવો ય હતો, કે જ્યારે એમની હિલચાલમાં ને એમની ભાવનાઓમાં એને બહુ મઝા પડતી; પણ એમને લાવવામાં ને લઈ જવામાં હવે તો વર્ષો વીત્યાં છે. એ રોજના રેંટિયાનું સંગીત હવે એને શુષ્ક લાગે છે.

દરેક વર્ષે આ પ્રસંગ માટે એ પોતાનું વહાણ તૈયાર કરીને રાતા સમુદ્રમાં લઈ આવતો ને મુસલમાન યાત્રાળુ-ઓને જીદ્દા બંદરે પહોંચાડી દેતો. મક્કા મુસલમાનોનું પવિત્રમાં પવિત્ર શહેર. મરતાં જીવતાં એક વાર મક્કે જવાની જેણે ઝંખના નથી કરી, એવો ભાગ્યે કોઈ મુસલમાન મળશે. ગમે તે ભોગે એક વાર મક્કે જવું ને હાજીનું પાક બિરુદ મેળવીને હસતે મોઢે પાછા વળવું એ પ્રત્યેક મુસલમાનની અંતિમ આશા હોય છે. જાતજાતનાં દુઃખ સહી લઈને, ભાતભાતની કરકસરો કરીને, પાઈ–પાઈ બચાવીને આવા જીવો જિંદગીભર તૈયારી કરે છે ને ખુદાના હુકમની રાહ જુએ છે.

મુસ્લિમ મુમુક્ષોઓનાં એ ઝંખના ને એ તલસાટ, એ તપ અને તિતિક્ષા ને એ પ્રેમ અને પરમાનંદ કૅપ્ટન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરચન્ડયુએ સગી આંખે નિહાળ્યાં હતાં. દિવસે આગ વરસાવતો તાપ ને રાતે કાતિલ ઠંડી! પણ જીફ્રા આવે ત્યાં સુધી કોઈ બોલે કે ચાલે. સૌ એક પ્રકારની ઠંડી તાકાતથી આ બધું નભાવી લેતાં.

પછી તો જીફ્રા આવે. તલપાપડ ટોળાં વહાણમાંથી ઊતરે ને આરબ ભોમિયાઓની સાથે મક્કાનો મારગ ઝાલે. જાતરા પૂરી થાય એટલે આ સંઘ પાછો મક્કાથી સાઠ માઈલની મુસાફરી કરીને જીફ્રા આવે. ઊંટે કે ગધેડે ચડીને પૈસાદારો પાછા વળતા. સાધારણ જનો પગપર મુસ્તાક રહેતા. જિંદગી સરળ થઈ ગઈ છે, હવે કંઈ કરવાનું રહેતું નથી. એવી કોઈ દિવ્ય તૃપ્તિ—એવું કોઈ અલૌકિક સુખ એમનાં નેત્રોમાં નાચી રહેતું. કેપ્ટન મરચન્ડયુ વર્ષો થયાં આ જોતો આવતો હતો. એને ય હવે મક્કાનાં આકર્ષણ આવ્યાં હતાં. પણ ત્યાં તો શી રીતે જવાય? મક્કાનાં બારણાં મુસલમાન સિવાય કોઈને માટે ઉઘાડાં નથી.

આ મહાન યાત્રામાં પોતાનો ભાગ ભજવવા કેપ્ટન મરચન્ડયુ પાંચમી એપ્રિલે માર્સેલ્સથી ઊપડયો. આ વરસે એના કાફલામાં છયાસી ખલાસીઓ હતા. પંદરસો ઉતારુઓને જીબુટીથી જીફ્રા સુધીની નવસો માઈલની મુસાફરી તેમણે કરાવી દીધી હતી. અને હવે પાછા ફરતા મુસાફરોની રાહ જોતા આ બિરાદરો રાતા સમુદ્રના બળબળતા હવામાનની મહેમાની માણતા પડ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ સાંજ ! એ ૧૯૩૦ના મેની ૨૧ મીની સાંજ છે. કૅપ્ટન મરચન્ડયુ. એની કૅબિનમાં આરામ લઈ રહ્યા છે. એના વહાણનું વાયરલેસ મશિન કોઈ બીજા યાત્રાળુ જહાજ સાથે સંદેશા ચલાવી રહેલું જણાય છે. ત્યાંથી પ્રશ્ન પુછાય છે: "કંઈ સમાચાર ?"

અહીંથી જવાબ અપાય છે: "ખાસ કંઈ નથી. આભાર."

અને તે પછી હજી પાંચ મિનિટ તો થઈ નથી એટલામાં તો એક ખલાસી કૅપ્ટનની રૂમનાં બારણાં ઠોકી રહ્યો છે.

"સાહેબ, આગ લાગી છે. સેકન્ડ કલાસના એક ડબ્બામાં ઝડપથી ફેલાઈ રહી છે."

નિરાશાની આહ સાથે કૅપ્ટન ઊઠે છે. જૅકેટ ચડાવી લે છે ને પાધરો તૂતક પર આવે છે. મુખ્ય અમલદાર રાહ જુએ છે ને જણાવે છે, કે આગ કાબુની બહાર છે ને વહાણને ભરખી રહી છે.

કૅપ્ટન તૂતકની નીચે જુએ છે. ધુમાડાના ગોટેગોટ ગગને ચડે છે. ઉતારુઓ ભયથી હેબતાઈ ગયા છે. એમાંના ઘણાખરાઓએ તો દરિયાનું મોં જ આ વખતે જોયું છે. આવી આફત કદાચ આવી પડે એનો અર્ધોપર્ધો ખ્યાલ તો તેમને શરૂઆતથી જ હતો, અત્યાર સુધી તો બધું પાંશરું ઊતર્યું હતું; પણ એમની ભયંકર બીક હવે સાચી પડી હતી. બધા તૂતક પર એકઠા થઈ ગયા છે.

ધુમાડાનાં વાદળાં પર વાદળાં આકાશમાં ચડે છે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના તરફ નિરાશ નજર નાખતા સૌ હાંફળાફાંફળા વાતો કરે છે.

"આપણે એ બધાંને હોડીઓમાં ઉતારીને કિનારે પહોંચાડવા પડશે" કેપ્ટને કહ્યું. એ ત્રાસથી કંપી ઊઠ્યો. બંદર તરફનો ભાગ બરાબર સપડાયો હતો. ને એ ઉતારુઓને હોડીઓમાં ઉતારવાની વાત અશક્ય હતી. જે બની રહ્યું હતું તે જોયું જોવાય તેમ નહોતું. એણે કાગળ-પેન્સિલ હાથમાં લીધાં. ઝટઝટ સંદેશો લખી કાઢ્યો.

"આગ ફાટી નીકળી છે, પંદરસો ઉતારુઓ ને છયાસી ખલાસીઓ વહાણમાં છે. હોડીઓ ઉતારવી મુશ્કેલ છે. આજુ-બાજુનાં તમામ વહાણોને હોડીઓ મોકલવા હું અરજ કરું છું." તેણે પોતાના અમલદારને કહ્યું.

"ઉતારુઓને લઈ શકે એટલાં બધાં વહાણ આજુ-બાજુમાં છે. ભયનું કોઈ કારણ નથી."

સૂક્ષ્મદર્શક યંત્ર વડે એ દૂરદૂરનો દરિયાકાંઠો દેખવા લાગ્યો. બંદર નજીક હતું. બારામાં ચાર બ્રિટિશ અને બે ફ્રેન્ચ વહાણો નાંગરેલાં હતાં. કેવું સરસ! હવે મદદ આવી પહોંચવાને કેટલી વાર? પોતાનું બળતું વહાણ-'એસ. એસ. એશિયા' તો બંદરથી માત્ર એક જ માઈલ દૂર હતું. આગની પ્રસરતી જ્વાલાઓને જો એ જરાક કાબુમાં રાખી શકે, તો એક પણ જાનને જોખમ નહોતું. પાણીના પ્રચંડ પટ-વિસ્તાર પર ચોરની ચૂપકીદીથી અંધારું ઊતરતું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોડીઓ ઉતારવામાં આવી એટલે એ અંધારામાં પણ માણસોને આકુળવ્યાકુળ થઈને તૂતક તરફ ધસતાં એ જોઈ શક્યો. મોત કોને વહાલું હોય ?

જ્વાળાઓ તૂતક તરફ ધસી રહી છે, એને શાંત પાડવા ખલાસીઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. ધનુર્ધરના ધનુષ્યપરથી છૂટતા બાણની જેમ કૅપ્ટનના હુકમ પર હુકમ છૂટે છે. બંબાનો બધો ઉપયોગ થઈ રહ્યો છે. પણ એની કશી અસર નથી. એટલા પાણીનો શો હિસાબ ? આભ ફાટ્યું ત્યાં થીગડું શી રીતે દેવાય ? બંબાવાળાઓના હાથમાંથી સૂંઢ પડી જાય છે. મોં પર હાથ ઢાંકીને એ ભરખતી જ્વાળાઓમાંથી એ નાસી છૂટે છે.

મરચન્ડ્યુએ હોડીઓ ઉતારવાનો હુકમ તો ક્યારનો આપી દીધો હતો. પહેલી હોડી તૂતક સુધીની સપાટી પર આવી અને ત્રાસથી ગાંડા બનેલ આરબો એ તરફ ધસ્યા.

"પહેલાં ઓરતો અને બચ્ચાં." ખલાસીઓએ ત્રાડ નાખી, પણ સાંભળે છે કોણ ? સ્ત્રીઓ અને પુરુષો એક બીજા સાથે લડી રહ્યાં. હોડીમાં બેસી જવા માટે પડાપડી ચાલી.

"પાછાં હટો !" કૅપ્ટન ગર્જે છે. હોડી તો ક્યારની ભરાઈ ગઈ છે. કૅપ્ટનની સિંહગર્જના યાત્રાળુઓને સંભળાતી નથી; કારણ કે એ મૃત્યુની ગર્જના સાંભળી રહ્યા છે.

ખલાસીઓ છૂટે હાથે મુક્કાબાજી ચલાવે છે. હોડી તરફ ધસતું ટોળું હજીય અટકતું નથી. પ્રચંડ મુક્કાઓથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બચવા કેટલાક પાછા પડે છે. ટોળું ઘડીભર થંભે છે, ત્યાં તો બીકના માર્યા લોક પાછા ફરી રમણે ચડે છે. ખોબા જેટલા ખલાસીઓ એમને શી રીતે કાબૂમાં રાખે? આશરે એંશી જેટલા સ્ત્રી પુરુષો હોડીમાં ચડી બેઠાં છે. હવે એક પણ જણની જગ્યા નથી.

કૅપ્ટન મરચન્ડયુ એક સેકંડમાં સમજી જાય છે, કે આ સંઘ કાશીએ પહોંચવાનો નથી. હોડી પાણીની સપાટી-એ પહોંચે તે પહેલાં કદાચ ઊંધી વળી જશે; પણ કોને સમજાવાય? સમજાવે કોઈ ઊતરે પણ શેનો? કેટલાકો તો એવા અધીરા બન્યા હતા, કે છરીઓ વડે હોડીનાં દોરડાં કાપવા મંડી પડ્યા હતા.

"હોડી ઉતારો!" કૅપ્ટને ફરમાન ફેંક્યું; ને હોડી ધીરેથી નીચે ઊતરવા લાગી. ઉતારુઓ બીકના માર્યા બૂમાબૂમ અને ચીસાચીસ કરી રહ્યા હતા. સપાટી હજી તો અર્ધે દૂર હતી. હોડીએ ઓચિંતાનો ઝોક લીધો. બધાં જ ઉતારુઓ દરિયામાં ફેંકાઈ ગયાં, ને હોડી તો અદ્ધર અવકાશમાં ઝૂલી રહી!

માણસોનાં માથાં મહાસાગરના જળમાં ડૂબડૂબિયાં લેવા લાગ્યાં. બૂમાબૂમ અને ચીસાચીસથી કોલાહલ મચી રહ્યો. તરતાં તો થોડાને જ આવડતું હતું, ને દુર્ભાગ્યે ત્યાંનો દરિયો શાર્ક માછલીઓથી ઉભરાતો હતો. ડૂબી જતા ઉતારુઓની વચ્ચે આ વિકરાળ રાક્ષસી માછલીઓ ઘૂમા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધૂમ કરી રહી હતી. સમુદ્રનાં ઊંડાં ને અગાધ જળમાં માણસ ને માછલીનો સંગ્રામ ચાલી રહ્યો. એક બૂમ અને એક ગૂમ એ રીતે ચાલવા લાગ્યું; અને કૅપ્ટન મરચન્ડયુ લાચાર બનીને આ જોઈ રહ્યો.

બીજા વહાણોની હોડીઓ હવે તો 'એશિયા' જહાજની આજુબાજુ આવી લાગી હતી. શાર્ક માછલીના મોંમાંથી જે બચી ગયા હતા, એમને ચપોચપ ઉપાડી લઈને વહાણ પર ચડાવી દેવામાં આવ્યા; પણ સૌનાં હાડકાં ખોખરાં તો થયાં જ હતાં.

ને ત્યાં સુધીમાં તો બીજી હોડીઓ ઉતારવા માટે પણ કૅપ્ટન મરચન્ડયુએ ફરમાન કર્યું હતું. ફરીથી આવી ધમાધમી ન થાય–હોડીઓ ખીચોખીચ ભરાઈ ન જાય, એ માટે તેણે ખાસ ધ્યાન રાખવાનું સૂચવ્યું હતું. એના હુકમોનો અમલ થાય, એ માટે મૂઠીભર માણસો વફાદારીપૂર્વકની કોશિશ કરતા હતા; પણ આ બધાનો કશો અર્થ નહોતો. બીજી હોડીની પણ એ જ દશા થઈ. એક આરબે છૂરી ખેંચીને હોડીમાં બેસવા જતા પોતાની આગળના માણસની પીઠમાં હુલાવી દીધી. પેલો ચીસ નાખીને પડ્યો. એની જગ્યા ખૂંતી લેવા જાય તે પહેલાં તો બીજા બે આરબોએ એને ખેંચીને બહાર કાઢ્યો. ઝપાઝપી ચાલી ને એમાં બીજા પણ જોડાયા.

એક બાજુ આ રમખાણ જામી પડ્યું હતું, ને બીજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાજુએ પેલી હોડી ચિકાર ભરાઈ ગઈ હતી. ને એને ઉતારવા જતાં એની પણ એ જ દશા થઈ! બેઠેલાંઓ સૌ દરિયામાં ફેંકાઈ ગયાં. આ કમનસીબો ડૂબી જાય અથવા શાર્ક માછલીનો સસ્તો શિકાર બની જાય, તે પહેલાં એમને બચાવી લેવા માટે વહાણ પર દોડાદોડી થઈ રહી.

વહાણને બચાવવાની બધી આશા હવે મરચન્ડ્યુએ છોડી દીધી. બીજી હોડીઓ ને મછવાઓ હવે આજુબાજુ એકત્ર થઈ રહ્યાં હતાં. એમની મદદ સિવાય બધા ઉતારુઓ-ને બહાર લઈ લેવાનું કાર્ય દેખીતી રીતે જ અશકય હતું.

નીચે યાત્રાળુઓના સમુદાય તરફ એણે નજર નાખી. ખરેખર ધમાચકડી મચી હતી. કોઈ લડતા હતાઃ કોઈ બૂમાબૂમ કરી રહ્યા હતા; તો કેટલાક તો ત્રાસથી ગાંડા બનીને દરિયામાં પડતું મેલતા હતા. કૅપ્ટન જોઈ શક્યો, કે ઉતારુઓમાં પેસી ગયેલી ભયની ભડક મુશ્કેલીમાં વધારો કરી રહી હતી. મૃત્યુની બીક જ મૃત્યુને બોલાવી રહી હતી.

તેણે એન્જિનરૂમમાં તપાસ કરાવી. ત્યાં થોડા માણસો હતા ને એમાં મુખ્ય એન્જિનિયર પણ હતો. કૅપ્ટને એને હુકમ મોકલ્યો: "બધી વરાળ શક્તિનો ઉપયોગ કરો ને વહાણને કાંઠા તરફ હાંકો."

ક્ષણભર શાંતિ પ્રસરી રહી, ને એન્જિન ધબકવા લાગ્યું. વહાણ કિનારા તરફ ચાલવા લાગ્યું ને હોડીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મછવા પાછળ પાછળ ઘસડાવા લાગ્યાં. કૅપ્ટન આતુર નયને આ જોઈ રહ્યો; પણ એ કંઈ વધારે ન ચાલ્યું. એણે ચિરાડો સાંભળ્યો ને વહાણ કંપી રહ્યું.; ધૂંધળા અને ધુમાડિયા વાતાવરણમાં દષ્ટિપાત કરતાં એને સમજાયું, કે વહાણે ખરાબામાં થઈને પોતાનો રસ્તો કાઢ્યો હતો અને હવે ત્યાંજ અટક્યું હતું.

બીજાં વહાણોએ મોકલેલી વધારે હોડીઓ હવે આવી પહોંચી હતી. કોડીબંધ આરબ ખલાસીઓ જીફાથી ઊપડી ચૂકયા હતા. એમની પાસે નાનકડા મછવા હતા, જેમાં બેસીને એ રાતા સમુદ્રમાં ને ઇરાની અખાતમાં મોતી કાઢવા જતા. જે ખરાબામાં આવીને ખૂંચ્યું હતું ને જેની જ્વાલાઓ અંધારા આકાશને અજવાળી રહી હતી એ કમનસીબ 'એસ. એસ. એશિયા'ની આજુબાજુ આ બિરાદરો એકઠા થઈ ગયા.

તૂતક પરની ગરમી હવે અસહ્ય હતી. આગના ભડકા ભયંકર હતા ને અજબ ઝડપે આગળ વધી રહ્યા હતા. આજુબાજુની હોડીઓ ને મછવાઓમાંથી બળતા વહાણ પર દોરડાં નાખી દેવામાં આવ્યાં, ને દોરડાં પકડીને હોડીઓમાં ઊતરી જવા માટે ખલાસીઓ ઉતારુઓને સમજાવવા લાગ્યા. પણ એ તો ઊલટા પાછા ભાગવા લાગ્યા. આ લોકો અત્યંત નિરાશામાં નખાઈ ગયા હતા. જાતને બચાવવાની બધી જ ઇચ્છાશક્તિ ગુમાવી બેઠા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક હોડીમાંના બ્રિટિશ અમલદારે તાળી પાડીને મરચન્ડ્યુને જણાવ્યું: "એમને શાંત રાખો તો અમે સલામતીથી એમને લઈ લઈએ. એમને હવે દોરડાં ઝાલીને ઊતરવાનું કહો તો સારું."

મરચન્ડ્યુએ હકારમાં માથું હલાવ્યું. કેટલાક હુકમો છોડ્યા. ખલાસીઓ હવે બમણા બળે ઉતારુઓને સમજાવવા લાગ્યા, કે છટકવાની આ એક સુંદર તક હતી.

કેટલાંક દોરડાં તરફ આગળ વધ્યાં. નિરાશ થઈને ઊતરવા લાગ્યાં; પણ હવે તો મદદ કરનારા અનેક હાથ એમને ઝીલી લેવા તૈયાર હતા. એમને સંપૂર્ણ સલામતીથી હોડીમાં લઈ લેવામાં આવ્યા.

સલામતી જોઈને સૌને લાગ્યું, કે હવે ઊતરવામાં જ સાર છે. પાછી પડાપડી થવા લાગી. ઉતારુઓએ સર-સામાન હોડીઓમાં ફેંક્યો. ને પછી બધાં સ્ત્રીપુરુષો દોરડાં ઝાલીને હોડીઓમાં ઊતરવા લાગ્યાં.

તાપ એટલો વધી ગયો હતો, કે કેટલાકો તો દોરડાંથી ઊતરવાને બદલે સીધા હોડીઓમાં કૂદી પડ્યા. એ રીતે સેંકડોએ ભૂસકા માર્યા; ને બધાંઓને લઈ લેવામાં આવ્યા.

કેટલાક મુસલમાનોએ તો મોતની કે બચવાની લેશ પણ પરવા ન બતાવી. મક્કા જઈ આવેલ હાજી જ પહેરી શકે એવા ભવ્ય ઝભ્ભા ને લીલી પાઘડીઓ તેમણે પહેરી લીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થનાના કામળાઓ પાથરી દીધા. ઘૂંટણીએ પડ્યા ને કુરાનના પવિત્ર શબ્દો વડે ખુદાની નમાજ પઢવા લાગ્યા. મૃત્યુ પાસે ને પાસે આવી રહ્યું હતું; પણ એમને પરવા ક્યાં હતી?

"અલ્લા મહાન છે!"

"અલ્લા સિવાય બીજો ઈશ્વર નથી, અને મહંમદ તેનો પયગંબર છે."

"અલ્લા દયાળુ છે."

કેટલાક ખલાસીઓ એમને ઊતરવાનો આગ્રહ કરવા લાગ્યા.

"જે નસીબમાં હશે તે થશે." જવાબ મળ્યો. કેટલાકોએ પ્રાર્થના ચાલુ રાખી; ને બીજાઓ બાજુમાં ઝૂલતાં દોરડાં ઝાલીને ઊતરવા લાગ્યા.

પાછળથી આ વિપત્તિની વાતો કરતાં કૅપ્ટન મરચન્ડ્યુએ કબૂલ્યું હતું, કે આ પ્રાર્થનાનો પ્રસંગ એ ખરેખર એક અદ્‌ભુત શૌર્યભર્યો પ્રસંગ હતો. પણ એ બધું ધારી ધારીને જોવાની નિરાંત એને ક્યાં હતી? એ રાતે એવા તો કંઈક બનાવો બની ગયા ને કોઈની આંખનો અણસારો ય પામ્યા નહિ. ને એમાંના ઘણાખરા તો કૅપ્ટને પોતાના ખલાસીઓમાં પ્રેરેલી ઠંડી તાકાતને આભારી હતા. આગ હવે એની નજીક આવી રહી હતી. તો ય એણે ખલાસીઓને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાનો ચડાવે રાખ્યો ને પોતાની સલામતીનો વિચાર સરખો પણ ન કર્યો.

બચાવનું કામ ચાલી રહ્યું હતું. એ દરમિયાન કેટલાક મછવાવાળા આરબો તો એમની ઝિંદાદિલીથી અમર થઈ ગયા. એમનામાંનો એક અબ્દુલમલિક કરીને હતો.

મછવા સાથે એ જ્યાં આવી પહોંચ્યો ત્યારે "એશિયા" જહાજ ભડકે બળતું હતું. બીકના માર્યા ઉતારુઓ ટાઢાબોળ થઈ ગયા હતા. હચમચતા કૂવાથંભ આગળથી એણે બચાવનું કામ ચાલુ કરી દીધું.

ઘણા યાત્રીઓ તો મછવામાં કૂદી પડતાં બીતા હતા. એટલે અબ્દુલમલિક જાતે વહાણ પર ચડી ગયો. સ્ત્રીઓ, છોકરાં ને અશક્ત વૃદ્ધોને એણે સાથે રહીને ઉતાર્યાં; ને મછવો ભરાઈ ગયો એટલે બારા તરફ ઊપડી ગયો. એવી રીતે એ ત્રણ વાર આવ્યો ને ગયો, ને ચોથીવાર આવ્યો તે પહેલાં તો દોઢસો જીવ તો એણે બચાવી લીધા હતા.

બચાવવાનું કામ ચાલુ જ રહ્યું. થાકીને લોથ થઈ ગયેલા ખલાસીઓ કાયાના કટકા કરીને હજી ય ફરજને ઇન્સાફ આપી રહ્યા હતા. ફ્રેન્ચ ખલાસીઓએ જીવને જોખમે સ્ત્રીઓ ને બાળકોને હાથ ઝાલી ઝાલીને દોરડાં મારફતે હોડીઓમાં ઉતારી દીધાં.

એમની ધારેલી ધન્ય ઘડી છેવટે આવી. છેવટે એ કેપ્ટનને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી શક્યા, કે હવે તેમનું—ખલાસીઓનું કામ ખલાસ થયું હતું. વહાણ પર માણસથી તો હવે ટકાય તેમ હતું જ નહિ. જાન બચાવવો જ હોય, તો હવે માત્ર ઘડી બે ઘડીનો સવાલ હતો. આગ અને ધુમાડાએ માઝા મૂકી હતી.

અને એ મૃત્યુના તાપની વચ્ચે જીવનની ઠંડક પાથરતો કૅપ્ટન મરચન્ડ્યુનો અવાજ ગાજી રહ્યો:

"આભાર, બિરાદરો! તમારી ફરજ પૂરી થઈ છે. હવે તમારી જાતને બચાવી લ્યો."

અને ખલાસીઓ તો સમુદ્રના છોકરા! એમને ઊતરતાં કેટલી વાર? દોરડાં આગળ ભીડ થઈ રહી; પણ કોઈએ આગળ જવા માટે ધમાચકડી કરી નહિ. દરેક સેકંડે મોત પાસે આવતું હતું, પણ કોઈએ શિસ્ત છોડી નહિ. પૂરે-પૂરી શાંતિ, સાવધાની ને સફાઈથી આ સાગરના સાવજો એક પછી એક સપાટાબંધ હોડીઓમાં ઊતરી પડ્યા.

કેટલાકોએ તો શાર્કમાછલીઓનાં જોખમને પણ ધોઈ પીધું. સીધા દરિયામાં કૂદી પડ્યા ને તરી તરીને હોડી કે મછવો જે ધક્કે ચડ્યું તેમાં ચડી બેઠા. મુખ્ય એન્જિનિ-યરના હાથ તો બળીને બાવટો થઈ ગયા હતા; તો ય એણે તો પાણીમાં પડતું મેલ્યું ને એવા હાથે તરતો તરતો હોડીમાં જઈ પહોંચ્યો.

ત્યારે હવે વહાણ પર કોણ બાકી છે? કોઈ નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરેખર કોઈ નહિ, માત્ર કૅપ્ટન મરચન્ડ્યુ–એકલો અને અડગ. સમુદ્રની વચ્ચે સમુદ્ર શો ગંભીર, પહાડ શો સ્થિર ને અગ્નિની વચ્ચે અગ્નિ શો તેજસ્વી–કાળને પડકારતો કૅપ્ટન ઊભો છે.

ઘડિયાળના કાંટા પર નિગાહ કરવાની હવે એને નિરાંત મળી છે. મધરાત તો ક્યારની વીતી ગઈ છે. આગ લાગે ચાર કલાક વીતી ગયા છે, ને એ ચાર કલાકમાં તો એણે ચાર યુગ જોઈ લીધા છે. જિગરને ઝણઝણાવતી, પહાડોને કંપાવતી ને ઘડીકમાં "વાહ" તો ઘડીકમાં "આહ" કહેવરાવી ઝિંદાદિલીનાં અનેક દશ્યો એ ચાર કલાકના ચલચિત્રમાં એણે જોઈ લીધાં છે. એનું કાર્ય હવે પૂર્ણ થયું છે. બધાં જ ઉતારુઓ ઊતરી ગયા ત્યાં સુધી જીવનની માયા ઉતારીને એ હતો ત્યાંનો ત્યાં ઊભો છે. મહાસાગરની મહાન પ્રણાલિકા, સાગરનો સર્જનજૂનો સંપ્રદાય ને રત્નાકરનો રત્નસમો આદર્શ તેણે સાચવ્યો છે. જાતને બચાવવાનો હક જો તેને હોય તો તે હવે છે.

વહાણનાં અગત્યનાં કાગળિયાં તેણે હાથમાં લીધાં. ધુમાડાએ એની આંખોને ધૂંધવી નાખી. ગરમીએ એના હાથને નકામા કરી નાખ્યા; ને તો ય સાગરના સાવજને શોભાવતા શૌર્યથી એ પાણીમાં પડ્યો ને બળેલા હાથે કાગળિયાંને સાચવતો ને કૅપ્ટનને છાજતા કૌશલ્યથી તરવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બ્રિટિશ વહાણની હોડીએ એને તરત અંદર લઈ લીધો. હોડી પોતાના વહાણ તરફ સડસડાટ ચાલી જાય છે. જ્યારે એમાં ઊભેલો કૅપ્ટન મરચન્ડયુ હજી ય પોતાના વહાણ તરફ—'એસ. એસ. એશિયા' તરફ છેલ્લી મીટ માંડી રહ્યો છે. અગ્નિની જ્વાળાઓ આકાશને વીંધી રહી છે. ભારે હૃદયે કૅપ્ટન પૂંઠ ફેરવે છે. હોડી બ્રિટિશ વહાણે પહોંચી જાય છે. પોતાને પહોંચાડેલી ઉતાવળી ને ઉત્તમ મદદ બદલ કૅપ્ટન મરચન્ડયુ બ્રિટિશ કૅપ્ટનનો આભાર માને છે.

બળતા વહાણને એના નસીબ પર છોડીને બધી જ હોડીઓ ને મછવાઓ હવે તો કાંઠા તરફ ચાલ્યાં ગયાં છે, તો ય એક બે હોડીઓ હજી આજુબાજુ બારીકાઈથી તપાસ રાખતી ફરે છે. કદાચ કોઈ નસીબદાર શાર્ક માછલીના મોંમાંથી બચ્યો હોય, કદાચ કોઈ ડૂબતો જન તણખલાને પકડવા હજી ય બાથોડિયાં મારી રહ્યો હોય, તો એને લઈ લેવાય.

એવામાં એક બ્રિટિશ હોડીમાં બેઠેલા બે યુવાન અંગ્રેજ અમલદારોએ ઓચિંતાની એક મોટી ચીસ સાંભળી. તપાસ કરવા માટે આ અમલદારોએ હોડીને વહાણની નજીક લીધી. ગભરાયેલા આરબોનું ટોળું મદદ માટે પોકાર પાડી રહ્યું હતું. એમણે આરબોને દરિયામાં કૂદી પડવાનું કહ્યું; પણ એ લોકોએ કાં તો સાંભળ્યું નહિ, કે કાં તો એ ખૂબ ગભરાયેલા હતા. અરબી ભાષામાં એમણે બૂમો પાડવાની ચાલુ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી. બન્ને અંગ્રેજ અમલદારોએ જરાક મસલત કરી લીધી. હિંમતપૂર્વક હોડીને વહાણની છેક પાસે લઈ ગયા. એક લટકતું દોરડું પકડ્યું ને ધીરેથી વહાણની ઉપર ચડ્યા.

ધુમાડો ને ગરમી પળ વાર પણ ટકવા દે એવાં ન હતાં. મહામુશ્કેલીએ એ આરબોને આટલું કહી શક્યા: "દરિયામાં કૂદી પડો"; પણ પેલા માનતા જ નથી.

"એમ તો એ નહિ પડે. આપણે એમને દોરડાં મારફતે જ હોડીમાં ઉતારી લઈએ" બેમાંના એક જણે સૂચવ્યું; અને એ રીતે એક પછી એક આરબને હોડીમાં લઈ લેવામાં આવ્યા. એ છેલ્લી હોડી એના વહાણ તરફ ઊપડી ગઈ ને માત્ર ઉપરનાં આભ ને નીચેનાં પાણી બળતા "એશિયા"ને આશ્વાસન આપી રહ્યાં.

છેવટે સૂર્ય ઊગ્યો. વહાણ તો હજી ય ધીખતું હતું. ધુમાડાનાં ધાડાં વાદળાં દરિયા પર આળોટતાં હતાં. ડઝન બંધ માણસો ત્યાં ડૂબ્યા હતા કે જીવતા બળી ગયા હતા. ત્રણ દિવસ પછી જ વહાણ પોતાની મેળે ટાઢું પડી ગયું; ને ખરાબામાં માત્ર બળીને કોલસો થઈ ગયેલા એના ભગ્ન અવશેષો પડી રહ્યા.

બચાવેલા બધા ઉતારુઓ જીદ્દા પહોંચી ગયા. આરબ પોલીસોએ તપાસણી શરૂ કરી. દરેકની હાજરી લેવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી. છયાસી ખલાસીઓ સલામત હતા. એકસો ને બાર ઉતારુઓનો પત્તો ન હતો.

એ ઘોર વિપત્તિમાં, એ કારમા કલાકોમાં એક અદ્ભુત કિસ્સો બની ગયો હતો. એક આરબે એ કરી બતાવ્યો. આગ જ્યારે પૂરજોશમાં હતી ત્યારે નીચેના તૂતક પરનાં પચાસેક સ્ત્રી–પુરુષોએ લોઢાની નીસરણી પર ચડીને ઉપરના તૂતક પર નાસી આવવા માટે પ્રયત્ન કર્યો હતો. પણ ગરમીએ એમને પાછા હાંકી કાઢ્યા હતા. ધુમાડાએ એમની આંખો પૂરી દીધી ને શ્વાસ રૂંધી લીધો. પરિસ્થિતિનો કયાસ તેમણે પલકમાં કાઢી લીધો. બચાવનો કોઈ ઉપાય હતો નહિ. જીવતા બળવાનું એમના નસીબે લખાયેલું હતું, પણ એમને મૃત્યુની બીક ન હતી. એ તો પૂર્વવાસીઓ હતા; અને પૂર્વવાસીઓ તો આત્માની અમરતાને માને છે–મોક્ષને માટે પ્રભુને ભજે છે, જિંદગીને માટે નહિ; અને આ ભવ્ય શ્રદ્ધા સાથે તેમણે છૂરીઓ ખેંચીને ખુદાનું નામ લઈને પોતાનાં ગળાં કાપી નાખ્યાં. એમનાં શબ ઢગલો થઈને ત્યાં પડ્યાં પણ આ તો પુણ્ય કરવા જતાં પાપ થયું. એમનાં મડદાં– એ જ બીજાં જીવતાંઓને મડદાં બનાવી દીધાં.

બન્યું એવું કે પાસે જ વહાણનું રસોડું હતું. એમાં યાત્રીઓ ભરાયેલા હતા. મક્કા તરફ એમનાં મુખ હતાં. ખુદાનું નામ એ છેલ્લી વાર લેતા હતા. મૃત્યુના ભયને એમણે ભગાડ્યો હતો; પણ એય છેવટે તો મનુષ્યો હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની સહનશક્તિને હદ હતી. ગરમી એટલી બધી વધી ગઈ, કે એમને નાસવું પડ્યું. પણ નાસે શી રીતે? એમના રસ્તામાં મડદાંનો ઢગલો પડ્યો હતો. મડદાં ખસેડવા માટે એ લોકો મરણિયા થઈને મચ્યા; પણ ધુમાડાએ એમની મહેનત પર ધૂળ ફેરવી. એમનો શ્વાસ રુંધાઈ ગયો. એક પછી એક મરતા ગયા ને ઢગલામાં ઉમેરો કરતા ગયા. માંડ એક-બે જણ છટકી શક્યા.

જીફ઼ાના ગવર્નરે હવે આ બાબતમાં તપાસ શરૂ કરી. કેપ્ટન મરચન્ડયુ અને એના ખલાસીઓને એ સંબંધી અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા, પણ આગ શી રીતે લાગી હતી, એનો જવાબ કોઈ પાસે હતો નહિ. તપાસ પૂરી થઈ ને અંતે જે બહાદુર નરોએ મોતને મૂઠીમાં રાખીને યાત્રાળુઓને બચાવી લીધા હતા ને મહાસાગરની મહાન પ્રણાલિકા સાચવી હતી એમને અભિનંદન આપવામાં આવ્યાં.

"એશિયા" ની વાત આજે ય જીફ઼ાવાસીઓના હોઠપર એક રોમાંચક યાદ થઈને રમે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

માનવચેતના અદમ્ય ને અજિત છે. કાળા માથાના માનવીની મહત્ત્વાકાંક્ષાને મર્યાદા નથી. વામન માનવી વિરાટ થતો ચાલ્યો છે. આવતી કાલે એ ખુદ ઈશ્વરને ય "આવી જા" કહીને પડકારે તો નવાઈ નહિ !

સ્થળકાળની બેડીઓને વિજ્ઞાને ક્યારની તોડીફોડીને ફેંકી દીધી છે. જવલ્લે હવે આપણે એવું વર્ષ જોઈએ છીએ, કે જ્યારે સૃષ્ટાના આ સર્જનમણિએ કંઈક અદ્ભુત–કંઈક અવનવું–ન કરી બતાવ્યું હોય. જળમાં ને સ્થળમાં, આકાશ-માં ને પાતાળમાં સનસનાટીઓની પરંપરા અજબ ઝડપે ચાલી રહી છે. કેટલીક વાર તો દુનિયા જાણે અદ્ભુત રસમાં ડુબાડૂબ ન હોય એવું લાગી જાય છે. અને આવા કોલા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલમાં બધાં આશ્ચર્યોનું આશ્ચર્ય, સહુ અદ્‌ભુતોનું અદ્‌ભુત કોને કહેવું એ પણ એક રમણીય મૂંઝવણનો જ વિષય છે. તો ય સાહસ ખાતર જ સાહસની વાત કરીએ, તો એક બનાવ પર આંગળી મૂકી શકાય તેમ છે; અને એ છે એક ભવ્ય આકાશી ઉડ્ડયન. વિલી પોસ્ટ અને હેરલ્ડ ગેટીએ માત્ર નવ દિવસમાં કરેલી પૃથ્વીની પરકમ્મા.

ઈ. સ. ૧૯૩૧ ના મેના છેલ્લા અઠવાડિયામાં જગતે એમની તૈયારીના સમાચાર સાંભળ્યા. આ કાને સાંભળ્યા ને પેલે કાને કાઢી નાખ્યા! ગમે તેવી પણ તૈયારી જ ને! તૈયારીને હવે આજની દુનિયા દાદ આપે છે ખરી? જરા ય નહિ. આજના જગતને હવે પરવા છે પૂર્ણાહુતિની—અજબ અને અભૂતપૂર્વ પરિણામની, તૈયારીની નહિ.

તો ય જ્યારે અમેરિકન પ્રેસે જાહેરાત કરી, કે આ બન્ને સાહસિકો જુનના પહેલા અઠવાડિયામાં ન્યુફાઉન્ડ-લેન્ડમાંથી ઊપડવાની આશા રાખતા હતા ત્યારે જગત-ભરનાં તારનાં દોરડાં રણઝણી રહ્યાં. આ બધું શું હતું? કયો માર્ગ વિમાનીઓ લેવાના હતા? એમની યોજનાઓ શી હતી? કેટલા વખતમાં આ આકાશયાત્રા પૂરી થવાની એમની ધારણા હતી? માત્ર થોડા જ કલાકમાં જગતને ખૂણેખૂણે આ સમાચારનું મોજું ફરી વળ્યું! કોઈએ તો કહ્યું, કે માત્ર સાત દિવસમાં વિલીનું વિમાન જગતની આજુબાજુ ફરી વળે તો નવાઈ નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવા મામલામાં ઢીલ થવાનો સંભવ નવ્વાણું ટકા ખરો જ. એવું અહીં પણ બન્યું. બધા સંજોગોની અનુકૂળતા જોતાંજોતાં જ ૨૨ મી જુન તો આવી પહોંચી. આખરે ત્રેવીસમી જુનના સવારમાં સફેદ આસમાની રંગનું મોટું વિમાન ઍરોડ્રોમ પર લાવવામાં આવ્યું અને વિમાનીઓને વહાલભરી વિદાય આપવા લોકોનાં ટોળેટોળાં જમા થઈ ગયાં.

ત્યાં તો રમણે ચડેલો માનવમહાસાગર પળભર થંભી ગયો. એન્જિનમાં પ્રાણ પૂરાયો ને ખંજરો સમી અગ્નિજ્વાલાઓ ભભૂકી રહી. ચાર હજાર હોર્સપાવરના એન્જિનની ગર્જના શાંત અને સ્તબ્ધ વાતાવરણને વીંધીને ગગનમાં ગાજી રહી. ફોટોગ્રાફરોના કૅમેરા ચમકી રહ્યા. હજારો હાથની સલામી ઝીલતું વિમાન ધીરે ધીરે પાંખો ફફડાવવા લાગ્યું. ગતિ વધતી ગઈ અને મહાકાય વિમાન છેવટે હવાનો કણ માત્ર બની રહ્યું. ટોળાંએ એક છેલ્લો જયનાદ કર્યો ને વિમાનીઓ અદૃશ્ય થઈ ગયા.

બન્ને જણ ઉસ્તાદ વિમાનીઓ હતા. કોઈ પણ અણધારી મુશ્કેલીને પહોંચી વળે એવા હતા. અને આ બાબતમાં શંકા રાખવાનું કોઈને કારણ નહોતું. બન્ને જણે પોતાની યોજનાઓ વિચારવા પાછળ આખું વર્ષ કાઢયું હતું. વિલીએ જાતે જાહેર કર્યું હતું, કે એના વિમાનનું એન્જિન બધી રીતે બિનહરીફ હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને વિલીએ કંઈ સાહસના નશામાં આ ગપ્પું નહોતું માર્યું. એનો અભિપ્રાય એ એક વજનદાર વિમાનીનો અભિપ્રાય હતો. થોડા જ કલાકમાં કૅપરેઇસની ઈશાને એકસો ને વીસ માઈલ દૂર પડેલા એક વહાણના વાયરલેસ મશિન પર એમના વિમાનનો સંદેશો ઝિલાયો ને જાહેર થયો, કે એમની કૂચ અજબ ઝડપે આગળ વધી રહી હતી. સવારના ૧૧–૪૮ કલાકે તો એ હાર્બર ગ્રેસ, ન્યુફાઉન્ડલેન્ડ આવી પહોંચ્યા હતા. આખી મુસાફરીના પહેલા અગિયારસો માઈલ તો નહિ જેવા સમયમાં તેમણે કાપી નાખ્યા હતા.

હવે સાંજનો સમય છે. ઘડિયાળ ત્રણને અઠ્ઠાવીસ બતાવે છે. ન્યુયૉર્ક છોડે લગભગ અગિયાર કલાક પૂરા થવા આવ્યા છે. ઍટલેન્ટિક મહાસાગરના અગાધ જલ પર થઈને વિમાન યુરોપ તરફ ઊડી રહ્યું છે. જર્મનીમાં બર્લિનવાસીઓએ પણ આ સમાચાર ભારે ઉત્સાહથી સાંભળ્યા હતા. વિમાનીઓ બર્લિનમાં ઊતરે પણ ખરા એવી આશા રખાતી હતી. બ્રિટિશ વાયુચક્રખાતાએ તો આગળની મુસાફરીમાં 'સબસલામતી'ની આગાહી પણ કરી હતી.

આખી રાત ઍટલેન્ટિક મહાસાગર શાંત રહ્યો હતો. આજ તો આખી રાત એના તરંગોએ વિમાનીઓનો વિજય ઇચ્છતી એકધારી, ધીરી મંગળ કરતાલ બજાવી હતી. પોતાની વિશાળ છાતી પર થઈને ઊડી રહેલાં બે માનવરત્નોને આજ તો રત્નાકરે પિતાના વાત્સલ્યથી નિહાળ્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં. જો કે આયર્લૅન્ડને કિનારે પ્રસંગોપાત વરસાદ ચાલુ રહ્યો હતો, તોપણ વિમાની માર્ગ સમજવા પૂરતું તો વાતાવરણ સ્વચ્છ હતું જ.

ઉપર આભ ને નીચે ઍટલેન્ટિકનાં અપરંપાર પાણી. ને એમ ને એમ તો સેંકડો માઈલ કપાઈ ગયા હતા. જમીનનું મોં તો દેવને યે દુર્લભ હતું. આખરે ઍટલેન્ટિક મહાસાગરે એમનો કેડો છોડ્યો. ધરતીનાં બાળકોએ ધરતીનું મોં જોયું. ને બર્લિન સત્તાવાળાઓએ ઍરોડ્રોમ પર ખબર આપી કે જગતયાત્રીઓ કદાચ બીજે દિવસે ત્યાં આવી પહોંચશે. ઊભાઊભ સત્કારની તડામાર તૈયારીઓ કરવામાં આવી. બધાં રાહ જોઈજોઈ ને થાકયાં. કોઈ આવે કે જાય!

કોઈ આવ્યું નહિ. કાંઈ બન્યું નહિ. દુનિયા દંગ થઈ ગઈ. સમાચાર સંભળાયા, કે વિમાન તો ઇંગ્લેન્ડના ચેસ્ટર પરગણાના "સિલેન્ડ ઍરોડ્રોમ" પર જઈ ચડ્યું હતું!

ચકિત થઈ ગયેલા લોક ઊતરતા વિમાનીઓને મળવા દોડયા. "આ તે ઇંગ્લેન્ડ છે કે સ્કૉટલેન્ડ કે વેલ્સ?" વિમાનમાંથી ઊતરતો વિલી લોકોને પૂછે છે.

"ખરેખર અમે હમણાં જ ઍટલેન્ટિક પરથી ઊડીને આવીએ છીએ!"

લોકોનું આશ્ચર્ય એના આ શબ્દોથી વધી જાય છે. પણ એનો ખુલાસો કરતાં બન્ને વિમાનીઓ જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જરાક ભૂલા પડચા હતા. ઍટલેન્ટિક ઓળંગતાં છેલ્લે છેલ્લે એક નાનકડું તોફાન નડ્યું હતું; પણ પરોઢિયે તો કિનારાની પટ્ટી જોઈ હતી.

અને એ પટ્ટી એ બીજું કશું નહિ, પણ આયર્લૅન્ડનો પશ્ચિમ ભાગ હતો. આઇરિશ સમુદ્ર ઓળંગીને જ એ ઇંગ્લેન્ડમાં આવી પહોંચ્યા હતા. વિમાને તો "વાહ!" કહેવડાવે એવું કામ આપ્યું હતું. બન્ને જણે સુંદર ખાણું લીધું. માર્ગના ને હવામાનના નકશા તરફ એક ઊડતી નિગાહ નાખી લીધી. ને પાછા ઊપડવા માટે તલપાપડ થઈ ગયા.

આજુબાજુનાં ગામડાંના લોક તો થોકેથોક ઊમટ્યા હતા. ગગનભેદી હર્ષનાદો વચ્ચે વિમાન ઊપડ્યું ને જોત-જોતામાં અલોપ થઈ ગયું. હવે બર્લિન વહેલું આવે!

ઍટલેન્ટિક ઓળંગવામાં એમને સોળ કલાક ને સત્તર મિનિટ લાગી હતી. ૨૪મી જુનને દિવસે બરાબર બાર ને પિસ્તાલીસ મિનિટે એ જર્મનીમાં હૅનોવર આગળ આવી પહોંચ્યા. પાંચ જ મિનિટમાં પાછા ઊડ્યા ને તરત જ ઓચિંતાનું પેટ્રોલ લેવા ઊતરવું પડયું. સાંજના બરાબર સાડાત્રણે બર્લિન ટેમ્પલહોફ ઍરોડ્રોમ છેવટે આવ્યું ખરું. ન્યુયૉર્ક છોડચે છત્રીસ કલાક થઈ ગયા હતા.

ઍટલેન્ટિક પરના ઉડ્ડયનની આખી વાત તો તેમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં જ કહી; અને ત્યારે જ સમજાયું, કે માત્ર ઈશ્વરની કૃપાથી જ આ બિરાદરો બચી ગયા હતા. ત્રણ કલાક સુધી તો વાતાવરણ એટલું બધું ખરાબ હતું, કે એન્જિન પણ જોઈ શકાતું નહોતું. વાદળના ગાઢ થરો વચ્ચે નસીબજોગે વળી થોડી ખાલી જગ્યા એમને જડી ગઈ, ને એમાંથી એ જોઈ શક્યા, કે નીચે તો પાણી નહિ પણ જમીન હતી; એ હતો—વેલ્સ ગ્રેટબ્રિટનના ત્રણ ટાપુઓમાંનો એક.

રાત્રિના બે ને અઠ્ઠાવીસ મિનિટે તેમણે બર્લિન છોડ્યું ને વિમાનને મૉસ્કો તરફ મારી મૂક્યું. એક વિખ્યાત જર્મન કંપનીના વિમાનીઓએ એમને ચોક્કસ નકશાઓ દોરી આપ્યા. ને એ રીતે જગતના આ મહાન સાહસિકોને બનતી મદદ કરવા બધું કરી છૂટ્યા. લાગલાગટ નવ કલાક સુધી હવાઈઘોડી પર સવારી કર્યા પછી જ મૉસ્કો આવ્યું. ગમે તેમ કહો, પણ અહીં લોકોની લગીરે ધમાલ ન હતી.

અને વિમાનીઓને તો આ બધું ગમતું આવ્યું. એમને તો લાગ્યું, કે 'ભલું થયું ભાંગી જંજાળ; સુખે ભજીશું શ્રી ગોપાળ;' કારણ કે ધમાચકડીથી એ થાક્યા હતા અને એ નવ કલાકની મુસાફરીએ પણ એમને ખબર પાડી દીધી હતી. ત્યાંસુધીમાં તો એમની પ્રગતિની કે અધોગતિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાંઈ પણ ખબર બહાર આવી નહોતી. ગેટીએ કહ્યું, કે રેડીઓને અડકવાનો પોતાને વખત જ નહોતો, પણ મૉસ્કો છોડ્યા પછી તો બેશક એમના ઉડ્ડયનની રજેરજ વિગતો દુનિયાનાં છાપાંમાં મોટે મથાળે છપાતી હતી.

આખી રાત ગુલાબી નિદ્રા લીધી. પરોઢિયે ઊઠ્યા. કેટલાક નવા નકશા ને પોણા ત્રણસો ગૅલન પેટ્રોલ સાથમાં લઈ લીધાં. શુકનિયાળ વિમાન પૂર્વ તરફ ઊડી રહ્યું. પચીસમી જુનની સવારમાં બરાબર સાત ને પાંચ મિનિટે સાઈબીરિયામાં ઓમસ્ક આગળ થઈને પસાર થયા. તરત જ સાડાનવે નોવોસિબિરિસ્ક આવીને ધામા નાખ્યા. સાઇબીરિયાની છેવટની મુસાફરી ખરેખર ખતરનાક હતી. અડાબીડ જંગલો ને પર્વતોથી ખીચોખીચ ભરેલા સેંકડો માઈલ લાંબા પહોળા પ્રદેશો ઉપર થઇને એકધારું ઊડવાનું હતું. ન કરે નારાયણ ને જો મશીન બગડે અને નીચે ઊતરવું પડે તો જોઈ લ્યો મઝા! એવા તો ભૂલા પડે, કે દિવસોના દિવસો સુધી જેનો આદિ ને અંત જણાતો નથી, એવા એ જંગલોમાં ફાંફાં માર્યા જ કરે!

નોવોસિબિરિસ્કમાં આપણા પ્રવાસીઓએ નિરાંતે આખો દિવસ આરામ કર્યો. સાઈબીરિયાની સાંજ માણી લીધી. પોણા સાતે પાછા કેડ બાંધીને ઊપડ્યા. બપોરના બારને પંચાવન મિનિટે ઇર્કોટસ્ક આવ્યું. પૃથ્વીની અધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરકમ્મા અહીં પૂરી થઈ. ઘેરથી નીકળે આજ માત્ર ચાર જ દિવસ થયા હતા. પણ હજી તો અર્ધો પંથ આંખો આગળ પડ્યો હતો. વિમાનીઓનું દિલ્હી હજુ ખરેખર દૂર હતું. વખત ગુમાવે તો સોદો વાયદો પડી જાય એમ હતું; એટલે એમણે તો ઢીધે જ રાખ્યું! રાતના અઢી વાગ્યે ઊઠ્યા ને છ કલાકની સતત મુસાફરી પછી બ્લેગો-વેટ્સચિન્સ્ક પહોંચી ગયા.

ખાબારોસ્ક તો અહીંથી હજી સાડા ત્રણસો માઈલ પડ્યું હતું. 'સાઈબીરિયન પોસ્ટે' એક નાનો શો સંદેશો પ્રસિદ્ધ કર્યો, કે વિલી ને ગેટીનું વિમાન સાડાદસ વાગે ખાબારોસ્ક જવા ઊપડી જશે અને ત્યાંથી પેટ્રોલ લઈને નોવ તરફ મારી મૂકશે.

નોવ આગળ ઊતરતાં વિમાનને પહેલો અકસ્માત નડ્યો. પૈડાં કાદવમાં ચોંટી ગયાં. ઘણી ય મથામણ કરી, પણ વિમાન તો કાઢ્યું નીકળે જ નહિ. અનેક મદદગારોને મોઢે ફીણ આવ્યું, ત્યારે મહાપરાણે એ આકાશવિહારી કમળને કાદવે રજા આપી. સદ્‌ભાગ્યે વિમાનને તો ઈજા ય નહોતી આવી. નુકસાન એક જ હતું; અને તે એ, કે કાદવની હઠે કેટલાક-અમૂલ્ય કલાકો બગાડી માર્યા હતા.

માગ્યો આરામ આળસુઓને જ મળે છે. મીઠી ઊંઘ અને મહત્ત્વાકાંક્ષા એક હૈયામાં માગ મેળવી શકતાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા પ્રવાસીઓ હવે એશિયાની સરહદો કાજે અધીરા બન્યા હતા. આખી મુસાફરી પંદરહજાર માઈલના ઉડ્ડયન-ની હતી; તેમાંથી નવ હજાર માઈલ તો અહીં આગળ ખતમ થઈ ગયા હતા.

ગર્જના કરતું વિમાન આકાશે ચડ્યું ને તરત જ જગતે બીજો સંદેશો જાણ્યો:

"વિલી અને ગેટી આગળ ધપે જાય છે. સાઈબીરિયાનાં જંગલો ઓળંગીને પૂર્વમાં નોમ તરફ ઊડી રહ્યા છે."

અઢી વાગે ખાબારોસ્ક આવ્યું. પેટ્રોલની પંચાત અહીં પણ કરવાની હતી, તે કરી લીધી અને એકદમ અલાસ્કા તરફ ઊડ્યા. અહીંથી પણ એમની પ્રગતિ સૂચવતો એક સંદેશો બહાર પડ્યો હતો. બેરિંગના દરિયાકાંઠે ચાર હોડીઓ ચોકીપહેરા ભરી રહી હતી. વિમાનમાંથી એક સંદેશો એ હોડીમાંના વાયરલેસ મશીન પર ઝિલાયો તો હતો; પણ હવામાન એવું હતું, કે એમાં કશી ગતાગમ પડે એમ નહોતું.

સાહસિકોની આકાશી સવારી છેવટે સોલોમન કાંઠે આવી પહોંચી. નોમ તો અહીંથી ત્રીસ માઈલ પાછળ રહી ગયું હતું. આ વખતનું ઉડ્ડયન ખાસ્સા સવા છ કલાકનું હતું. ઓગણત્રીસમી જુનને રવિવારનો એ દહાડો હતો. ઘેરથી નીકળે છ દિવસ ને સત્તર કલાક થયા હતા. ત્રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલાક પછી વિમાને ગર્જના કરી; આકાશનું પંખી પાછું આકાશમાં અદશ્ય થઈ ગયું. ફૅરબૅન્કસ આવ્યું ત્યારે તો બન્ને જણ થાકીને લોથ થઈ ગયા હતા. અથડામણની અસર અનેક મુખે બોલી રહી હતી. ઊંઘ લીધા વિના હવે આગળ વધવું અશક્ય હતું. સાંધા ઢીલા થઈ ગયા હતા. માથામાં તો જાણે ઘોડા દોડતા હતા.

એમની મહેમાની માટે બની શકતી તૈયારી કરવામાં આવી હતી. મેદાનમાં તંબૂઓ ઊભા કરીને સુંદર પથારીઓ પાથરેલી હતી. વિમાનમાં પૅટ્રોલ પૂરાતું હતું; ત્યાં સુધીમાં જ પથારીમાં ગાપચી મારી લેવાની હતી. મીઠી ઊંઘની મૈત્રી અડધે રસ્તે પોષાય એમ નહોતું.

અમેરિકામાં તો ઉત્સાહનો વંટોળિયો ઊપડ્યો હતો. એમના વિષે પ્રસિદ્ધ થતા દરેક સંદેશાનો શબ્દેશબ્દ હજારો કાન એકધારી આતુરતાથી સાંભળતા ને અજબ તાલાવેલીથી બીજા સંદેશાની રાહ જોવાતી. કેટલાક લોકોએ તો આ આકાશના યાત્રીઓ માટે અલકમલકનાં ગપ્પાં વહેતાં મેલ્યાં હતાં.

પણ એમ માઝા મેલીને બોલવું ઘણાંઓને તો બિલકુલ પસંદ નહોતું, તો ય એવડા મોટા અમેરિકા ખંડમાં ભાગ્યે કોઈ એવો જીવ હતો, કે જેને એ વિશાળ નીલધવલ વિમાનના વિચાર આવ્યા ન હોય! ભાગ્યે કોઈ એવો અમેરિકન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, કે જેનું હૈયું આ બે બહાદુરોના ઉડ્ડયન સાથે ઊડતું નહોતું. અને આ ઉત્સાહ કાંઈ આછકલો નહોતો. આ છલકાટ છીછરો નહોતો. એ ભક્તિનું મૂળ ફેઈબાની ફિશિયારી પર ફીદા થઈ જનારી વેવલાઈમાં નહોતું.

એ આનંદ તો ક્ષત્રિય જેવી શૂરી અને વાણિયા જેવી વિચારશીલ પ્રજાનો હતો. સ્વાતંત્ર્ય અને સાહસથી પોષાતી પ્રજાના રાષ્ટ્રીય અરમાનનો એ ઓડકાર હતો. એ વિમાન અમેરિકાનો ઇતિહાસ સર્જી રહ્યું હતું; અને પેલા બે મરણિયાઓએ ધરતીની માયાનો ઝભ્ભો ધરતી પર જ ઉતારીને મૂકી દીધો હતો ને હવાથી ય હલકા થઈને હવાનાં તત્ત્વો સાથે હોડમાં ઊતર્યા હતા. કોઈ પણ ભોગે પોતાની યોજનાને પાર ઉતારવાનો એમનો નિશ્ચય હતો.

ફેરબૅન્કસમાંથી એમનો બીજો સંદેશો આવ્યો: "અમે ખૂબ થાકી ગયા છીએ, પણ મુસાફરીનો ખરાબમાં ખરાબ ભાગ હવે ખતમ થયો છે. પરમ દિવસે ન્યુયૉર્કમાં પાછા ફરીશું."

ને ન્યુયૉર્કે એમને સત્કારવા જે તૈયારી કરી છે, તે તો ન્યુયૉર્ક જ જાણે છે.

સવારના સાડા નવે ફેરબૅન્કસને સલામ કરી લીધી. ગગનનું ગરુડ ગગનગામી થયું ને સાંજના સાડા સાતે તો એડમન્ટન આવી ગયું ! સાડા દસ કલાકમાં પંદરસો માઈલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાણીની જેમ કપાઈ ગયા હતા! સવારના સાડા છએ પાછા ઊપડ્યા. જુલાઈની પહેલીનું એ પ્રભાત હતું. વિલી અને ગેટીનું દિલ્હી હવે દૂર નહોતું; હવે તો એ હાથવેંતમાં હતું એમ ખુશીથી કહી શકાય.

મુસાફરીના થાકે હવે એમને થકવ્યા હતા; પણ આત્માના ઊંડાણમાં તો સફળતાના સંતોષનો સાગર ઘૂઘવતો હતો; અને એ સાગરના મસ્ત તરંગો આ નરોત્તમોની નસેનસમાં કોઈ અલૌકિક તાજગી, સ્ફૂર્તિ ને શક્તિ પ્રેરી રહ્યા હતા.

હવે 'મામાનું ઘર કેટલે, તો દીવો બળે એટલે' હતું. વિજયોત્સુક વિમાન અમેરિકા તરફ—માતૃભૂમિ તરફ—ધસી રહ્યું. સાંજના સવા પાંચે ઓહિયોનું ક્લીવલેન્ડ આવ્યું. અર્ધો કલાક આરામ કરી લીધો; પેટ્રોલ ભરી લીધું. વિમાન હવે એ એરોડ્રોમ તરફ ઊપડ્યું, કે જ્યાં હજારો હાથ એને ઊતરતું ઝીલી લેવા ઊછળી રહ્યા હતા.

હજારોની મેદની "રૂઝવેલ્ટ ફીલ્ડ" ઉપર ક્યારની જમા થઈ ગઈ હતી; હજારો નેત્રો એકધારી ને અજબ આતુરતાથી ક્ષિતિજમાં ખૂંપી ગયાં હતાં. દરેકને એવી ઇચ્છા હતી, કે વિમાન સૌથી પહેલું પોતાની નજરે પડે ને પોતે પહેલી કિલકારી કરે કે "એ આવ્યા!"

રાતના આઠે તો 'રૂઝવેલ્ટ ફીલ્ડ'ની આજુબાજુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજમાર્ગો મોટરો ને માણસોથી ચીકાર થઈ ગયા હતા. માનવમહાસાગરમાં હજી ય નવી નવી નદીઓ ને ઝરણાં ચોગરદમથી વહી રહ્યાં છે. ચોગરદમ હર્ષ, ઉમંગ ને ઉત્સાહ છે; અસ્મિતા છે, અરમાન છે, અભિમાન છે.

પોણા નવ વાગે છે. રમણે ચડેલો મસ્ત માનવ-મહાસાગર પળ વાર થંભે છે. દૂરદૂર ક્ષિતિજમાં એક કાળું ટપકું જણાય છે, કોઈની નજરે ચડે છે. કોઈથી કિલકારી પડાઈ જાય છે. એકની કિલકારી અનેકની બની જાય છે, ને હજારોની હર્ષગર્જના સ્તબ્ધ વાતાવરણને ચીરતી આકાશને કંપાવી રહે છે.

'રૂઝવેલ્ટ ફીલ્ડ' પર વિમાન ઘૂમી રહે છે. સુંદર ફેરફૂદડીઓ ખાતું ખાતું ધીરે....ધીરે નીચે ઉતરે છે, ને આનંદ ને અરમાનની ફેરફૂદડીઓ ખાતાં અમેરિકન ટોળાં વિખરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



૫

આમ તો જગત આખું પાણીનો ખેલ છે; પણ આ વાત સૌને ગળે એકદમ ઊતરવી સહેલી નથી. એને માટે તો વાચન જોઈએ, વિચારણા જોઈએ અને એમાંથી થતો જ્ઞાનનો સાક્ષાત્કાર જોઈએ.

પરંતુ જગતની રંગભૂમિ પર પાણી ચોમાસામાં જે ખેલ ભજવે છે, તે જોવા માટે દિવ્ય દષ્ટિની જરૂર નથી. તે તો ઈશ્વરે જેને આંખો આપી છે, તે સૌ આસાનીથી જોઈ શકે છે. શહેર હોય કે ગામડું, પણ નદીકાંઠે આવ્યું એટલે નવ્વાણું ટકાનું જોખમ. નદીકાંઠે આવેલું શહેર કે ગામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ લોકમાતાની કેડે બેઠેલા બાળક જેવું છે. માતાનાં લાડ તો એ ભલી પેરે ભોગવે છે. બારે માસ લીલાલહેર કરે છે, પણ નદીમાતા એ માનવમાતા નથી. એ તો પ્રકૃતિનું પ્રતીક છે, એટલે એનો પ્રવાહ પ્રકૃતિના પ્રવાહોને અધીન છે. વર્ષનો મોટો ભાગ એ નિસર્ગનું લલિત-મનોહર પ્રતીક બની રહે છે, પણ વર્ષામાં એની વાત જુદી છે. જ્યારે "ચોમાસું ખાસ્સું ખૂબ" હોય છે ને "દુનિયા ડુબાડૂબ" દેખાય છે, ત્યારે નદીને પ્રકૃતિની ભૈરવીનો વેષ ભજવવો પડે છે. પ્રલયના પૂર સરખું એનું પ્રવાહશરીર ભીષણ નૃત્ય માંડે છે, ને ભાવાવેગમાં એના હાથની એકાદ સજ્જડ થપાટ કોઈ વાર પેલા કેડે બેઠેલા બાળકને ઝપટાઈ જાય છે!

આપણું સુરત પણ આવું જ એક સોહામણું શહેર છે ને તાપીને તીરે બારે માસ લીલાલહેર કરે છે. ભાવતાં ભોજન જમીને મશરૂની તળાઇઓમાં લોટનારી આ સુરતની સોનાની મૂરતને તાપીનાં પૂર કો'ક વાર એવી તો થપ્પડ લગાવી દે છે, કે એ જોઈને આપણે એકદમ બોલી ઊઠીએ: "આ તે શા તુજ હાલ, સુરત–સોનાની મૂરત!"

કહેવાય છે, કે ૧૮૮૨ માં તાપીનાં પાણીએ માઝા મૂકેલી. એવું પૂર ત્યાં સુધીના ઇતિહાસમાં તો નોંધાયેલું નહોતું. લોકોએ ધાર્યું, કે આવાં પાણી કાંઈ છાશવારે ન ચડે. ઘણાં વર્ષો સુધી હવે આવું પૂર જોવાનું નહિ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ માનવીની આવી માન્યતાઓને કુદરતે ક્યારે સાચી પડવા દીધી છે? કુદરતને કાનુનો તો છે જ, પણ તે સાથે એ કાનુનોને અપવાદો પણ છે. સામાન્ય રીતે એ નિયમ પ્રમાણે ચાલી જાય છે, પણ કેટલીક વાર માનવી-ના અભિમાનને પછાડવા એ અપવાદનો ઉપયોગ પણ કરી બેસે છે. બીજે જ વર્ષે, ૧૮૮૩ના જુલાઈની બીજી ને સોમવારે તાપીમાં એવું તો પૂર ચડ્યું, કે ઘડીના છઠ્ઠા ભાગમાં લોકોના જાનમાલને જોખમમાં મૂકી દીધા!

પાણી એવી તો ઝડપે ચડ્યાં, કે નીચાણવાળા વિસ્તા-રોની વસતિને એકદમ ઊંચા વિસ્તારોમાં ખસેડી લેવાની જરૂર પડી. મધરાત પછી તરત જ પાણીનો આંક ભયની નિશાની સુધી ચડી ગયો અને બે કલાક પછી તો પાણીની ઊંચાઈ ગઈ સાલની ઊંચાઈને ટપી ગઈ! વરસાદ તો હજી ય મુશળધાર પડતો હતો ને તાપીનાં પૂર પૂરી તટ-સ્થતાથી આગે બઢે જતાં હતાં!

શહેર અને નદીની વચ્ચે મક્કાખાડીનો બંધ આવેલો છે. પાણીનું દબાણ જબરું હતું. સલામતીની મર્યાદા તો ક્યારની તૂટી હતી અને મક્કાખાડીના બંધના ભૂક્કા ઊડી જશે એવો ભય હતો, અને જો આ ભય સાચો પડે, તો તો સેંકડો મકાનો અને હજારો લોકોનું આવી બને એ ચોક્કસ!

પૂરના મારા સામે સદ્‌ભાગ્યે પૂલ તો ટક્યો, પણ સત્તાવાળાઓની ચિંતા હજી એટલી જ ગંભીર હતી; પાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ચડે જ જતાં હતાં. પૂલને તોડીને શહેરમાં પ્રવેશતા પૂરના ઘુઘવાટો ભર્યા ભયંકર ભણકારા પ્રત્યેક પળે તેમના કાનને કંપ આપી રહ્યા.

ઊંઘ અને આરામની આશા તો હવે જલની કબરમાં જ રાખવાની હતી. પરોઢના ત્રણ વાગે મ્યુનિસિપાલિટીના સેક્રેટરી અને ઇજનેરે બંધને બધી રીતે તપાસી જોયો ને પરિસ્થિતિની ચર્ચા કરી લીધી. તેમની ચારે બાજુએ જળ-જળબંબાકાર હતું; જળના ઘોડા દશે દિશામાંથી દોડતા આવતા હતા. એમને શહેરમાં પેસતા અટકાવવા એ હવે અશક્ય હતું. સત્તાવાળાઓની સત્તામાં હવે માત્ર એક વાત હતી; અને તે એ, કે નીચલા વિસ્તારો તરફ એકદમ હોડીઓ દોડાવવી ને લોકોને ઉપલા વિસ્તારોમાં બનતી ઝડપે ખસેડી લેવા.

ત્રીજીની સાંજના પાંચ વાગ્યા; કાંઠાની મર્યાદાઓ તોડી ચૂકેલાં પાણી પ્રલયપૂરની જેમ શહેરમાં ધસ્યાં. ધસતાં ગયાં ને હડફેટે જે કંઈ ચડયું તેને ઘસડીને ઘૂમરીમાં ઘુમાવતાં ચાલ્યાં. ઘોડેસ્વારને માટે પણ એમાં થઈને પસાર થવું મુશ્કેલ હતું. કાંકરખાડીના ભુક્કા ઊડી ગયા, અને પછી તો પાણીની વાત શી કહેવી!

કિલ્લો પડતાં મસ્ત બનેલી સેનાની જેમ ગાંડા પાણીના ધોધના ધોધ સુરત પર ધસી ગયા! જોતજોતામાં તો શહેરનો ત્રીજો ભાગ પાણીની કાળી ભમર ચાદર નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઢંકાઈ ગયો ! ને ઊંડાઈ પણ ક્યાં ઓછી હતી? ખાસ્સી વીસ ફૂટ! વીસ હજાર મકાનો પર પાણીની કબર ચણાઈ ગઈ હતી! ચારે બાજુથી ધબોધબ ઘર પડવા લાગ્યાં. મકાનો, દરવાજો, રેલના પાટા, દીવાના થાંભલા—બધું સાફ થઈ ગયું! રસ્તાઓ પણ ધોવાઈને ખલાસ થઈ ગયા. ખાનગી અને જાહેર મિલ્કતોના નુકશાનનો આંકડો લાખે લેખાં ગણવા લાગ્યો.

છેલ્લાં ત્રણસો વર્ષ દરમિયાન સુરતના કિલ્લાની કાંકરી યે ખરી નહોતી. કાળની મૂઠી જેવા આવા પ્રાચીન કિલ્લાની દિવાલો પણ આ પૂરે કેટલાક ઠેકાણે દોદળી બનાવી ને ગબડાવી પાડી. આસિસ્ટન્ટ જજની કોર્ટ પણ કડડભૂસ કરતી પડી. જાહેરબાગની દિવાલો ધોવાઈને સાફ થઈ ગઈ. આખા બાગ પર માથોડાપૂર પાણી ફરી વળ્યાં. ત્રાસથી ગાંડાં બનેલાં ઢોર વાડામાંથી ભડકીને નાઠાં, ને પૂરના મધ્યપ્રવાહમાં પડીને આંખ મીંચતાંમાં હતાં—ન હતાં થઈ ગયાં. બબ્બે દિવસ સુધી શહેરનો ત્રીજો ભાગ પાણીમાં રહ્યો ને હજારો મકાનો જમીનદોસ્ત થઈ ગયાં; પણ ખૂબી એ હતી, કે એક પણ જાનનું જોખમ થયું નહોતું! આ વાતનો જશ ઘટે છે, ત્યારના મ્યુનિસિપાલિટીના વહીવટદારોને અને બીજા અનેક બહાદુર સેવાભાવી કાર્યકર્તાઓને, જેમણે સ્વાર્થ વિના, મરણના ભય વિના, પાણીની સામે લડવામાં ઇતિહાસ યાદ કરે એવું પાણી બતાવ્યું ને કોઈનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળ વાંકો ન થવા દીધો. બહાદુરીનાં કામ તો તે દિવસે બહુ થયાં, પણ માળાના મેર જેવું પરાક્રમ તો એક પારસી જુવાનનું હતું. એ પૂરમાં એણે જે કામ કર્યું ને એને જે નામ મળ્યું, તે તો સુરતવાસીઓની હમેશની પ્રેરણા બની રહ્યું છે. તાપીમાં પૂર ચડે ને સુરતીઓની જીભે દાદાભાઈ દોરાબજીનું નામ ન ચડે એવું બને જ નહિ. પૂર વખતે એની ઉમ્મર ત્રીસ વર્ષની હતી. જુવાનોને અખાડાની તાલીમ આપવી ને તરતાં શીખવવું એ દાદાભાઈ-નો ધંધો હતો. શક્તિ અને સ્ફૂર્તિ, તેમ જ સાહસ અને ઝિંદાદિલીના આ ક્ષેત્રમાં એને અનેક શિષ્યો હતા. પારસી જુવાનોને મર્દાનગીની રમતો ને તરવાની લગની લગાડવામાં પણ એની ધગશ સારો ભાગ ભજવી ગઈ કહેવાય છે. આ પૂરની વાત તો જાણે ન્યારી જ છે, પણ તે પહેલાં ય એણે અનેક જિંદગીઓ જીવસટોસટના ખેલ ખેલીને પૂરમાંથી બચાવી લીધી હતી. દાદાભાઈ દોરાબજી એ દિવસોમાં સુરતનો એક અઠંગ અખાડિયન અને ઉસ્તાદ તરવૈયો હતો.

પૂરના સમયમાં આખો ય દિવસ એ કલેક્ટર, આસિ-સ્ટન્ટ કલેક્ટર અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટની સાથે પાણીમાં આથડ્યો હતો; અને ઘરોમાં રહી ગયેલા લોકોને હોડીમાં બેસાડી બેસાડીને સલામત સ્થળે પહોંચાડી દીધા હતા. બચાવેલાંની હોડીઓ ભરીભરીને મૂકી જાય ને પાછો તરત બીજાને લેવા ઊપડે. શ્વાસ લેવા થંભ્યા વિના, રાતદિવસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયા વિના એણે અદ્દ્ભુત કૌશલ્યથી એનાં હલેસાં હલાવ્યે જ રાખ્યાં. રાત પડી પણ તાપીનો વિચાર આજ જુદો જ હતો. પાણી હજી પણ ચડતાં જ હતાં. બહાદુર દાદાભાઈ નાનપુરા બજારમાં હતો. ઘણાં લોકોને તરતાં આવડતું નહોતું. એમના જાન ખરેખર જોખમમાં હતા. હવે તે વખતે કામમાં લાગે એવી માત્ર એક જ હોડી હતી; પણ તે તો પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના ઘર આગળ હતી.

પણ એ ઘર અને નાનપુરાની વચ્ચે તો કાળાં ભમ્મર પાણી ઘૂઘવતાં હતાં. પ્રવાહના વેગનું તો પૂછવું જ શું? જાણે 'રેઇસ'માં ઊતરેલા ઘોડા જ જોઈ લ્યો! દાદાભાઈએ એક હાથમાં પકડ્યું એક નાનકડું સળગતું ફાનસ. મોંમાં દાંત વડે એણે એક સોટી રાખી. પૂરી સાવધાનીથી એણે પૂરમાં ઝંપલાવીને એક જ હાથે પાણી કાપતોકાપતો આગળ વધવા લાગ્યો. તરવાની એને નવાઈ નહોતી, ને જાનને દાવમાં મેલીને જીવનનો જુગાર ખેલવો, એ એને માટે કાંઈ નવો વિષય નહોતો; તો ય આજ એની કસોટી હતી.

પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના ઘર સુધી એ સલામત પહોંચે અને ત્યાંથી હોડી લઈને પાછો ફરી શકે, તો જ આ બાજુ રહી ગયેલા લોકોના જાન બચી શકે તેમ હતું. જેમને બચાવી લેવાના પવિત્ર અને દૃઢ સંકલ્પથી મારતે ઘોડે આગળ ધસતી પાણીની સેના સામે એ મેદાને પડ્યો હતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધાં એની સલામતી માટે પ્રાર્થના કરવા લાગ્યાં. ભયથી વ્યાકુળ, ચિંતાથી આર્ત, ઘડીમાં આશાથી ચમકતી, તો ઘડીમાં નિરાશાથી મિંચાઈ જતી અનેક આંખો એના હાથમાંના ડોલતા દીવાને દૂરદૂરથી જોઈ રહી.

ઘોર અંધારી રાત છે. આકાશમાં એક તારો પણ ટમટમતો નથી. વિનાશના ઘૂઘવતા સમુદ્રની વચ્ચે અનેકની આશાનો દીવડો તરતો ચાલ્યો જાય છે. ઘણી વાર તો એ થંભી જતો લાગે છે. જાણે આગળ વધી શકાય એમ જ નથી. ઘણી વાર તો કશું દેખાતું જ નથી. દીવો ડોલે છે અને અનેક હૈયાં ડોલે છે. દીવો ઝળકે છે અને અનેકની આંખોમાં આશાની વીજળીઓ ચમકે છે. દીવો દેખાતો બંધ થાય છે અને અનેકની જીવનઆશા પર નિરાશાનો કાળો અંધારપટ છવાઈ જાય છે! ઘણી વાર તો લોકોને એવું લાગે છે, કે એમનો બહાદુર બચાવનાર થાકીને—હારીને પાણીની પથારીમાં હમેશને માટે પોઢી ગયો છે.

છતાં ય, છેવટે સૌ જોઈ શક્યા, કે આશા જીતી હતી. પારસી જુવાન અથાગ પ્રયત્ને પાણીને કાપતોકાપતો ચોક્કસપણે આગળ વધી રહ્યો હતો. એના શુભ સંકલ્પથી ખુશ થઈને ઈશ્વરે જાણે એનાં બાવડાંમાં આજે અદ્ભુત બળ મેલ્યું હતું, ને હૃદયમાં અચલ શ્રદ્ધા જન્માવી હતી. વર્ષોના મહાવરાથી તરવાની કળામાં એણે જે કુશળતા મેળવી હતી અને ભૂજાઓમાં જે શક્તિ ભરી લીધી હતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનો સર્વોત્તમ બદલો તેને આજ મળી ગયો. યાદ રાખવા જેવી વાત એટલી જ છે, કે એની આ મૂઠીભર શક્તિઓની આજના જોખમની સામે કાંઈ વિસાત નહોતી. ગમે તેમ થાય પણ આજે કંઈક કરવું જ છે, મારી નાની શી જિંદગી આજે અનેકના જીવો તારનારી નૌકા ભલે બનો, અને એ નૌકા તરવાની હો તો તરો ને ડૂબવાની હો તો ડૂબો, પણ પાછું ડગ તો નથી જ દેવું એવા શિવસંકલ્પમાંથી જન્મેલી શ્રદ્ધા અને હિંમતે એની શક્તિઓ પાસેથી આજ અનેકગણું કામ લીધું, ને આ વાત જ એના વિજયને સમજવાની ચાવી છે. અંધારી રાત, પ્રવાહનો પ્રચંડ વેગ, ઘમ્મરઘમ્મર ઘૂમતા કાળીશાહી જેવા પાણીના ભમરા, અંગેઅંગમાં થાક ને છાતીમાં હાંફ–આ બધી આફતોની દાદાગીરી ઉપર દાદાભાઈએ છેવટે વિજય મેળવ્યો અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટના ઘર આગળ પહોંચી ગયો. હોડી શોધી કાઢી ને એક સેકંડ પણ થંભ્યા વિના નાનપુરા તરફ હંકારી મૂકી.

કેટલા આભાર સાથે, કેવી ઊંડી અને મીઠી લાગણી સાથે પેલાં આતુર હૈયાંના થડકાર સાથે એના હલેસાના ધબકાર અથડાયા હશે! એમનો યુવાન ઉદ્ધારક આવતો હતો.

હોડીનું ગજું વિચારીને એણે એક પછી એક લઈ શકાય તેટલાં માણસો લીધાં. હિંમતથી હંકારી ગયો ને હીરા જેવી જિંદગીઓ સલામતીની પેટીમાં મૂકી દીધી. એક જ ફેરે બધું પતે તેમ નહોતું. વારંવાર એ આવ્યો ને ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને કુલ એકસો ને છ જીવને બચાવી લીધા. બધાં આવી ગયાં. કોઈને માટે મો'ત નહોતું. સૌને એણે જીવન જેવું જીવન આપ્યું.

પૂર એ છેવટે તો શું છે? ઊભરો જ ને? માણસને જેમ જીવનમાં ઊભરા આવે છે ને ધીરે ધીરે શમી જાય છે, તેમ કુદરતના પ્રવાહોમાં પણ ઊભરા આવે છે ને શમી જાય છે. તાપીનાં પૂર ચડ્યાં ને આસ્તેકદમ ઊતર્યાં. યુવાન દાદાભાઈ તરફ હવે લોકોના પ્રેમનાં પૂર ચડ્યાં.

સત્તાવાળાઓએ એને માટે ખાસ રિપોર્ટ તૈયાર કર્યો ને એની સેવાઓની મુક્ત કંઠે પ્રશંસા કરવામાં આવી. હિંમત, કૌશલ્ય ને સહનશક્તિના સંભારણા રૂપે સુરતવાસીઓએ દાદાભાઈને રૂપિયાની થેલી ને ઘડિયાળ આપ્યાં. તાપીનાં પાણીનો તરવૈયો હવે સુરતના પ્રેમમાં તરવા લાગ્યો.

હજી ય જ્યારે જ્યારે તાપીમાં પૂર ચડે છે, ત્યારે આ પારસી યુવક દાદાભાઈ દોરાબજી એની નાનકડી નાવ સાથે સુરતવાસીઓના સ્મરણસમુદ્રમાં તરતો થઈ જાય છે.

એનો દીવો અનેક બહાદુરોના સેવાભાવી હૃદયમાં પ્રેરણાની જ્યોત જગાવી જાય છે ને સાધારણ શક્તિઓ અસાધારણ ફતેહોને લઈ આવે છે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬ : 'ઘરડાં ગાડાં વાળે !'

મુસલમાનો સાથે લડવું એ શીખ લોકો માટે તો હવે 'રોજનું લાગ્યું, ને ભવનું ભાગ્યું' થઈ ગયું હતું. મુસલમાનોના જુલમ સામે લડાઈ ચાલુ રાખવા માટે ઈ. સ. ૧૬૬૪માં તેગબહાદુરની પસંદગી નવમા ગુરુ તરીકે થઈ હતી. તેગબહાદુરની તેજીલી તેગ મ્લેચ્છોના અન્યાયી આક્રમણો સામે દશ–દશ વર્ષ સુધી પૂર જોરથી વિંઝાઈ રહી. બાદશાહ ઔરંગઝેબ જેવાની સાગર સરખી સેનાઓ આ તેજસ્વી નરના મૂઠીભર મરણિયાઓ સામે ઘડીભર થંભી જતી; પણ શીખોનો આ બહાદુર સરદાર ઝનૂની બાદશાહના કિન્નાખોર લશ્કરીઓના હાથમાં એક દિવસ ઝડપાઈ ગયો.

પકડનારાઓનો હર્ષ માતો ન હતો. દશ–દશ વર્ષ સુધી ઔરંગઝેબ જેવા ઔરંગઝેબને પૂમડે પાણી પાનાર નરપુંગવ આજે મુસ્લિમ પિંજરમાં પુરાઈ ગયો હતો. બાદશાહસલામતની હજૂરમાં એને ખડો કરવા અમલદારો એકપગે થઈ રહ્યા હતા.

દિલ્હી લઈ જવામાં આવે તે પહેલાં એના પુત્ર ગોવિંદને તેડાવીને છેલ્લી વિદાય લેવા દેવાની ગુરુ તેગબહાદુરને રજા આપવામાં આવી. પૂર્વજોની પવિત્ર અને પ્રખ્યાત સમશેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુત્રની કમરે બાંધીને બાપે કહ્યું: "આ એ જ સમશેર છે, બેટા, જે વડે તારા સમર્થ પૂર્વજો મ્લેચ્છોની સામે ઝૂઝ્યા ને શીખ ધર્મનું રક્ષણ કર્યું; અને એ જ મહાન અને પવિત્ર હેતુસર તું પણ એને ઘુમાવજે—સતત અને શૌર્યથી. મારા દિવસો હવે પૂરા થયા છે અને મને હવે મૃત્યુની બીક પણ નથી. મેં એક ભક્તની નિષ્ઠાથી મારા ભગવાનને ભજ્યો છે. પ્રભુને જે પ્યારું છે તેને જ મેં પ્યારું ગણ્યું છે ને તેની જ ખાતર હું અનાડીઓની સામે જિંદગીભર આથડ્યો છું. અભિનંદન હો તને, શીખોના હે ભાવિ ગુરુ! તારી પ્રજાનું રક્ષણ કરજે, બેટા, જેમ મેં કર્યું છે તેમ."

બાળક તો ગળગળો થઈ ગયો. બાપદાદાઓની યશસ્વી તલવારની મૂઠે એણે મૂઠી ભરાવી. ભક્તિથી, ભાવનાથી, છલકાતા હૈયે એણે પિતાના ચરણે માથું નમાવ્યું. બોલવા કરતાં એને સાંભળવું ગમ્યું. પ્રભુના આદેશોની જેમ પિતાના આદેશોને એ સાંભળી રહ્યો.

"હું જાઉં છું દિલ્હી, મારા નસીબને ભેટવા." વૃદ્ધ મહારથીનો ગંભીર અને ગૌરવપૂર્ણ વાણીપ્રવાહ વહ્યે જાય છે.

"બાદશાહ મારું શું કરશે એ સમજવું મુશ્કેલ નથી; પણ બહાદુરોને બીક કેવી, બેટા!? મરણિયાઓને વળી મોતના ભય શા? પણ શીખોના ગૌરવની ખાતર હું એક ઇચ્છા રાખું છું; અને તે એ, કે મારા શબને આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાસ્ત્ર મુજબ સંસ્કારવિધિ થવો જોઈએ. ઔરંગઝેબ કેટલો ક્ન્નિાખોર છે, તે તું નથી જાણતો શું? મારા વધ પછી યે એની વૈરજ્વાલા કદાચ શાંત નહિ થાય. શબનું અપમાન કરતાં યે એને તો શરમ નહિ આવે. એવું થાય, તો મારા પુત્ર, તારા બાપનું વેર લેજે; અને આપણી જાતિ અને ધર્મને યોગ્ય એવી બધી ક્રિયાઓ કરીને મને સુંદર રીતે દફનાવજે!"

આટલી તાકીદ કરી લઈને પિતાએ પુત્રની રજા લીધી. દિલ્હી લઈ ગયા પછી એમને કહેવામાં આવ્યું, કે જો એ સોગનપૂર્વક શીખ ધર્મનો ત્યાગ કરવા તૈયાર હોય, તો બાદશાહ તરફથી જીવતદાન મળશે. તેગબહાદુરે આ કહેણને ક્રોધના ફૂંફાડા સાથે ધુત્કારી કાઢ્યુ. ઝનૂની ઔરંગઝેબે હુકમ કર્યો, કે શીખગુરુનું શબ તેમના કોઈ પણ સગા-વહાલાને કે અનુયાયીને સોંપવું નહિ પણ જાહેરને જોવા માટે ખુલ્લું મૂકવું.

શીખોના યુવાન ગુરુને કાને વાયુવેગે આ અપમાનની વાત આવી પહોંચી. પિતાની છેલ્લી ઇચ્છાને પરિપૂર્ણ કરવાનો એણે નિશ્ચય કર્યો.

ગમે તે ભોગે દિલ્હી જવું, પિતાના શબને લઈ આવવું અને સુંદર સંસ્કારવિધિ સાથે દફનક્રિયા કરવી એવી ભવ્ય ભાવના સાથે આ નાનકડો કુમાર અંધારી રાતે એકલો ને અટૂલો અમૃતસરમાંથી બહાર પડ્યો. કાર્યનું જોખમ એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજતો હતો. કોઈને જાણ કરવાની એની ઇચ્છા પણ નહોતી; એટલે માત્ર શૌર્યને જ સાથી બનાવીને એ દિલ્હી તરફ મક્કમ ડગલાં ભરી રહ્યો.

ઔરંગઝેબના વાઘ જેવા ચોકિયાતો! એમની કાગડા જેવી નજર! એને ખ્યાલ પણ નહોતો, કે આ વાઘોના વન વચ્ચેથી પોતે બાપનું શબ શી રીતે મેળવવાનો હતો! એ તો ફક્ત એટલું જાણતો હતો, કે પોતે જાય છે—એક પ્રયત્ન કરવા; જીવીને કે મરીને પણ પિતાની છેલ્લી ઇચ્છા પૂર્ણ કરવા. અંધારી રાતના સૂનકાર ભેદીને બાપુના બોલ એને સંભળાતા હતા. કર્તવ્યની પવિત્રતા એના આત્મામાં મહેકતી હતી. નવલખ તારાનો પ્રેર્યો કુમાર પંથવિહોણા-પંથે ધપી રહ્યો. એને ક્યાં ખબર હતી, કે એનું દિલ્હી કેટલું દૂર હતું!

કેટલાક માઈલ કાપ્યા પછી કોઈ ગાડું આવતું હોય એમ જણાયું. એકબીજામાં ભળી જઈને કશું ય ન સમજાવા દેતા વાતોના અવાજો પણ સંભળાયા. કોણ જાણે ગાડામાં કોણ આવતું હતું! દુશ્મન કે દોસ્ત?

ગુરુ ગોવિંદસિંહના નામે ભારતવર્ષના ઇતિહાસમાં જે અમર થવાનો હતો, એ કુમાર ગોવિંદ રસ્તાની એક બાજુએ ખસી ગયો; ને ઝાડની છાયામાં છુપાઈ ગાડાની રાહ જોવા લાગ્યો. પાસે આવતા ગાડામાં થતી વાત પરથી એને સમજાયું, કે વાતોના કરનારા દુશ્મનો નહિ પણ દોસ્તો હતા—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખો હતા. બાદશાહ ઔરંગઝેબે ગુરુ તેગબહાદુરના શબ પ્રત્યે જે હલકી વર્તણૂક ચલાવી હતી, તેની ગરમાગરમ ચર્ચા ચાલી રહી હતી.

ગોવિંદ બહાદુરીથી બહાર નીકળ્યો. ગાડું ઊભું રખાવ્યું ને પોતાની ઓળખાણ ગાડાવાળાને અને તેના છોકરાને આપી દીધી. આવી રીતે અમૃતસરથી આટલે દૂર પોતાના છોકરિયાત ગુરુને આથડતો જોઈને એ લોકોને તો જરા નવાઈ લાગી. એકદમ તેઓ ગાડામાંથી નીચે ઊતરી પડયા ને વફાદાર સૈનિકોને છાજતા આદરથી પોતાના નાનકડા સરદારને નમ્યા. પોતે કયાં અને શા કારણે જઈ રહ્યો હતો એ વાત ગોવિંદે તેમને જણાવી; અને એની ગંધ બીજા કોઈને ન જાય એટલી ગુપ્તતા જાળવવા પણ દબાણ કર્યું.

ગાડાવાળો વૃદ્ધ શીખ વચ્ચે પડ્યો: "ન જશો–ન જશો, હે નિર્દોષ! હે પવિત્ર! મારું ગરીબનું કહેવું માનીને ન જશો. દિલ્હી એ આપના માટે તો મૃત્યુનું પિંજરું છે. એક એવો સમય પણ આવશે, સરદાર! જ્યારે તમારા વિજયનાં વાજાં વાગતાં હશે; ને બહાદુર શીખોની ટૂકડીઓની મોખરે રહીને આપ જુલમી બાદશાહની રાજધાનીમાં પ્રવેશ કરતા હશો. ત્યાં સુધી રાહ જુઓ ને આ વૃદ્ધ સેવકનું કહ્યું માનીને કિલ્લામાં પાછા ફરો."

ગોવિંદને ગળે આ વાત ઊતરી નહિ. સિંહની છટાથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એણે છાતીને ટટ્ટાર કરી ને અભિમાનથી, લાગણીથી, પિતૃભક્તિથી ફાટતા અવાજે એ બોલવા લાગ્યો:

"મારા પિતાનો અંતિમ આદેશ છે, કે મારે એમનું શબ મેળવવું; અને શીખોના ગૌરવને યોગ્ય એવો સંસ્કાર-વિધિ કરવો. મૃત્યુથી ડરીને શું આ વાત મારે વીસરી જવી? લોકોની મશ્કરીઓ માટે ખુલ્લું મૂકેલું મારા પિતાનું પવિત્ર શબ શું જ્યાં છે ત્યાં જ પડ્યું રહેવા દેવું?

"એ મારા પિતા હતા. આપણી પ્રજાની આશા હતા. શીખ ધર્મના રક્ષણ ખાતર જ એ જીવ્યા ને એ જ કારણે મૂઆ. એમના પ્રત્યેની ફરજ શું આમ ભયથી ભાગતો ફરીને હું બજાવીશ એમ?"

"આપની વાત તો સત્તર આના ને બે પાઈ છે." વૃદ્ધે કહ્યું: "એની સામે મારે કશું જ કહેવાનું નથી. આપના શબ્દો સાંભળીને તો મને જાણે નવી જુવાની આવે છે. આ ઘરડી રગોમાં ગરમ લોહીનાં પૂર ઊછળી રહે છે; પણ આપ જાણો છો, કે સારી ય શીખ જાતિનો આધાર આપના ઉપર છે. ન કરે નારાયણ ને તમે જો બાદશાહના હાથમાં ઝડપાયા, તો પછી અમારું કોણ? આવા સમયમાં આપ સરખા આગેવાન ગુમાવવા અમને શી રીતે પાલવે? પિતા તરફનાં તમારાં માન અને ભક્તિ તો સતજુગના લોકોને ય રસ્તો બતાવે એવાં છે; પણ, ગુરુદેવ, બાપના બોલ કરતાં પ્રજાનો બોલ મોટો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારી અંગત લાગણીમાં શું આખી પ્રજાની લાગણી તણાઈ જશે ? પાછા વળો, મારા નાનકડા સરદાર, પાછા વળો ! ગુરુદેવનું શબ લઈ આવવાનો જશ આપના આ તાબેદાર સેવકને જ લેવા દો !"

આ વૃદ્ધ પુરુષની આવી નિઃસ્વાર્થ ભક્તિ જોઈને કુમાર ગોવિંદનું હૃદય તો હાલી ઊઠ્યું; અને આવી વફાદારી બદલ તેનો ખરા જિગરથી આભાર માન્યો. છતાંય પોતાના પિતા માટે બીજો કોઈ જિંદગી આપે તેના કરતાં પોતે જ મરે એ વાત તેને વધારે ગમતી હતી; એટલે ગોવિંદ તો મક્કમ રહ્યો. ગાડાવાળા વૃદ્ધ શીખને પોતાના નાનકડા સરદારનો આ નિશ્ચય ન ગમ્યો.

એને તો ખાતરી હતી, કે જો કુમાર દિલ્હી જશે તો ફરીથી અમૃતસરનું મોં જોવા નહિ પામે, અને પરિણામે શીખ જાતિ પોતાના બહાદુર અને આશાસ્પદ આગેવાનને ગુમાવશે. આ વાતનો વિચાર કરતાં એ ગળગળો થઈ ગયો. ઘેર રહીને શાંતિપૂર્વક જીવવા કરતાં આવા પવિત્ર કાર્યમાં ખપી જવામાં જ એને તો જીવ્યાનો લહાવો જણાવા લાગ્યો. તે કુમારને સમજાવવાનો છેલ્લો પ્રયત્ન કરવા લાગ્યો.

"સરદાર, લડવાને માટે તો હવે હું બહુ ઘરડો ગણાઉં. મારા ગુરુની છેલ્લી સેવા કરવાનો એક સુંદર પ્રસંગ મારી સામે પડ્યો છે. મને શા માટે વારો છો ? હું વૃદ્ધ છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જિંદગીને અનેક સ્વરૂપે જોઈ છે. તડકીછાંયડીઓ મને ઘણુંઘણું શીખવી ગઈ છે. જે કામ આપ જિંદગીના જોખમે નહિ કરી શકો એ કાર્ય હું કદાચ રમતમાં કરી આવીશ; અને જો આપ પકડાયા તો ફરીથી છૂટી રહ્યા. તેગબહાદૂરનું શબ તો ક્યાંય રખડતું રહેશે ને આપ પકડાતાં સારીય શીખ કોમ રખડતી થઈ જશે; માટે મને જવા દો. કુમાર, મારું માનો!"

વૃદ્ધના શબ્દોમાં વસેલું રહસ્ય કુમાર ગોવિંદને હવે સમજાયું. પિતા તરફની ફરજ કરતાં પ્રજા તરફની ફરજ વધારે મોટી હતી, વધારે પવિત્ર હતી, એ વાત હવે તેને ગળે ઊતરી ગઈ. પેલા બે બાપ–દીકરો ગાડું લઈને દિલ્હી તરફ પાછા ફર્યા. ગોવિંદ અમૃતસરમાં પાછો આવ્યો. એના હૃદયમાં હજી ય દિલગીરી તો હતી જ; કારણ કે પિતાની છેવટની ઇચ્છાને પરિપૂર્ણ કરવા પોતે જઈ શક્યો નહોતો. એના બાળહૃદયને એમ લાગતું હતું, કે પોતે જીવતો રહેવા ઘેર આવ્યો અને પેલા બાપડા ગરીબ બાપદીકરો પોતાની ખાતર મરવા માટે ગયા!

શીખ બચ્ચો જો દિલ્હીમાં ફરતો દેખાય, તો એને માટે મોત સિવાય બીજી કોઈ સજા ન હતી; એટલે આ બાપદીકરાએ મુસલમાનનો વેષ પહેર્યો. કોઈનું પણ ધ્યાન ખેંચ્યા વિના એ દિલ્હીમાં દાખલ થયા. થોડાક કલાક તો ઓછી અવરજવરવાળા લત્તામાં તેઓ આથડ્યા અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાતને છુપાવી. પછી રાત પડી એટલે જ્યાં તેગબહાદુરનું શબ પડયું હતું, ત્યાં ગાડું લઈને ગુપચુપ પહોંચી ગયા. પોતાના મહાન સરદારનું મડદું આવી હાલતમાં ભર-બજારમાં રખડતું પડેલું જોઇને એમનું હૃદય ભરાઈ ગયું; પણ ત્યાં કોઈ રખવાળ હતા નહિ તેથી તેમને એક પ્રકારની નિરાંત થઈ. ગુરુનો વધ થયે કેટલાક દિવસો વીતી ગયા હતા. હજુ સુધી કોઈએ શબ લેવા આવવાની જિગર કરી નહોતી. ચોકીદારોએ વિચાર્યું કે "હવે કોઈ ફરકશે પણ નહિ. બાદશાહના રાજમાં સબ સલામત છે. મડદાની પાસે તો કોણ બેસી રહે? ચાલો મોજ કરીએ."

ગુરુનું શબ આ રીતે સૂનેસાટ પડ્યું હતું. ખૂબ ભક્તિભાવથી બન્ને જણે તે ઊંચકીને ગાડામાં લીધું ને પોતાનાં વસ્ત્રોથી ઢાંકી દીધું. પણ હવે શું કરવું? બાદ-શાહના રાજમાં કાંઈ સાવ અંધાધૂંધી નહોતી ચાલતી. ચોકિયાતો ગમે ત્યાંથી ગમે ત્યારે આવી ચડે એવો પૂરો સંભવ હતો. જો એ લોકોને ખબર પડે, કે મડદું ઉઠાવીને કોઈ રફુચક્કર થઈ ગયું છે, તો તો જોઈ લો મઝા! બાદ-શાહનાં ઘોડાં દશેદિશામાં દોડી રહે. ઠચુક ઠચુક ચાલતું ગાડું તો ઘડીના છઠ્ઠા ભાગમાં સપડાઈ જાય. ગુરુનું મડદું પાછું લાવવામાં આવે; એટલું જ નહિ, પણ લઈ જનારાઓને પણ મારીમારીને મડદાં જ કરી નાખવામાં આવે.

આ આફતમાંથી ઊગરવાનો એક જ ઉપાય હતો; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે એ, કે બેમાંથી ગમે તે એક જણે ગુરુના મડદાની જગ્યાએ પ્રાણની પરવા કર્યા વિના પડ્યા રહેવું, અને અમુક વખત વીતી ગયા પછી લાગ જોઈને નાસી છૂટવું. બાપદીકરો વિચાર કરે છે: "કોણ સૂઈ રહે? કોણ જાય?" બન્નેની આંખો એકબીજાને સંસારનો છેલ્લો પ્રશ્ન પૂછી રહી છે: "કોણે જીવવું? કોણે મરવું?"

પિતૃભક્તિ, ગુરુભક્તિ અને ધર્મભાવથી પ્રેરાયેલો પુત્ર બોલે છે: "બાપુ! ગુરુની જગ્યાએ મને રહેવા દો!"

"નહિ, બેટા, કદી નહિ. તેં હજી શું જોયું છે? તારા દાંતમાં તો હજી માતાનું ધાવણ મહેકે છે. તું ઊગતો છોડ છે. કુટુંબની ને ધર્મની તું આશા છે. સમશેર લઈને રણમાં ઘૂમવાના મારા દિવસો હવે પૂરા થયા છે. આ આંખે હવે જિંદગીનો પટ ઝાંખો લાગે છે, તો ય શીખનો છાજે એ રીતે મરતાં તો મને આવડે છે. એ મૃત્યુનો લહાવ મને લેવા દે. ભાઈ, પાછો વળી જા!"

"અમે તો ત્રણ ભાઈઓ છીએ." શીખ બચ્ચો જવાબ આપે છે. "હું જઈશ તો ય બીજા બે રહેશે; પણ તમારી જગ્યાએ કોણ? ઘરના મોભ તો તમે છો. મોભ તૂટશે તો વળીઓ લબડી પડશે."

"જીભાજોડી કરવાનો આ વખત નથી. જો સવાર થઈ જવા આવ્યું છે. બાદશાહના સિપાઈઓ ગમે ત્યાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી ચડશે, ને જીતેલી બાજી હારી જઈશ; માટે મને જ રહેવા દે; ને તું ગુરુના શબને લઈને એકદમ ગાડું હાંકી મૂક."

બાપના શબ્દોમાં હવે તો ચોખ્ખો હુકમનો જ રણકાર હતો, તોય દીકરો આનાકાની કરવા લાગ્યો. બાપ જેવો બાપ મરે ને પોતે જીવતો જાય એ તે કેમ બને? પોતે મરે તો શો વાંધો હતો? બીજા બે ભાઈઓ તો હતા જ અને સૌના આધાર જેવો પિતા જીવી જતો હતો. આત્મ-ત્યાગથી ઉભરાતા એના યુવાન હૃદયને આ ગણિત એવું તો ગમી ગયું હતું, કે એ એકનો બે ન થયો. ભાવના-શાળી પુત્રના મુખ પરની નિશ્ચયરેખાઓ અનુભવી પિતાએ વાંચી લીધી. જો બાદશાહના સિપાઈઓ આવી ચડે તો બધો ખેલ ખલાસ! બે ય જણ કૂતરાથી ભૂંડા મોતે મરે ને તેગબહાદુરના શબને અમૃતસર પહોંચાડવાનો મુખ્ય અને મહાન હેતુ તો હતો ન હતો થઈ જાય; અને આ નિષ્ફળતા યુવાન ગુરુ ગોવિંદસિંહ માટે તો જિંદગીભરના વિષાદનો વિષય બની જાય. વિચારની આટઆટલી વીજળીઓ વૃદ્ધના મગજમાં એક ક્ષણમાં ઝબૂકી ગઈ. એક ક્ષણમાં એણે કમરમાંથી ખંજર ખેંચીને છાતીમાં હુલાવી દીધું ને "જયગુરુ!"નો ધીમો, પવિત્ર, પણ વિજયના મસ્ત લલકાર સમો શબ્દ પુત્રના શ્રવણોને પાવન કરી રહ્યો.

વૃદ્ધનું મુખ અગાધ આનંદ ને અનંત શાંતિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મિતથી પ્રકાશી રહ્યું. પુત્ર ક્ષણભર થંભી ગયો, પણ એ ય મરનાર પિતાનો જ વીર પુત્ર હતો. વિષાદને વેગળો કરીને એણે પિતાના શબને જાણે ગુરુનું શબ પડ્યું હોય એ રીતે પોષાક ઢાંકીને ગોઠવી દીધું, ને છાતી પર સો-સો મણના પથ્થરો મૂકીને અમૃતસર ભણી હંકારી મૂક્યું.

યુવાન ગુરુ ગોવિંદસિંહે તેગબહાદુરના શબને સુંદર સંસ્કારવિધિ કર્યો, ને શીખોના સરદારને છાજતી ભવ્ય અંજલિ આપીને પિતાની છેલ્લી ઇચ્છાનું પરિતર્પણ કર્યું.

જેણે મરીને જીવી બતાવ્યું હતું એવા વૃદ્ધ ગાડાવાળા માટે અને એના બહાદુર પુત્ર માટે યુવાન ગુરુના દિલમાં જે લાગણી ને જે માન જન્મ્યાં હશે, એને માપવા માટે આપણી પાસે શું સાધન છે?

એ આત્મત્યાગ, એ ગુરુભક્તિ ને રાજભક્તિના ઉજ્જવળ સંભારણામાં ગુરુ ગોવિંદસિંહે એ કુટુંબને "સિંગ"નો ગૌરવભર્યો ઇલ્કાબ વંશપરંપરા માટે આપ્યો, અને એ કુટુંબના વર્તમાન અને ભાવિ બાળકોને લડાયક શીખોમાં શ્રેષ્ઠ સ્થાને મૂકીને તેમનું બહુમાન કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭ : જવાંમર્દ જૅક

જૅકની મા એક પાદરીની વિધવા હતી. પેટે ભગવાનનાં આલ્યાં ચાર છોકરાં હતાં. પતિ ગુજરી ગયો ત્યારે તો તે ખાસ્સી ભરજુવાનીમાં હતી. બીજું લગ્ન એને ગમ્યું હોત; પણ એના કરતાં એનાં બાળકો એને વધારે ગમ્યાં. વહાલસોયા વસ્તારને લઇને એ તો ગામડે રહેવા ચાલી ગઈ. ચાર બાળકોમાં જૅક ને ડિક નામે બે છોકરા અને બે છોકરીઓ હતી. પેટે પાટા બાંધીને એણે બાળકોને ઉછેર્યાં; એટલું જ નહિ, પણ પોતાના પગભર ઊભાં રહી શકે એટલી કેળવણી પણ આપી છૂટી. જૅકની માએ શું વેઠયું છે એનો તો ભગવાન સાક્ષી છે. ડિક તો પત્રકાર થયો. એક પુત્રીએ બૅરિસ્ટર સાથે અને બીજીએ સૈનિક સાથે લગ્ન કરી લીધાં. આ બધાં તો જાણે આ દુનિયાનાં માણસો હતાં. એમનામાં કંઈ કહેવણ નહોતી. સ્વભાવે શાંત હતાં અને એક પગલાનો માગ કરીને બીજું ભરવા જેટલી સમજશક્તિ એમને નાનપણથી વરી હતી. એમનો સંસાર જોઈને માનું કાળજું ઠરતું હતું.

પણ જૅકની તો વાત જ જુદી હતી. એના પંથ ન્યારા હતા. એ તો કોઈ જુદી જ માટીનો જવાન લાગતો હતો. નિશાળમાં જઇને એ માત્ર બે વાત શીખ્યો—એક તો છુપાઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલી પ્રાણીઓને પકડતાં ને બીજું છટાદાર અંગ્રેજી બોલતાં. આ બે કલાઓએ એને જ્યાં ગયો ત્યાં માર્ગ કરી આપ્યો. ગણિત, ઇતિહાસ, લેટિન અને ગ્રીકમાં એને ઝાઝી ગતાગમ ન પડી. આવા વિષયોની એને પડી પણ નહોતી, પણ પશુપંખીઓના જીવનમાં તો એ પારંગત થઈ ગયો; અને મુખ પર ફરકતા સ્મિત સાથે એ જ્યારે અંગ્રેજી બોલતો ત્યારે તો સાંભળનારાં બસ એને સાંભળી જ રહેતાં. વાર્તાલાપમાં એ અદ્ભુત લાગતો. બધાં એની જબાનના જાદુ પર આફરીન પુકારતાં. દરેકને એમ જ થતું, કે બસ એ બોલે જ રાખે તો સારું. ખરેખર જેક તો જાણે જબાનથી જગત પર રાજ્ય કરવા જન્મ્યો હતો ! તલવારથી મહારાજ્યો સર કરતા વિજેતાની જેમ સ્મિતથી એ અનેકનાં હૃદયોને સર કરી લેતો. જેકને અનેક મિત્રો મળ્યા; એટલું જ નહિ, પણ એક રેડિયો સ્ટેશન પર સમાચારો વાંચવાની જગ્યા પણ એને મળી ગઈ. એની પહેલી નિમણૂંક થઈ ઇંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે દોડતી આગબોટ પર. અહીંથી એને સમાચારો વાંચવાના હતા. જેકને કશું જેવું-તેવું તો ગમે જ નહિ. એ જે કંઈ કરે તે મન મેલીને જ કરે. આ આગબોટ પર એને અનેક પ્રકારનાં માનવી જોવાનાં મળ્યાં. માયાના કંઈક રંગ એણે અહીં જોઈ લીધા; પણ જેકને જંપ નહિ. એક ઠેકાણે ઠરીને ઠામ થાય તો એ જેક નહિ તો ! આગબોટ છોડીને એ તો ઊપડ્યો સિલોનમાં ચાના બગીચાઓમાં કામ કરવા. લંકાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલોમાં પણ એ એકધારી આતુરતાથી આથડ્યો ને ત્યાંનાં અનેક રહસ્યો જાણી લીધાં. કેટલાંક વર્ષો આમ વહી ગયાં ને ૧૯૧૪નું મહાયુદ્ધ આવી પહોંચ્યું.

વતનનો સાદ! માતૃભૂમિની આઝાદી! શૂર પુરુષને તેડું! બસ થઈ રહ્યું. જેકને તો ભાવતું હતું ને વૈદે કહ્યું. યુદ્ધ જેવું યુદ્ધ સામે ચાલીને આવે ને જેક જંપીને બેસી રહે એ વાતમાં માલ નહોતો.

પહેલાં તો એને અનામત હિંદી લશ્કરમાં સૈનિક તરીકે મૂકવામાં આવ્યો. પાછળથી એને પૂર્વ આફ્રિકામાં પણ જવું પડ્યું. લડાઈ તો અહીં અનેક રીતે લડવાની હતી. ખડતલમાં ખડતલ સૈનિકોની સહનશીલતા ત્રાસથી બોલતી થઈ જાય એવે તબક્કે યુદ્ધ પહોંચ્યું હતું. સૈનિક તરીકે જેક અહીં ખૂબ પલોટાયો.

દરેક પરિસ્થિતિને અંત હોય છે. અનંત લાગતા યુદ્ધનો પણ અંત આવ્યો. રણના નાદમાં યૌવનનો સાદ આજ લગી સંભળાયો નહોતો. લડાઈનાં વાજાં બંધ થયાં એટલે લગ્નનાં વાજાં વાગવા લાગ્યાં. 'પરણવા' વાવા લાગ્યો. મેરી નામની એક ઑસ્ટ્રેલિયન નર્સ સાથે જેક પણ પરણી બેઠો. વહુને લઈને સીધું મા પાસે જવું જોઈએ એને બદલે એ અવળો ઑસ્ટ્રેલિયા ગયો. સસરાની ઑફિસમાં સુખચેનની નોકરી મળી. જંગલનો જોગી, રણોનો રખડુ હવે શહેરમાં વસીને સંસાર ભોગવવા લાગ્યો. દીકરો પરણ્યો ને ઠરીને ઠામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો જાણીને ઇંગ્લેન્ડમાં માતાના દિલને પણ શાતા વળી.

જૅકની એક કુટેવને આપણે ભાગ્યે જ જતી કરી શકીએ. પત્રો લખવાની બાબતમાં એ આળસુનો પીર હતો. આટલાં વર્ષોમાં બિચારી ડોશી પર સમ ખાવાનો કાગળ પણ એણે લખ્યો નહોતો; પણ વહુના દિલમાં દેવનો વાસ હતો. જે સાસુને એણે કદાપિ જોઈ નહોતી, તેના પર એ નિયમિત પત્રો લખતી હતી. જૅક માટે તો કશું કહી શકાય નહિ. રંગમાં હોય તો વળી વર્ષમાં એકાદ વખત ને તેમાંય ખાસ કરીને બેસતા વર્ષને દહાડે મા ઉપર અભિનંદનનો એક તાર કરીને આ ભાઈસાહેબ સંતોષ માનતા. જીવનની એ વસંત હતી. આયુષ્યને આંબે હવે મહોર આવ્યો હતો. આંગણામાં બે બાળકો રમતાં હતાં. ભૂરી આંખોવાળાં રૂપાળાં ભૂલકાંના ફોટોગ્રાફ જૅક ઝડપી લેતો ને દિલમાં રામ વસે તો વળી કોઈ વાર ડોશી પર બીડવાની તસ્દી લેતો.

રેડિયો પરની નોકરી તો એને અહીં પણ હતી જ, પણ એ તો વધારાની નોકરી હતી. થોડો વખત રેડિયો પર આપવો પડતો ને તેમાંય બોલવામાં તો બહુ જ ઓછો; પણ એટલામાંય સાંભળનારાઓનો એ દિલોજાન દોસ્ત બની ગયો હતો. શ્રોતાઓને એ ખૂબ ગમી ગયો, એટલે રેડિયો કંપનીએ એને આખા ખાતાનો ડાયરેક્ટર બનાવ્યો. હવે એને માત્ર સમાચારો જ વાંચવાના નહોતા, પણ પ્રસંગો-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાત બીજાં ભાષણો પણ કરવાં પડતાં. એની માને બાપડીને આ બધી ક્યાંથી ખબર હોય? આસમાની પથ્થર-ના મકાનમાં એ તો હજી ય એકલી ને અટૂલી જેમતેમ આયખું વિતાવતી હતી. ભૂતકાળનાં સ્મરણો જ હવે એનાં સાથી હતાં. એક દહાડો એના પર એક પારસલ આવ્યું. ડોશીને તો નવાઈ લાગી. અંદરથી એક ઊંચી જાતનો રેડિયો સેટ નીકળ્યો. કાર્યક્રમ બતાવતી ચોપડી પણ સાથે હતી. દીકરાએ પોતાના હાથે લખીને એક ટૂંકી ચિઠ્ઠી ચોપડીમાં ચીવટથી મૂકી હતી. પોતે જે સ્ટેશનેથી બોલતો હતો, તે કઈ રીતે મેળવી શકાય તેની ચોખવટ કરીને ચોપડીના પાંચમા પાના પર જોવાથી પોતાના કાર્યક્રમોનો સમય મળી રહેશે, એ બતાવવાનું પણ એ ચૂકયો નહોતો.

ડોશીના આનંદનું વર્ણન કોણ કરી શકે? આપણે કલ્પના કરીને જ સંતોષ માનવાનો રહ્યો. હાથમાંથી ગૂંથવાનું કામ એણે તો તરત નીચે મૂક્યું. નકામાં ત્રણ પૈસાનાં થઈ ગયેલાં ચશ્માંને નાકે ચડાવ્યાં ને જાણે કોઈ મહાન ફરજ અદા કરી રહી હોય એવા ભાન સાથે ચોપડી ઉઘાડીને પાંચમા પાના પરનો કાર્યક્રમ જોવા લાગી. પોતાનો છોકરો કશાકનો ડાયરેક્ટર થઈ બેઠો હતો ને અમુક અમુક વખતે બોલવાનો હતો, એટલી વાત તો એ જાણી શકી; પણ આ રેડિયો કોણ ગોઠવી આપે? આ અવસ્થાએ એવી કડાકૂટ એને ક્યાંથી આવડે? એવું બધું એ ક્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભણી હતી? પડોશીએ આવીને તેની મુશ્કેલી ટાળી. ઉત્સાહથી રેડિયો ગોઠવી આપ્યો અને કહ્યુંઃ "ડોશી, ભાઈએ મશીન તો બહુ ઊંચી જાતનું મોકલ્યું છે હો! સાંભળવાની મઝા આવશે."

પડોશી લહેરી હતો. જુદાં જુદાં સ્ટેશન કેમ મેળવી શકાય તે તેણે બતાવ્યું. જુદાં જુદાં સ્ટેશનો પરથી આવતી આકાશવાણી પણ ડોશીને સંભળાવી. ભવાં ચડાવીને, કપાળે કરચલીઓ પાડીને, સૃષ્ટિનો કોઈ સનાતન પ્રશ્ન ઉકેલતી હોય એટલી ગંભીરતાથી ડોશી તો આ બધું જોઈ રહી; પણ કંઈ ગમ પડી હોય એમ લાગ્યું નહિ.

"જ્યારે હું અહીંથી ફેરવું છું ત્યારે ગડગડ ગડગડ સંભળાય છે અને જ્યારે આમ ફેરવું છું ત્યારે યુગોસ્લાવિયામાંથી કશોક લવારો આવે છે. આ તો અદ્ભુત છે, ભાઈ! પણ મને લાગે છે કે મારાથી નહિ શીખાય. આ બધું ભોગવવાના મારા દહાડા હવે વહી ગયા છે. બધાં સ્ટેશનો ફેરવવાની કડાકૂટ મને નહિ ફાવે. તમે એમ કરોને, ભાઈ, જૅક બોલે છે તે સ્ટેશન જ મૂકી આપોને; પછી હું એને ફેરવીશ નહિ. કાયમને માટે એ જ છો રહ્યું. એટલું મારે બસ છે."

ડોશીના ઘર આગળ હવે મજાનો રેડિયો ખડો છે. ઑસ્ટ્રેલિયામાં આવેલું 'એસ' સ્ટેશન હમેશને માટે મૂકી રાખેલું છે. ડોશી એને ફેરવતી જ નથીને! જૅકના અવાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એને જગતનો અવાજ સંભળાય છે. હજારો માઈલથી—દરિયા પારથી દીકરાનો અવાજ આવે છે. એ સાંભળવા માટે ડોશીને હવે એક કળ જ ફેરવવાની રહે છે. રોજને રોજ એનો એ અવાજ, બોલવાની એની એ જ ઢબ; પણ આ વૃદ્ધ સ્ત્રીને એનો કંટાળો નથી. દીકરાને સાંભળતાં કઈ માતાને કંટાળો આવ્યો છે? ડોશીને એમ જ લાગે છે, કે જૅક પોતાને માટે જ બોલે છે ને પોતાની સાથે જ વાતો કરે છે.

"જુઓ, હું ઑસ્ટ્રેલિયામાં આવેલા 'એસ' સ્ટેશન પરથી બોલું છું. હવે આટલા વાગ્યા છે. હવાની ઘોડીએ ચડીને હવે અમારી સવારી તમારા તરફ આવે છે. સાંભળો ત્યારે."

જૅકનું ભાષણ રોજ આવી રીતે શરૂ થતું. એ શું બોલે છે એની ડોશીને પડી નહોતી. પત્રો આવે કે ન આવે, હવે એને પરવા નથી. તાર આવતાં પણ કેટલો વિલંબ? અને આવે તો ય માત્ર બે શબ્દ. રેડિયોની બરાબરી કોણ કરી શકે? મોડી રાત, આસમાની પથ્થરનું ડોશીનું મકાન ને એકાકી ઓરડી! ગંભીર શાંતિને ભેદતો અવાજ આવે છે. દરિયાપારથી દીકરો બોલે છે, માતા સાંભળે છે, અને આ તો હવે રોજનું લાગ્યું છે. જતાઆવતા પડોશીઓ જાણે છે, જુએ છે, સાંભળે છે ને હસે છે. હસવા દો એમને. ડોશીનું હૃદય એ તે શું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજવાના હતા!

વર્ષો વહી જાય છે, વખત બદલાય છે. ૧૯૩૯ના સપ્ટેમ્બરની ત્રીજીએ બ્રિટન અને તેનાં સંસ્થાનો ધરીરાજ્યો સામે યુદ્ધ જાહેર કરે છે, અને જૅક જાત પર જાય છે. સુખચેનનાં આ બધાં વર્ષો દરમિયાન સાગરને ખોળે ઝૂલવા ને જંગલોમાં આથડવા તે તલસી રહ્યો હતો. 'થનારી હોય તે થાય, પણ લડાઈમાં ઝુકાવવું તો ખરું જ.' જૅકે નિશ્ચય કર્યો. પત્ની આ વાત જાણે તો બાજી હાથથી જાય તેમ હતું; એટલે સૈનિકોની ભરતી કેમ થતી હતી તેની તપાસ એ છાનોમાનો કરવા લાગ્યો. શરૂઆતમાં તો કોઈ ઠેકાણેથી એને સંતોષકારક જવાબ મળ્યો નહિ.

"આ તો જુવાનોનું યુદ્ધ છે, અને તમારી ઉંમર તો પચાસથી વધારે છે; તમે ભાગ્યે ચાલી શકો!" લશ્કરી અમલદારો આવા જવાબ આપ્યા કરે છે. જૅક કહે છે: "તેથી શું થઈ ગયું? મને તરતાં ને ઘોડેસવારી કરતાં આવડે છે. હું બંદૂક ચલાવી શકું છું, ને કુસ્તીમાં તો મારાથી અર્ધી ઉંમરના જુવાનને પણ પટકી શકું છું. મને વિમાન ચલાવતાં નથી આવડતું એ વાત સાચી, પણ તમારે બહાદુરોની જરૂર તો છે જ. તમને ગમે તે જગ્યા મને આપોને! શું હું બહુ ઘરડો છું એમ?"

"વાતો તો બધી બહુ સારી છે, પણ અમે ખૂબ દિલગીર છીએ. એક બે મહિના પછી આવજો ને, તમારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માટે શું થઈ શકે, એ ત્યારે જોઈ લઈશું."

લશ્કરી ભરતીનાં લગભગ બધાં સ્ટેશનોએ જેક આ રીતે ફરી વળ્યો. પોતાની ઉંમર વિષે એ જૂઠું બોલ્યો, દલીલો કરી, ધમકી પણ આપી છૂટ્યો ને છેવટે મનમાં ને મનમાં શાપ પણ આપવા લાગ્યો, તો ય એનું મોં તો બસ હસતું ને હસતું! ખુશમિજાજ, ફરકતું હાસ્ય ને છટાભરી સભ્યતા એનાં સદાયનાં સાથી હતાં. ક્રોધ અને નિરાશાની પળોમાં પણ એ એની સાથે રહેતાં ને હજારો નિરાશામાં છુપાયેલી એક આશા શોધી આપતાં. બીજું તો શું, પણ જો એ જોડાય તો મોખરે લડતા કેટલાક જુવાનોને થાક ખાવા પૂરતા છૂટા કરાવી શકે તેમ હતું. એક ઓળખીતા અમલદારે એક દહાડો એને રસ્તામાં રોકીને કહ્યું:

"જેક, તું અમને બહુ ઉપયોગી થઈ શકે તેમ છે. તું રબાઉલ જઈશ? ત્યાં નાળિયેરીની રોપણી ચાલી રહી છે તે સંભાળી લે, તો સહેજે બે-ત્રણ યુવાન અધિકારીઓને છૂટા કરી શકે. એમને યુદ્ધમાં જવાના કોડ છે. તું જઈશ?"

આ વાત જેકને ગળે એકદમ ઊતરે એમ નહોતું. યુદ્ધમાં જવાના કોડ તો એને ય ક્યાં ન હતા? આટલા દહાડે કો'ક અમલદારે એનો ભાવ પૂછયો, ત્યારે કરીકરીને આવી વાત કરી! ક્યાં યુદ્ધ અને ક્યાં નાળિયેરીની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રોપણી ! રબાઉલ તે કંઈ અહીં પડ્યું છે? કેટલું દૂર ને કેવું ડરામણું સ્થળ ? મનુષ્યભક્ષી માનવીઓને-કેનિબાલ લોકોને એ ટાપુ. ત્યાં કોણ જાય ?

"કંઈ નહિ; ચાલો, જઈશું ત્યારે." જેકે નિશ્ચય કર્યો ને ઘેર આવીને મેરીને જણાવ્યું, કે પોતે હવે થોડા દહાડાનો મહેમાન છે. મેરીને આ વાત મુદ્દલ ન ગમી. રબાઉલનું પાણી તદ્દન ખરાબ હતું. તાવનું સામ્રાજ્ય તો ત્યાં યાવચ્ચંદ્રદિવાકરૌ તપતું હતું. ત્યાંનો જનાર શત્રુને હાથે મરે તે પહેલાં ટપ દઈને તાવથી મરતો; અને ત્યાંના રહેવાસી ? કાળા કેનિબાલ પેસિફિક મહાસાગરના ભયંકરમાં ભયંકર ને જંગલીમાં જંગલી લોકો ગણાતા. બાકી, પગાર સામે મેરીને કાંઈ કહેવાનું નહોતું. પગાર તો સારો હતો જ; પણ પૈસો તો જીવનનો એક અંશ છે-જીવન સર્વસ્વ નથી જ, એ વાત મેરીને સમજાવવી પડે તેમ નહોતી. પોતે એકલી પડશે, બાળકો આધાર વિનાનાં થશે, એના કરતાં તો યુદ્ધમાં ખપી જવું સારું ! રબાઉલમાં બહાદુરી બતાવવાનો પ્રસંગ જ નહિ મળે; ત્યાં તો રોગ રાહ જુએ છે. કોઈ કેનિબાલની કારમી ચોટ કો'ક દહાડો બહાદુરી બતાવવાની એક ક્ષણ પણ આપ્યા વિના એનો અંત આણશે. મેરીએ આવી આવી તો ઘણીએ દલીલો કરી ને અંતે હારી. જેક એકનો બે ન થયો, ને ન્યુ બ્રિટન તરફ ઊપડી ગયો. વહાણમાં પગ મૂકતાંવેંત એને જણાયું, કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ બધા ઉતારુઓ એની ઉંમરના હતા. જુવાનીનો પૂરો કસ કાઢી ચૂકેલા એ વિક્રમશીલ વીરો હતા. જીવનનો મધ્યાહ્ન એમણે જોયો ને જોગવ્યો હતો. આયુષ્યની સંધ્યા ઉજાળવા આજ એ કોઈ અજાણે દેશ ઊપડતા હતા. દરેકનો અનુભવ પણ લગભગ સરખો હતો. એશિયા, આફ્રિકા ને દક્ષિણ અમેરિકાનાં જંગલો સૌએ ખૂંધાં હતાં. ઘણાખરાને પ્રાણીજીવનનો પાકો અનુભવ હતો. પોતે જશે તો કેટલાક જુવાનો છૂટા થશે ને માતૃભૂમિને ખાતર મોખરે લડવા જઈ શકશે. જતી જુવાની પાસેથી આટલું કામ કઢાવી લેવાય તો ઓછું નથી, એ એક આશ્વાસનને અંતરમાં ભરીને જેક ઉપડતો હતો.

કાંઠે પહોંચ્યા એટલે છૂટા થનાર જુવાનોએ આ વૃદ્ધ જુવાનોનું ભારે ઉત્સાહથી સ્વાગત કર્યું. ૧૯૪૦નું એ વર્ષ હતું. બ્રિટન માટે એક ઉત્તમ પળ આવી ને ગઈ. જેનો જોટો ન જડે એવી જંગાલિયતના જીવતા નમૂના સરખો ઉત્તર સમુદ્રનો એ એકાકી ટાપુ અજિત રહી ગયો.

પછી તો પર્લબર્ક, સિંગાપુર, જાવા ને રંગૂન પર જાપાન ત્રાટક્યું, ને રબાઉલનું નામ પણ છાપામાં ચમકવા લાગ્યું. જેકની મા હજી ય એટલી જ આતુરતાથી દરેક રાતે રેડિયો પર બેસીને સમાચારો સાંભળતી હતી. સ્ટેશન 'એસ' પરથી હવે પુત્રનો નહિ, પણ કોઈ અજાણ્યો અવાજ સંભળાતો હતો. રબાઉલ ઉપર પણ દુશ્મનોના હલ્લા શરૂ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ગયા હતા. જેકની નાની ટુકડી પર શત્રુઓની ભારે ભીંસ હતી. એક દિવસ મેરી તરફથી ડોશી પર ટૂંકો તાર આવ્યોઃ

"જેક ગુમ! કેદ થયો મનાય છે."

પડોશીઓએ ડોશીને હિંમત આપીને કહ્યું, કે જેક જાપાનીઓથી ગાંજ્યો જાય તેમ નથી, ને એમની ગમે તેવી જેલો તોડીને નાસી છૂટશે.

આ બધું તો ઠીક છે, બાકી માનવીનાં હૈયાં તો બધે ય સરખાં. એ વૃદ્ધ વિધવાની આસમાની આંખોનો આનંદ ઊડી ગયો. એનું હૃદય ભાંગી પડ્યું. જાપાનીઓના હાથમાં પડેલો પુત્ર હવે પાછો વળનાર નહોતો.

અઠવાડિયાં પસાર થઈ ગયાં છે. સાંજ પડે છે, રેડિયો પાસે બેઠા વિના ડોશીને ચેન પડતું નથી. પેસિફિકમાંથી આવતા સમાચારો એ ધ્યાનપૂર્વક સાંભળે છે. પરિસ્થિતિ જરા ય આશાસ્પદ નથી. સમાચારોમાં રબાઉલનું નામ વારંવાર આવે છે. હવે એ ટાપુ જાપાનીઓના હાથમાં છે. ઑસ્ટ્રેલિયામાં મેરી પણ ખૂબ ચિંતાતુર છે. છેલ્લા કેટલાક મહિનાથી જેક વિશે એણે કશું સાંભળ્યું નથી.

સત્તાવાળાઓ કહી કહીને એટલું જ કહી શકે છે, કે જેક અને બીજા માણસો રબાઉલમાંથી વખતસર નાસી છૂટ્યા નહોતા. મેરીએ રેડક્રૉસને પણ લખી જોયું. બીજે અનેક ઠેકાણે તારટપાલ અજમાવી જોયાં, પણ ખબર કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતર! શત્રુઓ તરફથી કેદીઓની યાદીઓ પૂરી પાડવામાં આવતી નથી. ગુમ થયેલાઓ માટે બનતી બધી તલાશ થઈ રહી છે. જેક વિષે કંઈ માહિતી મળશે તો મેરીને તેની જાણ કરવામાં આવશે. એ સિવાય સત્તાવાળાઓ પાસે બીજો જવાબ નથી.

એક સાંજે જેકની મા રેડિયોની કળ ફેરવે છે. સમાચારો સાંભળી સાંભળીને એ ય હવે થાકી છે. એના એ શબ્દોથી શરૂઆત થાય છે; સમાચારો વંચાય છે. કોણ જાણે ક્યાંથી સમાચારોમાં આજ જેકનું નામ આવે છે. ડાયરેક્ટરનું ઉત્સાહી ભાષણ આગળ વધે છે.

"તમે સૌ માસ્ટર જેકને ભાગ્યે ભૂલ્યાં હો! આ સ્ટેશન પરથી એ વર્ષો સુધી બોલ્યા છે ને પોતાનાં પ્રભાવશાળી ને પ્રોત્સાહક ભાષણોથી તમને રીઝવ્યાં છે. ઘણો વખત થયાં એમનો મોહક અવાજ દુર્લભ બન્યો હતો. એમના સેંકડો શ્રોતાઓ એમને વિષે રોજ પૂછપરછ કરતા હતા. આજે ને અત્યારે જ તમે એમને સાંભળશો એવું હું કહું તો તમે કદાચ નહિ માનો; પણ વાત તદ્દન સાચી છે. આજ સવારે જ એ અહીં આવી પહોંચ્યા છે. મારી પડખે આ માઈકની પાસે જ ઊભા છે. પોતાના છુટકારા વિષે એ તમને કંઈક કહેશે. માસ્ટર જેક!"

એક સુંદર હાસ્ય સંભળાય છે. સેંકડો શ્રોતાઓનો જાણીતો ને માનીતો વાણીપ્રવાહ શરૂ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મિત્રો, તમારી સૌની વચ્ચે પાછા ફરતાં મને અત્યંત આનંદ થાય છે. રેડિયો કંપનીની એવી ઇચ્છા છે, કે જાપાનીઓના હાથમાંથી અમે કેમ છટક્યા એ વિષે મારે તમને કંઈક કહેવું. એમાં લાંબું કંઈ કહેવાનું નથી. જે કંઈ છે તે સારી રીતે કહેવાનો પ્રયત્ન કરીશ; પણ એક મિનિટ માટે મને માફ કરશો. સૌથી પહેલાં હું મારા વહાલામાં વહાલા હૃદય સાથે વાત કરીશ."

એક ઊંડો શ્વાસ; અને જાણે કોઈને બોલાવતો હોય એમ એનો અવાજ ઊંચે ચડ્યો.

"મા! મા! મને ખાતરી છે, કે તું સ્ટેશન 'એસ' સાથે ટેવાઈ ગઈ છું. હા, એ તો હું છું. હું જૅક એ તો–સાજો ને તાજો. અહીંથી હું તારી સાથે વાતો કરું છું. મેરી અને છોકરાં બધાં અહીં મારી સાથે સ્ટુડિયોમાં જ બેઠાં છે. કેટલોક વખત થયાં તને પત્ર નથી લખાયો તે બદલ દિલગીર છું. જાપાનીઓ સાથે અમારે ચિંતાજનક પ્રસંગ પડ્યો હતો, પણ હવે બધું બરાબર છે. કશી ચિંતાની જરૂર નથી. મેરી કહે છે, કે હું જરાક સુકાઈ ગયો છું; પણ ગયો ત્યારે જરાક ચરબી વધારે હતી; એટલે જે થયું છે તે બરાબર જ થયું છે; અને હવે ન્યુ બ્રિટનમાં જે ચાલી રહ્યું છે તે વિષે ઑસ્ટ્રેલિયાની પ્રજાને મારે કંઈક કહેવાનું છે. જો સાંભળીશને?"

જૅક થોડીક મિનિટો સુધી બોલ્યો. રબાઉલ પાછળનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલોમાં એની ટુકડીએ કરેલાં રોમાંચક સાહસો ને રુવાં ખડાં કરી દે તેવી આફતો તેણે કહી બતાવી. એમનાં દિલ-ધડક પરાક્રમોની વિગતવાર હકીકત આપણને મળે તેમ નથી; કારણ કે જોકે કાગળ પર કશું લખ્યા વિના મોઢેથી જ રેડિયો પર બોલેલો. એ પોતે પોતાની વાતો લખવા બેસે એવો હતો જ નહિ; એટલે આપણો આધાર તો પંદર મિનિટ એ જે કંઈ બોલેલો, તેની આછીપાતળી નોંધ પર જ રહે છે. લોકો કહેશે, કે આ તો દૂરપૂર્વનાં દુશ્મનોના હાથમાં ગયેલાં સંસ્થાનોમાંથી આપણા જે અનેક વીરો છટક્યા, તેમાંના એકની કથા છે; પણ મોતને મૂઠીમાં લઈને ફરનારા આવા બહાદુરિયાઓ પોતાની વાત ભાગ્યે જ કરે છે. આ પુરુષોએ શું વેઠયું છે, તેનો ખ્યાલ ન્યૂ બ્રિટનનાં અણખેડ્યાં ને અભેદ્ય જંગલોને જોયા વિના કદાપિ આવે તેમ નથી. જોકે પ્રત્યેક પ્રસંગ પર સુંદર પ્રકાશ ફેંક્યો. મીઠુંમરચું ભભરાવ્યા વિના, ગાંઠનું કશું ઉમેર્યા વિના, જે સાથીઓ પોતાની સાથે છટક્યા હતા ને જેઓ મદદ આવતાં પહેલાં મૃત્યુને ભેટ્યા હતા, તેમની જવાંમર્દીને તેણે બિરદાવી; પણ પોતાની અખટ સહનશક્તિ, અડગ હિંમત ને વીજળી સરખી સ્ફૂર્તિ વિષે તે એક શબ્દ પણ બોલ્યો નહિ. આપણે એના જ શબ્દો સાંભળીએ:

"જાપાનીઓ આવ્યા. બહુ જ ખરાબ દશામાં તેમણે અમને પકડી પાડ્યા. અમે બારેક જણ હતા. એક પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસ્તો સારો ન મળે. અમે ભાગ્યે જ એકબીજાને જોઈ શકતા. પરિસ્થિતિ ગંભીર જણાઈ એટલે આપણાં વહાણો જો અમને લઈ જવામાં નિષ્ફળ નીવડે તો શું કરવું તે અમે સંતલસથી વિચારી લીધું. લડાઈનાં સાધનો ને ઉપયોગી સરંજામ અમે એકઠો કરવા માંડ્યો. એના વપરાશનો સમય જ્યારે આવી પહોંચ્યો, ત્યારે તો અમારી તૈયારી બહુ સારી સ્થિતિએ પહોંચી ચૂકી હતી! અમારી પાસે બીર પણ હતો!"

જેક મનમાં જરાક હસ્યો ને પછી પોતાની ટુકડીનું શિસ્તપાલન, વ્યવસ્થાશકિત ને જાપાનીઓને થાપ આપવા માટે કરેલી યુક્તિઓને અચ્છો ખ્યાલ આપ્યો. એક દિવસ દુશ્મનોનાં વિમાનો માથા પર ઝઝૂમતાં હતાં. બની શકે તેટલા મજૂરો જેકે ભેગા કર્યા. પોતાના મૂઠીભર મરણિયા વીરો સાથે તેઓ જંગલો વીંધવા લાગશે કે પછી પેલા પીળા રાક્ષસોની ગુલામી કરવા ત્યાં જ પડ્યા રહેશે તે તેમને પૂછી જોયું. દરેક મજૂર તેની સાથે આવવા તૈયાર થયો. ઉપયોગી એવી બધી વસ્તુઓ તેમણે ભેગી કરી ને દુશ્મનના હાથમાં ન જાય તે ખાતર અનેક વસ્તુઓનો વિનાશ કર્યો. વિનાશની જવાળાઓ જ્યારે નજદીકની હવાને કંપાવી રહી હતી ત્યારે તેઓ ચાલી નીકળ્યા. વણખેડ્યાં ને વિકરાળ એવાં એ જંગલો હતાં. કોઈ ગોરાનો પગ હજી સુધી અહીં પડયો ન હતો, ને ભાગ્યે જ કોઈ કાળા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીની ફ્રીફ્રી આ અંધારને વીંધી શકી હતી. રાતે ચાલતી એ ઝડપી ને ભયંકર કૂચ હતી, તો ય કેટલીક સ્ત્રીઓ સાથે ચાલી નીકળી ને પોતાના મર્દોને અનેક રીતે સાથ દેતી આગેકદમ કરવા લાગી. ચરણોમાં ભોરિંગ ફૂંફાડે છે. જંગલી પશુઓની વિકરાળ ગર્જનાઓ જંગલની ગાઢ શોભાને ચીરતી કાનના પડદાને કંપાવે છે. મચ્છરો એમના જીવતા શરીરોને ફોલે છે, ને આ કાફલો આગળ ને આગળ ધપ્યે જાય છે. છેવટે એક જગ્યા આવે છે. શત્રુઓથી એ કંઈક સલામત લાગે છે, ને આ મૃત્યુના મુસાફરો ત્યાં થાણું ઠોકીને જીવનની મહેફિલ માણે છે. આવીને તરત જ આ ગાઢ જંગલમાં એક નાનકડી કેડી તૈયાર કરવા એ મંડી પડ્યા. નદીની માછલીઓ ને વનનાં પંખી અહીં એમનો તાજો ને મનભાવતો ખોરાક બની જાય છે. શિકારમાં ય અહીં શાંતિની જરૂર છે. રાઈફલનો ઉપયોગ અહીં થઈ શકતો નથી. શિકાર કરતાં જો અવાજ થાય તો સરવા કાનવાળા શત્રુઓ આવી પહોંચીને એમનો જ શિકાર કરી નાખે! આમ ને આમ અનેક સાહસોની વચ્ચે સાડત્રીસ દિવસ વહી જાય છે; પણ આ વિષે આપણે જેકના પોતાના જ શબ્દો સાંભળીએ:

"આ જંગલમાં આ રીતે ત્રણેક અઠવાડિયાં અમે રહ્યા હોઈશું ને રુવાં ખડાં કરી દે એવી એક ભયંકર પળ આવી પહોંચી. અમે તો ધારેલું કે જાપાનીઓ અમારે વિષે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કશું જાણતા નહોતા. પણ કોણ જાણે ક્યાંથી એમને અમારી ગંધ આવી ગઈ! ખરા બપોર હતા. અમે તો બધા ઝોકાં ખાતા હતા ને જાપાનીઓની ચોકી આવી પહોંચી. અમારો એક કાળો આદમી નદીકાંઠા પરના એક ઝાડ પર હતો. આ બિરાદર એક જાપાનીના ખભા પર પડ્યા! ઇરાદાપૂર્વક સાવધાનીથી મારેલો આ ભૂસકો નહોતો. જાપાનીઓના ઓચિંતા ફૂટી નીકળવાથી એમને નવાઈ લાગેલી ને મોતિયા મરી ગયેલા તેનું એ પરિણામ હતું.

"જાપાનીના માથા પર એ ઊંધે માથે પડ્યો એટલે બેય જણા સીધા નદીમાં જ ગયા! નદીમાં બન્નેએ કુસ્તી શરૂ કરી દીધી. બીજા જાપાનીઓએ બૂમો મારી ને એક તો રાઈફલ ફોડવા જેટલી મૂર્ખાઈ પણ કરી બેઠો! અમારા માણસોએ એ અવાજ સાંભળ્યો ને પછી તો આખું ટોળું ત્યાં ધસી આવ્યું. એક પણ જાપાની રબાઉલમાં પાછો વળી શક્યો નહિ.

"પણ એમની ખબર કાઢવા હવે બીજા જાપાનીઓ આવ્યા વિના રહેવાના નથી, એ વાત અમે મનોમન સમજી લીધી ને ત્યાંથી પોબારા ગણ્યા. આ રીતે નાસવું એ નાના છોકરાના ખેલ નહોતા. દુશ્મન વિમાનો જ્યારે જ્યારે માથા પર જણાય ત્યારે જમીનમાં સંતાઈ જવું પડતું: સદ્ભાગ્યે વરસાદ નહોતો, તો ય ઝાડનાં પાંદડાંમાંથી પાણી ટપક્યા કરતું, એટલે કોરામોરા તો અમે ભાગ્યે જ રહી શકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બરાબર પાંચ અઠવાડિયાં સુધી આ પંથહીણ પંથની મોજ અમે માણી. જંગલ પૂરું થયું ને કંઈક સરખી ધરતીનું મોં જોવા પામ્યા; પણ મોત અમારી આગળ ચાલતું હતું. એક સવારે એક દુશ્મન વિમાનની ઝપટમાં અમે આવી ગયા. વિમાની ખૂબ નીચે ઊતરી આવ્યો. ચક્કર લગાવતો જાય ને બાજુમાંથી વળીવળીને અમને જોતો જાય. અમે લાકડું સળગાવ્યું ને એના ધુમાડાથી એને 'સિગ્નલ' આપ્યો. સારે નસીબે અમારી પાસે દુશ્મનનો વાવટો હતો. અમે તેને જમીન પર પાથરી દીધો. વિમાનીએ તે જોયો, હાથ હલાવ્યો ને ઊડી ગયો. અમે આબાદ બચી ગયા!

"અમારી પાસે એક નાનો 'વાયરલેસ' હતો. એના પર ઝિલાતા સંદેશા અમે સાંભળતા ને અમારી ચારે બાજુએ શું ચાલી રહ્યું છે તે જાણી શકતા; પણ સંદેશા મોકલવાની જિગર હજી ય નહોતી. શત્રુઓ અમારી પરિસ્થિતિ જાણી જાય તો આરે આવેલું વહાણ ડૂબે તેમ હતું; તો ય એક દિવસ એ સાહસ કર્યું. અમારી સંખ્યા જણાવતો ને મદદ મોકલવાની વિનતિ કરતો એક સંદેશો અમે રવાના કર્યો. આપણી સરકારને એ પહોંચ્યો; એટલું જ નહિ, પણ એનો જવાબ અમને મળી ગયો. અમે છુટકારાનો દમ લીધો.

"મારે હવે કંઈ કહેવાનું નથી. અમારા દુઃખના દહાડા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂરા થયા હતા. ઑસ્ટ્રેલિયાની સરકારે અમારે માટે એક ખાસ વિમાન મોકલ્યું. એ વિમાનીનું નામ હું આપી શકતો નથી; પણ એને ધન્યવાદ ઘટે છે. એ જંગલમાં ખીસાના રૂમાલ જેટલી પહોળી એક કેડી અમે તૈયાર કરી હતી.

"વિમાન ઊતરતાં એના પર એ ખૂબ પટકાયો ને એના શરીરને ગંભીર ઈજા પહોંચી, તો ય એ પાંચ વાર આવ્યો ને ગયો ને અમને સૌને ઘર ભેગા કરી દીધા. યુદ્ધમાં અમે જેને ભૂલી ગયા હતા, પણ હમણાં હમણાંમાંથી જે ખૂબ યાદ આવતું હતું, એ ઘર ભેગા અમે થઈ ગયા.

"બસ ત્યારે! હું માનું છું, કે અત્યારે આટલું બસ છે. તમો સૌને મધુર શાંતિભરી નિદ્રા ઇચ્છું છું. મા! જાગે છે કે? બસ ત્યારે!"

હસતું ને હસાવતું, જીવનના અમૂર્ત આનંદોને આકાર આપતું એક હાસ્ય સંભળાઈને શમી જાય છે ને રેડિયો પર બીજો કાર્યક્રમ શરૂ થાય છે.

એ સાંજે ડોશી પર મેરીનો ચાર શબ્દોનો તાર આવે છે:

"જેક, સલામત અને સુખી."

બીજે દિવસે, શેષ જીવનના આનંદો ને ઝંખનાઓને એકીસાથે એક જ વાકયમાં નિઃશેષપણે કહી નાખતો ડોશીનો તાર મેરીને મળે છે.

"મેં એને બોલતાં સાંભળ્યો છે."

 CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮ : હાથીનાં વેર

હાથીઓની એ અદ્‌ભુત ત્રિપુટી પહેલવહેલી ત્યાં ક્યારે આવેલી એ વિષે રેનાલ્ડને કોઈ કશું કહી શક્યું નહિ. ઉત્તર રોડેશિયાના મ્પીકા જિલ્લાના એ કલેક્ટરને એ ત્રણે હાથીઓની વાતોમાં ખાસ રસ હતો; કારણ કે ટોળામાં રહેતા બીજા હાથીઓથી એ તદ્દન નોખા પડી આવતા હતા અને એકબીજાથી કદાપિ વિખૂટા પડતા ન હતા. ત્યાંના આફ્રિકનોએ રેનાલ્ડને જણાવ્યું, કે હાથીઓનું એ ત્રેખડું તો વર્ષો થયાં એ પ્રદેશમાં ઘૂમતું હતું ને મ્પીકા જિલ્લામાં એકેએક જણ એમને પિછાણતો હતો. સરકારી કચેરીની આજુબાજુના માઇલો સુધીના વિસ્તારમાં ભાગ્યે કોઈ યુરોપિયન કે આફ્રિકાવાસી હશે જે શિકુલુ, ચુમા ને ચેન્દારૂતાની ત્રિપુટીને ન ઓળખતો હોય.

શિકુલુ મહાબળવાન અને પ્રચંડકાય હાથી હતો. એના એકેક દંતૂશળની કિંમત હજાર હજાર પૌંડ અંકાતી. ચૂમા ને ચેન્દારૂતા શિકુલુના પ્રમાણમાં કંઈક નાના હતા, એટલે એમના દાંતનું એટલું બધું આકર્ષણ નહોતું; પણ ટાંગાનિકા સરોવરની આજુબાજુ જે ઐરાવતો આથડતા, એમાં દંતૂશળની લંબાઈ અને તેની કિંમતની દૃષ્ટિએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકુલુનો નંબર પહેલો આવતો. રેનાલ્ડ હોદ્દા પર આવ્યો કે તરત જ ત્યાંના ગામડિયાઓએ એ ત્રણે માતંગો વિષે અનેક વાતો કરીને એના હૃદયને રસથી ભરી દીધું.

'અમે તો હમેશાં એમને ત્રિપુટીમાં જ જોયા છે. ખીજવ્યા વિના કોઈ દહાડો એ કોઈના પર હુમલો કરતા નથી. ખેતરોમાં પણ બીજા હાથીઓના કરતાં એ બહુ ઓછો ભેળાડ કરે છે. અમે પણ એમને કદાપિ રંજાડતા નથી. લોકોને એમને માટે ઘણું માન છે.'

રેનાલ્ડ પણ એ ત્રિપુટી તરફ બહુ માનની નજરે જોતો થઈ ગયો. યુરોપના અનેક ધંધાદારી શિકારીઓ આ તરફ આવતા ને હાથીદાંત ખાતર હાથીને હણીને ખીસાં તર કરવાનો પ્રયત્ન કરતા. શિકુલુના મહામૂલ્યવાન દંતૂશળ આવા ધંધાદારી રખડુઓની ધ્યાન બહાર નહોતા. પણ રેનાલ્ડે આવો લોભ કદાપિ રાખ્યો નહોતો; ઊલટું, એણે તો ઢંઢેરો પિટાવીને જાહેર કર્યું હતું, કે 'એ ત્રણે હાથીઓ સરકારી રક્ષણ નીચે છે ને જે કોઈ એમને ખીજવશે કે ઈજા કરશે તે સખત સજાને પાત્ર થશે'; અને રેનાલ્ડની ધાક એવી હતી, કે કોઈ એનો ખોફ વહોરી લેવા તૈયાર નહોતું. એટલે આપણા માતંગોની મસ્ત ત્રિપુટી લહેરથી મહાલતી.

હાથીઓ અનેક કારણે બદમાસ બને છે. ટોળામાં રહેતા પ્રત્યેક હાથીને એકાદ યુવાન અને સૌથી બળવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથીની સરદારી વહેલી–મોડી સ્વીકારવી જ પડે છે. એ સરદારનો ય સરદાર થઈ શકે એવો કોઈ બીજો હાથી પાછો ત્યાં આવી ચડે છે. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ ખેલાય છે. જે હારે છે તે ટોળાને છોડીને જંગલમાં એકલો આથડે છે. આવા હાથીઓ સામાન્ય રીતે શાંત અને બિનઉપદ્રવી હોય છે. માથે આવી પડી હોય ત્યારે બહુબહુ તો એ બચાવ કરે, બાકી હુમલા ખાતર હુમલો કરવા જેટલા દુષ્ટ એ ભાગ્યે જ બને છે.

શિકુલુ આવી સ્થિતિમાં આવી પડેલો, હારેલા જોદ્ધા સમો, એકાકી હાથી હતો. એવામાં એના જેવી જ દશા-વાળા બીજા બે ભાઈબંધો એને આવી મળ્યા; અને એમની બિરાદરી એવી તો જામી, કે ત્રણે એકબીજાની છાયા સરખા બનીને ત્યાંનાં ઊંડાં ને ભયંકર જંગલોમાં વિચરવા લાગ્યા. બદમાસ હાથી બને ત્યાં સુધી ભાગ્યે જ બીજાની ભાઈબંધી કરે છે. 'એકથી ભલા બે'–એ સૂત્રમાં માનનારી કોઈ જોડી જડી આવે, તો એ નવાઈ જ લેખાય છે; પણ આ તો ત્રણ હતા. મહોબતને લઇને એક થડની ત્રણ ડાળીઓ જેવા બની ગયા હતા, ને ત્રણેની એક તાકાત પર મુસ્તાક રહીને કોઈને રંજાડ્યા વિના ફરતા હતા; એટલે ત્યાંના લોકમાનસ પર પોતાનું આગવું ને અનેરું આકર્ષણ જમાવી શક્યા હતા. જનતા પાસેથી માત્ર માન જ નહિ, કિંતુ વહાલ મેળવતાં પણ એમને આવડ્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ કરતાં કરતાં રેનાલ્ડને રજા પર જવાનો વખત આવ્યો; અને આ રજાઓ તે કંઈ ચાર દહાડાના ચાંદરણા જેવી નહોતી. એ તો ખાસ્સી આઠ મહિનાની ખરા હક્કની રજાઓ હતી; એટલે એની ગેરહાજરીમાં બીજા કલેક્ટરને આવ્યા વગર છૂટકો નહોતો. ચાર્લ્સ નામના એક યુવાન અંગ્રેજે એનો હોદ્દો સંભાળી લીધો. ચાર્લ્સ મહત્ત્વાકાંક્ષી, ખમતીલો ને બિનઅનુભવી અંગ્રેજ હતો. સૌમ્ય અને ભવ્ય, પ્રચંડ અને પવિત્ર એવી પેલી ગજેન્દ્રત્રિપુટી તરફ લોકોની જે સદ્ભાવના હતી, તે તેને ગમી નહિ. વળી, લોકલાગણી તરફ માત્ર છૂપો તિરસ્કાર કેળવીને જ એ જંપે એવો નહોતો. એને તો શિકુલુના મૂલ્યવાન અને મોહક એવા દંતૂશળની લહે લાગી હતી, જે કોઈ પણ હિસાબે એ હાથ કરવા માગતો હતો. રેનાલ્ડ કે બીજા કોઈને આ વિષે કશી ખબર નહોતી.

પણ લોભના બીજને વડ થતાં કેટલી વાર? સત્તાના સિંહાસન પર એનો પગ જરા સ્થિર થયો, કે તરત જ પેલા ત્રણેને શોધી કાઢીને એમને વગે કરી નાખવા એ અધીરો બન્યો. ત્યાંની વસતિ તો એનો આ ભયંકર નિશ્ચય જાણીને આભી જ બની ગઈ. હાથીઓ તરફ હમદર્દી રાખવી એ તો ત્યાં પરાપૂર્વથી ચાલી આવતી પ્રણાલિકા હતી; અને એ પવિત્ર પ્રણાલિકાનો આવો ઇરાદાપૂર્વક ને છડેચોક ભંગ થતો જોઈને લોકોનાં માથાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરી ગયાં. ચાર્લ્સને સહકાર આપવાની એમણે ધસીને ના પાડી.

પણ ચાર્લ્સ જેવો યુવાન અને અભિમાની અંગ્રેજ એમ નમતું આપે એવો નહોતો. લોકોની ચીડ જોઈને તો એ ઊલટો વધારે ચિડાયો. એમના સહકારની જરા યે પરવાહ ધરાવ્યા વિના પોતાના એક જ માણસ સાથે હાથમાં રાઈફલ લઈને એ જંગલમાં નીકળી પડ્યો.

બરાબર ત્રણ દિવસની લાગટ અથડામણ પછી ચાર્લ્સને હાથીઓનો પત્તો લાગ્યો. ખુલ્લા વિશાળ મેદાનની વચ્ચોવચ ઊભા રહીને એ બિરાદરો એમની મસ્તીમાં ડોલતા હતા. ચારે બાજુએ ઘાસ હતું, પણ એનાથી તો એમની પહાડ જેવી કાયાઓના પગ પણ પૂરા ઢંકાતા ન હતા; ને માથે કાળ ગાજી રહ્યો છે એની તો એમને શી ખબર?

બરાબર એંશી વારને અંતરેથી ચાર્લ્સે છેક નજીકના હાથીનું નિશાન લીધું. એ પાસેનો હાથી તે ગજેન્દ્રોમાં શ્રેષ્ઠ એવો શિકુલુ નહિ, પણ યુવાન ચુમા હતો. ગોળી અગત્યની જગ્યા ચૂકી ગઈ, તો ય ચુમાને ઘાયલ તો કરી ગઈ. અવાજ સાંભળતાંની સાથે જ ત્રણે એકદમ ભડક્યા. પંદર પંદર ફૂટ લાંબા એવા એમના છ કાન ઝડપથી પ્રસરાઈને જાણે દશે દિશાઓના હલનચલનને તીવ્રતાથી પી રહ્યા. એમનાં વિશાળ દંતૂશળ બહાર નીકળી આવ્યા ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીષણ રોષભરી ગર્જનાઓથી વનને ધ્રુજાવી મૂક્યું. આગળ ઘવાયેલો ચુમા ને બે પડખે શિકુલુ ને ચેન્દારૂતા એમ વ્યૂહ-રચના કરીને એમણે આગળ ચાલવા માંડ્યું. ચાર્લ્સે ફરીથી ગોળી છોડી. આ વખતે એનું નિશાન આબાદ હતું. ગોળી સીધી ચુમાની છાતીમાં વાગી ને એની રહીસહી ચેતના પૂરી થઈ ગઈ; તો ય બીજું એંશી વાર જેટલું અંતર કાપીને એ ઘવાયેલો ગજરાજ ગબડી પડ્યો ને તરત જ મૃત્યુ પામ્યો.

નોકરના હાથમાંથી બીજી તૈયાર રાઈફલ લઈને ચાર્લ્સે ચેન્દારૂતાની છાતીને સોંસરવી ચીરતી એક કારમી ચોટ લગાવી. હવે રાહ જોવામાં સાર નહોતો. એકલો પણ ઉશ્કેરાયેલો શિકુલુ જો પાસે આવી જાય, તો ઘણી રાઈફલોને ભારે પડી જાય તેમ હતું; એટલે ચાર્લ્સે એક પળ પણ ગુમાવ્યા વિના શિકુલુની સાગર સરખી છાતી પર મીટ માંડી; પણ હાથી ઓચિંતાનો ફરી ગયો અને ગોળી સહેજ માટે ચૂકી ગઈ. નોકરના હાથમાંથી બીજી ભરેલી રાઈફલ લે ને નિશાન તાકે તે પહેલાં તો ચેતી ગયેલા શિકુલુએ અત્યંત વેગથી દોડવા માંડ્યુ; ને જોતજોતામાં તો એટલે દૂર નીકળી ગયો, કે ચાર્લ્સની રાઈફલ એના હાથમાં જ રહી ગઈ. વધતા જતા અંતરને લઈને નિશાન લેવું અશક્ય હતું; તો ય ચાર્લ્સે ગોળીઓ તો છોડ્યે જ રાખી. હાથી મૂઓ હશે કે ઘવાયો હશે, ને ઘવાયો હશે તો કેટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંશે એ જાણવાનું હવે કોઈ સાધન નહોતું.

મેદાન પર અંધકાર પ્રસરી ગયો છે. ભૂખ, તરસ અને થાકને ગણકાર્યા સિવાય શિકુલુની નિષ્ફળ શોધમાં ચાર્લ્સ ચાલ્યો જાય છે. બીજા ત્રણ દિવસ સવારથી સાંજ સુધી એ આજુબાજુનાં મેદાનો, જંગલો ને ગામડાઓમાં ભટકે છે ને છેવટે નાસીપાસ થઈને મુકામે પાછો ફરે છે. આવ્યા પછી ય એની આતુરતા શમતી નથી. કદાચ હાથી ધવાયો હોય, કદાચ કોઈ સ્થળે એનું મૃત શરીર પડ્યું હોય તો એના અણમોલ અને અતિ સુંદર દંતૂશળ હાથમાં આવી જાય, એ લાલચમાં એ શોધખોળ માટે માણસો મોકલે છે; પણ જીવતા કે મૂએલા શિકુલુનો પત્તો નથી. જિલ્લાની હદ સાથે કટ્ટા કરીને-ક્યાં ય દૂરદૂરના પ્રદેશમાં એ ચાલ્યો ગયો હતો એ હવે સ્પષ્ટ હતું.

કેટલાક માસ વીતી ગયા. રેનાલ્ડની રજાઓ પૂરી થઈ. ઇંગ્લેન્ડથી પાછા ફરતાં વેંત અહીં જે બન્યું હતું, તે એને જાણવા મળ્યું. ચાર્લ્સે એના કર્યાકારવ્યા પર ધૂળ મેળવી હતી. ક્રોધથી એ ધૂંવાંપૂંવાં થઈ ગયો. દિલગીરી કે ગુસ્સાને જરા પણ જણાવ્યા વિના સાફ સાફ શબ્દોમાં રેનાલ્ડે ચાર્લ્સને ઘણી ઘણી વાતો સુણાવી દીધી. ચાર્લ્સને લાગ્યું, કે રેનાલ્ડે કરેલું અપમાન કદાપિ ભૂલાય તેવું નહોતું; પછી એને માફ કરવાનું તો ક્યાં રસ્તામાં પડ્યુ હતું? શિકુલુના દાંત ને રેનાલ્ડનાં વેણ હૃદયમાં સંઘરીને એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિમાની અંગ્રેજ છૂટો પડ્યો. પાસેના જિલ્લામાં એની નિમણૂક થઈ ચૂકી હતી.

શિકુલુ ને તેના સાથીઓ પર ગુજરેલી હોનારતથી રેનાલ્ડ ઊંડું દુઃખ અનુભવી રહ્યો હતો. એ જાણતો હતો, કે હાથી ગમે તેટલો ઘવાયો હોય તો ય અદ્ભુત રીતે સાજો થઈ જાય છે. એને આશા હતી, કે શિકુલુ જો જીવતો હશે તો કોક દહાડો અવશ્ય પાછો ફરશે. એ આશામાં ને આશામાં અઠવાડિયાં ને પખવાડિયાં વહી ગયાં, પણ ન તો શિકુલુ પાછો આવ્યો કે ન તો એના વિષે કોઈ સમાચાર સાંપડ્યા.

દશેક મહિના પછી જિલ્લાના ગામડાંમાં રેનાલ્ડ પ્રવાસ કરતો હતો. એક દહાડો રસ્તામાં તેણે કોઈ મોટા ને એકાકી હાથીનાં પગલાં જોયાં. ઘોડા પરથી એકદમ નીચે ઊતરીને તે તપાસવા લાગી ગયો. વિશ્વાસુ હબસી નોકરના હસુહસુ થઈ રહેલા ચહેરા તરફ જોઈ ને તેણે કહ્યું:

'કોઈ મોટો હાથી હમણાં જ અહીંથી પસાર થયો લાગે છે.'

નોકર સાહેબથી ઓછો ઊતરે એવો નહોતો; કેમ કે એની તો એ જન્મભૂમિ હતી. ચોક્કસાઈપૂર્વક આંગળી મૂકીને એણે પાછલા પગની ખોડ ચીંધી બતાવી, ને સાહેબ આગળ સત્તાવાર નિવેદન કરી દીધું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'આ તો શિકુલુનાં પગલાં છે; ને એને તો કોણ નથી ઓળખતું ?'

ચોક્કસાઈ ખાતર રેનાલ્ડ જરા વધારે નીચો નમ્યો. અનહદ આનંદ ને અધિકારીને યોગ્ય એવા સંયમથી સારી પેઠે દાબીને શાંતિથી એ બોલ્યો :

'હા, શિકુલુ છેવટે એના મિત્રો તરફ પાછો ફર્યો ખરો. ઢોલકાં પિટાવીને ગામડે ગામડે આ શુભ સમાચાર જાહેર કરો; ને એને રંજાડનાર રેનાલ્ડને રંજાડ્યાનું પરિણામ ભોગવશે એટલું પણ સાથેસાથે જાહેર થવા દો.'

જંગલનાં વર્તમાનપત્રો સરખાં આફ્રિકાની ટોળીઓનાં ઢોલકાં જોરશોરથી ઢિબાઈ રહ્યાં. ગામડે ગામડે, ખીણે ખીણે ને ટેકરીએ ટેકરીએ શિકુલુના પુનરાગમનના ને એને મળેલા સરકારી રક્ષણના સમાચાર પહોંચી ગયા. લોકોની લાગણી તો ઊલટી વધી હતી. ઊગતા પાકનાં લીલાંછમ ખેતરો શિકુલુને માટે ખુલ્લાં મુકાઈ ગયાં.

જોતજોતામાં લોકોને એક વાતની ખાતરી થઈ ગઈ; અને તે એ, કે શિકુલુના સ્વભાવમાં કશોક ધરમૂળનો ને વિચિત્ર ફેરફાર થયો હતો. એના તરફ માનપૂર્વક જોતા હબસીઓ; હવે કંઈક ભયથી જોતા થઈ ગયા હતા; કારણ કે હમણાંથી એ તદ્દન અકુદરતી રીતે વર્તતો હતો. સામાન્ય રીતે હાથીઓ પ્રતિકૂળ પવને ચાલવાનો પ્રયત્ન કરે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે શિકુલુ અનુકૂળ પવને જ ચાલતો જણાતો હતો. કશીક ન સમજાય એવી ચિંતાથી પીડાઈને એની કાયા ઘસાતી જતી હતી. ખરી રીતે જંગલી હાથીઓ માણસના સહવાસથી સંભાળપૂર્વક દૂર રહે છે; પણ શિકુલુને માણસના સંગનો હવે રંગ લાગતો જતો હતો. જંગલી હબસીઓએ માન્યું, કે જરૂર એને કંઈ ભૂતભૂત વળગ્યું હોવું જોઈએ.

શિકુલુએ હવે ગામડાંઓમાં આવવા તો માંડ્યું હતું, પણ બહુ વિચિત્ર રીતે. દિવસના ગમે તે ભાગે અણધાર્યો ને ઓચિંતો એ કયાંથીય ફૂટી નીકળતો ને માત્ર ડોકિયું કરીને ચાલ્યો જતો. એને આવતો જોઈને પુરુષો સપાટાબંધ નજીકનાં ઝૂંપડાંમાં સંતાઈ જતા. 'હાથ–પગ દોરડી ને પેટ ગાગરડી'વાળાં છોકરાં ચીસ નાખીને માની સોડમાં લપાઈ જતાં. સ્ત્રીઓ નાનાં ચેલકાંને એકદમ ઉપાડી લેતી ને જ્યાં રક્ષણ મળે ત્યાં સંતાઈ જતી.

પોતે જ જેને માટે જવાબદાર હતો એવો આ લોકવર્તાવ શિકુલુથી સમજાતો નહિ. બધાં જ્યારે એને જોઈને નાસભાગ કરતાં, ત્યારે એ વિચારમાં પડીને ઊભો રહેતો! પણ કદાપિ કોઈને નુકસાન કરતો નહિ. જેટલો અણધાર્યો એ આવતો એટલો જ ઓચિંતો એ ચાલ્યો જતો ને આંખ મીંચતામાં નજર બહાર નીકળી જતો. લોકોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખે એ હવે કોઈ અસાધારણ ને અકુદરતી સત્ત્વ સરખો બની રહ્યો હતો. રડતાં બાળ એને નામે છાનાં રહી જતાં; અને વાંદરાં જેવાં અટકચાળાં ચેલકાં ડાહ્યાંડમરાં થઇને એક પ્રકારનો કંપ અનુભવતાં.

એવું તે શું થયું હતું આ હાથીને, કે જેનાથી તે આટલી હદે હાલી ઊઠ્યો હતો? એના હૈયામાં જાણે ધરતીકંપ થયો હતો; જાણે બધું અસ્તવ્યસ્ત ને ઊંધુંચત્તુ થઈ ગયું હતું; મોહક સ્વપ્નસૃષ્ટિનાં ઉજ્જડ વેરાનોમાંથી આત્માનું પ્રેત જાણે છાની ચીસો નાખતું હતું અને મરણિયો બનીને જીવનસર્વસ્વને ભોગે જાણે એ કશુંક શોધતો હતો....ને જેને એ શોધતો હતો, એ જાણે હમેશ એનાથી છટકતું હતું!

શિકુલુ સમા ગૌરવાન્વિત ગજરાજની આ દશા રેનાલ્ડ ન તો સમજી શક્યો—ન સમજાવી શક્યો; પણ આ અમૂંઝણના ઉત્તર માટે એને હવે ઝાઝા દહાડા થોભવાનું નહોતું.

આ બાજુ ચાર્લ્સે ક્યારનું ય જાણ્યું હતું, કે શિકુલુ પાછો ફર્યો હતો; અને એ જાણ્યા પછી, હાથીદાંતના લોભે પીડાતો ને રેનાલ્ડ પરના વેરે સળગતો ચાર્લ્સ સખણો બેસે એવો નહોતો. એણે એકદમ ત્રણ અઠવાડિયાંની રજા મંજૂર કરાવી. કેટલાક શિકારીઓ, સાધનો, તંબૂ વગેરે મુકરર કરેલી જગ્યાએ રવાના કરી દીધું ને પછી પોતે ઊપડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેએક કલાક પછી, દૂરથી કોઈ ભયંકર ગરબડ એ સાંભળી રહ્યો. એના જ માણસો એને રસ્તામાં મળ્યા. એમના હોશકોશ ઊડી ગયા હતા. એમનાં મોઢાં જોવા જેવાં થઈ ગયાં હતાં. કોઈ ગાંડો હાથી ઓચિંતો ક્યાંકથી ટપકી પડ્યો હતો! છાવણીમાં ઊભા કરેલા તંબૂનો કચ્ચરઘાણ વાળી નાખ્યો હતો. બધા જ સામાનના ભાંગીને ભુક્કા ઉરાડી દીધા હતા; ને માણસો એના ધરતીતોડ ધીંગાણા-માંથી મહા મુસીબતે ધા નાખતા નાઠા હતા!

ચાર્લ્સે છાવણી તરફ દોટ મેલી. જઈને જુએ છે તો તંબૂના તાણાવાણા નીકળી ગયા હતા. વાંસની એક ચીપ પણ સાજી નહોતી રહી. ખોરાકની પેટીઓને તોડીફોડીને વેરવીખેર કરી નાખવામાં આવી હતી. ભયથી કકડતે દાંતે ને કંપતે અંગે બધા માણસો નજીકનાં ઝાડો પર ચડી-ચડીને છુપાઈ ગયા હતા. ચાર્લ્સની રાઈફલ પકડનાર હબસીએ તો કમાલ કરી હતી. ભરેલી રાઈફલને હાથમાં લઈને એક મોટા વૃક્ષની ઊંચામાં ઊંચી ડાળીએ જઈને એણે તો સલામત અડંગા લગાવ્યા હતા!

ચાર્લ્સે નીચે ઊતરવાનું કહેતાં એણે ચોખ્ખી ના સુણાવી દીધી. ગુસ્સાથી લાલચોળ થઈને ગાળો વરસાવતો ચાર્લ્સ રાઈફલ લેવા માટે છેક ઉપર ચડ્યો. પેલાએ ઠંડે કલેજે એને બધી વાત સમજાવતાં કહ્યું, કે એ કારમા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમસ્તાનનો (રમખાણનો) કર્તા બીજો કોઈ નહિ, પણ શિકુલુ જાતે ને પોતે જ હતો. એણે રાઈફલ તો આપી, પણ ઊતરવાની તો ના જ પાડી. ક્રોધથી દાંત કચકચાવતો ચાર્લ્સ એકલો શિકુલુની શોધમાં ચાલી નીકળ્યો.

હાથીની લોહીતરસી રાડો તો સંભળાતી જ હતી; પણ એનું ભ્રમણ સતત ચાલુ હતું, એટલે એ ક્યાં હશે એ નક્કી કરવું મુશ્કેલ હતું. એક વાર ફરીથી એ પાછો તંબૂ આગળ આવ્યો; ને પહેલી વારના સપાટામાંથી જે કંઈ છટક્યું હતું, તેને શોધી શોધીને કારમા ઝનૂનથી પૂરું કર્યું. આટલો હિસાબ તો ચાર્લ્સની નજરે પડતાં પહેલાં જ એણે પતાવી લીધો; પણ એ તો ફક્ત વેરનું વ્યાજ હતું. જેને મૂડી કહી શકાય, એવો ચાર્લ્સ તો હજી બાકી જ હતો. એ ચાર્લ્સને ને ચાર્લ્સ એને ઘડીભર શોધી રહ્યા.

ચાર્લ્સે એક ઊંચા ઝાડ પર ચડીને જોયું, તો એ શિકુલુને જોઈ શક્યો; પણ છેટું ઘણું હતું અને વેરની ધૂને ચડેલા હાથીનો પગ પળ વાર પણ ધરતી પર ટકતો નહોતો; એટલે રાઈફલ ખાલી કર્યાનો કશો ય અર્થ નહોતો.

સલામતી ખાતર વધારે ઊંચે ચડીને બેસવું ને તક મળતાં ગોળી છોડવી એ ઇરાદાથી એ ઊંચે ચડવા લાગ્યો. ત્યાં તો માણસની ગંધ પારખી ગયેલો શિકુલુ એકદમ ત્યાં આવી ચડ્યો ને સીધો ઝાડ પર મારો ચલાવ્યો. ઊંચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડી રહેલા ચાર્લ્સને એણે ઢીંચણમાંથી પકડ્યો ને જોરથી ધરતી પર પછાડ્યો. માનવીની ચેતના ઠરી ગઈ હતી; પણ હાથીના વેરની આગ હજી ભભૂકતી હતી.

જે માનવીએ એના બે મિત્રોને હણ્યા હતા, જેણે હાથીદાંતના લોભમાં એના જેવા શાંત માતંગની છેડતી કરી હતી, જેણે વેરના કિન્નાથી લોકપ્રણાલિકા પર પગ મૂક્યો હતો ને જે છેલ્લી ઘડી સુધી એના લોહીનો તરસ્યો હતો, તે માનવીના મૃત શરીરને એણે ચારે પગે પીલ્યું–આસ્તેકદમ તબિયતથી પીલ્યું ને પીલી પીલીને માવો બનાવી દીધું!

પછી પાછું જોવાની પરવા વિના, જાણે કશું બન્યું નથી એટલી શાંતિથી ગજેંદ્રને છાજતા સ્વસ્થ ગૌરવે એ ચાલતો થયો.

વાયુથી કંપતાં વનનાં ઝાડ ને ત્રાસથી કંપતાં ચાર્લ્સનાં માનવી દૂરદૂરથી આવતા એના વિજયોન્માદી હુંકારને સાંભળી રહ્યાં.....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તુ' સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચુ' સાહિત્ય'

ગ્રંથોનું સૂચિપત્ર

શાસ્ત્રગ્રંથો–મૂળ તથા અનુવાદ

એકાદશ સ્કંધ–મૂળ સહિત સરળ ભાષાંતર ૪૮૦ ૧–૪

બળવાન બનો!–કર્મનો શ્રેષ્ઠતમ ઉપદેશ–ગુજરાતી ભાષાંતર, શ્રી. સાતવલેકરજીની ટીકા સાથે યજુર્વેદનો અધ્યાય ૧ લો ૧૧૨ ૦–૮

વિવેકચૂડામણિ–શંકરાચાર્ય વિરચિત : મૂળ સહિત ભાષાંતર ૧૬૦ ૦–૧૨

જીવન્મુક્તિવિવેક–મુક્તિ માટે માર્ગદર્શન આપતો પ્રાચીન ગ્રંથ ૨૨૦ ૧–૪

અષ્ટાવક્રગીતા–મૂળ શ્લોકો તથા સરળ અર્થ ૯૨ ૦–૮

મહાવાક્ય રત્નાવલિ–સરળ અર્થ સાથે ૧૪૪ ૦–૧૨

એકાદશ ઉપનિષદો–મૂળ શ્લોકો સાથે સરળ અનુવાદ ૪૫૨ ૨–૮

બૃહદારણ્યક અને બીજાં ૧૦૦ ઉપનિષદો–મૂળ શ્લોકો તથા સરળ અનુવાદ (છપાય છે.)

વિદુરનીતિ–મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ૧૬૮ ૦-૧૨

મનુસ્મૃતિ–સરળ ભાષાંતર, મૂળ શ્લોકો સહિત ૬૪૦ ૩–૦

આર્યધર્મનીતિ ને ચાણક્યનીતિસાર–પસંદ કરી ચૂંટેલા ધર્મનીતિના શ્લોકો, સરળ અર્થ સાથે ... ૨૦૮ ૦–૮

વિષ્ણુસહસ્રનામ–ભગવાન વિષ્ણુનાં હજાર નામો, અર્થ સાથે ૧૨૮ ૦–૪

શાસ્ત્રગ્રંથો–માત્ર અનુવાદ

સંપૂર્ણ મહાભારત–ભાષાંતર–દળદાર સાત ગ્રંથોમાં... ૫૨૦૮ ૪૫–૦

શ્રીમદ્ ભાગવત–બે ગ્રંથમાં ભાષાંતર–આવૃત્તિ ૧૧મી, ૨૭ ચિત્રો ૧૨૪૦ ૮–૦

,, ,, –ભાગ બીજો–(આવૃત્તિ ૮ મી) છૂટક મળશે. ૬૬૭ ૩–૦

ભગવતી (દેવી) ભાગવત–સરળ ભાષાંતર, મોટા અક્ષરોમાં ૯૨૮ ૬–૦

વિચાર સાગર–વેદાંતનાં દોહન–સારરૂપ તત્ત્વજ્ઞાનનું પુસ્તક ૪૩૨ ૨–૮

લઘુ યોગવાસિષ્ઠ–મહામૂલા જીવનની હરેક પળ યોગપૂર્ણ વિતાવવા પ્રેરણા આપતું અજોડ પુસ્તક ... ૫૫૪ ૨–૮

યોગવાસિષ્ઠ મહારામાયણ–ચાર દળદાર ગ્રંથો : વૈરાગ્ય, મુમુક્ષા, ઉત્પત્તિ, સ્થિતિ, ઉપશમ ને નિર્વાણ–આ છ પ્રકરણો ૧૯૦૮ ૧૨–૦

મહાભારતનું શાંતિપર્વ–રાજધર્મ, આપદ્ધર્મ અને મોક્ષધર્મ–ચારે વર્ણ–આશ્રમના સામાન્ય ધર્મો ૮૫૬ ૭–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્ય ધાર્મિક ગ્રંથો

સર્વવેદાંત-સિદ્ધાંત-સારસંગ્રહ	૨૨૪	૧-૪
ધમ્મપદ-મૂળ તથા ગુ૦ અનુવાદ: પં. બેચરદાસની ટીકા સાથે	૧૯૨	૧-૦
સ્વરૂપ વિચાર-ગુરુ-શિષ્યના સંવાદરૂપે	૧૦૪	૦-૧૦
દત્ત-પરશુરામ અથવા **આત્મદર્શનયોગ**-ભગવાન દત્તાત્રેય પ્રણીત ત્રિપુરારહસ્ય, જ્ઞાનખંડ, વિસ્તૃત વિવરણ સાથે	૩૪૪	૨-૦
આત્મરામાયણ-રામાયણની ટૂંકી કથા સાથે તત્ત્વજ્ઞાન સમજાવતું અધ્યાત્મ વિષયનું સરળ પુસ્તક	૧૪૦	૦-૧૨
પરમાનંદની પ્રાપ્તિ-લે૦ ધીરજલાલ સાંકળિયા: શુદ્ધાદ્વૈત મતથી બ્રહ્મનું નિરૂપણ કરતું પુસ્તક, રસિક વાતચીતરૂપે	૨૬૪	૧-૮
મોક્ષમાળા-શ્રીમદ્ રાજચંદ્રકૃત જૈનતત્ત્વજ્ઞાનનું ઉત્તમ પુસ્તક મહાત્મા ગાંધીજીના પરિચય સાથે	૧૮૦	૧-૪
પરમ સુખી થવાના ઉપાય-શ્રીમન્નથુરામ શર્માનાં ધાર્મિક વ્યાખ્યાનોનો ઉપયોગી સંગ્રહ	૩૩૬	૨-૦
પ્રભુમય જીવનનું રહસ્ય-મહાપુરુષોના ઉપદેશ-ભજનો ઈ૦	૧૬૮	૧-૦
વિવેકાનંદસાર-વિવેકાનંદના સમગ્ર ઉપદેશોના સારરૂપે	૨૬૪	૨-૦
રામકૃષ્ણકથામૃત-ઉપદેશો, બોધક વાતચીતના પ્રસંગો ઇ૦	૮૦૦	૫-૦
તુકારામ ગાથા-બે ગ્રંથોમાં-પ્રભુપ્રેમ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યપ્રેરક ૪૧૪૧ મરાઠી અભંગોનું સરળ ભાષાંતર	૧૮૪૦	૬-૦
દાસબોધ-ભક્તિનિરૂપણ, જન્મદુઃખનિરૂપણ, નવ પ્રકારની ભક્તિ, બ્રહ્મનિરૂપણ, પિંડ અને બ્રહ્માંડ, સારાસાર વિચાર ઇ૦ અનેક પ્રકારના **સમર્થ રામદાસ**ના ઉપદેશો	૬૪૮	૨-૮
સ્વામી રામતીર્થના સદુપદેશો-આત્મકૃપા, બ્રહ્મચર્ય, રાષ્ટ્રીય ધર્મ, આત્મસાક્ષાત્કારનો વિધિ, પ્રારબ્ધ નહિ પણ પુરુષાર્થ, યજ્ઞનું રહસ્ય, આનંદ, જીવતો કોણ છે? વગેરે બાબતો સમજાવતાં—		
વ્યાખ્યાનો ઇત્યાદિ-(ગ્રંથ ૧ લા રૂપે)	૫૬૪	૨-૮
સદુપદેશો-(ગ્રંથ ૩ જા રૂપે)	૫૨૦	૨-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વામી વિવેકાનંદના ઉપદેશો–ધર્મ એટલે શું? ભક્તિનું ખરું સ્વરૂપ, વેદાંતનું કાર્ય, ભરતખંડનું ભવિષ્ય, આપણું કર્તવ્ય, પુનર્જન્મ, ભક્તિયોગ, મૂર્તિપૂજા, પ્રભુપ્રેરિત વાતો, પત્રો ઇત્યાદિ

સદુપદેશો–(ભાગ ૪–૫ રૂપે) આવૃત્તિ ૨ જી	૬૦૦	૨–૪
ભક્તિયોગ–(ભાગ ૮મા રૂપે) આવૃત્તિ ૨ જી...	૩૮૪	૧–૮
પાતંજલયોગ ને જ્ઞાનયોગ (ભાગ ૧૦–૧૧ રૂપે)	૫૬૦	૨–૦
પાતંજલ યોગસૂત્ર–ભગવાન પાતંજલિનાં યોગસૂત્રો, અર્થ તથા સ્વામી વિવેકાનંદજીના વિવેચન સાથે...	૧૯૨	૧–૦
જ્ઞાનયોગ–આત્મા, વ્યાવહારિક વેદાંત, કલ્યાણનો પંથ, યાજ્ઞવલ્કય ને મૈત્રેયી વ૦ ઉપર વિવેકાનંદે આપેલાં વ્યાખ્યાનો	૨૩૬	૦–૧૨
રાજયોગ–(સ્વામી વિવેકાનંદકૃત) સાધન, પ્રાણ, પ્રાણનું આધ્યાત્મિક રૂપ, પ્રાણનો સંયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ ઇત્યાદિ	૧૩૬	૦–૧૨
આખ્યાનમાળા–ગ્રંથ ૧ લો તથા બીજો–સ્વ૦ અનંતપ્રસાદ કૃત ભક્તો, ઋષિ–મુનિઓ તથા દેવ–દેવીઓનાં કુલ ૪૩ આખ્યાનોનો ઉત્તમ સંગ્રહ ...	૧૪૨૮	૬–૦
વૈદિક વિનય–દરરોજના સ્વાધ્યાય માટે ચૂંટેલા ૩૬૦ વેદમંત્રો, ભાષાંતર–વિસ્તૃત સમજૂતી સાથે ...	૮૪૦	૩–૧૨
ઉપદેશસારસંગ્રહ–મહાત્મા તિરુવલ્લુવરના વેદતુલ્ય ઉપદેશો	૩૮૪	૧–૮
સુબોધરત્નાકર–ધર્મનીતિનાં પ્રેરક ૧૦૫ દૃષ્ટાંતો... ...	૩૦૦	૧–૮
આત્મસાક્ષાત્કારની કસોટી–લે. બાબા નગીનાસિંહ :	(છપાય છે)	

સ્વ૦ પઢિયારકૃત પુસ્તકો

સ્વર્ગનું વિમાન–ભક્તિમાર્ગના ૩૨૫ ટૂંકા રમૂજી દાખલા	૩૭૨	૨–૦
સ્વર્ગની કૂંચી–સદ્વર્તન રાખતાં શીખવનારું પુસ્તક ...	૩૭૨	૨–૦
સ્વર્ગનો ખજાનો–ભક્તિમાર્ગની ત્રીજી ચોપડી–દૃષ્ટાંતો સાથે	૩૧૨	૨–૦
સ્વર્ગનો પ્રકાશ–જ્ઞાન અને પરમાર્થનો સંબંધ તથા ... પાગલ હરનાથની જાણવા લાયક વાતો ...	૩૩૬	૨–૦
સ્વર્ગનો આનંદ–ભક્તિના અનેક પ્રકારોની સમજ ...	૩૬૦	૨–૦
સ્વર્ગની સીડી–મોક્ષમાર્ગનાં ૧૨ પગથિયાંની સમજ...	૩૬૦	૨–૦
સ્વર્ગની સડક–સ્વર્ગપ્રાપ્તિનો ટૂંકો ને સરળ રસ્તો બતાવનાર	૪૬૮	૨–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસારમાં સ્વર્ગ—સંસારને સ્વર્ગરૂપ બનાવનારૂં પુસ્તક ૩૪૮ ૨—૦
સાચું સ્વર્ગ—ભક્તિ ને જ્ઞાનવિષયક સાદી વાતો—દૃષ્ટાંતો સાથે ૪૯૨ ૨—૦
સ્વર્ગની જિંદગી—કંગાલ મનોદશાને માટે ભોમિયા રૂપે ૩૦૦ ૨—૦

રામાયણો

ગિરધરકૃત રામાયણ—કવિ ગિરધરદાસની હસ્તપ્રત ઉપરથી ૭૯૨ ૪—૮
માનસ રામાયણ—બે ભાગમાં : દોહા—ચોપાઈ, બાળબોધ લિપિ અને ભાષાંતર ગુજરાતીમાં : ૩૦ ચિત્રો સાથે ૧૪૦૦ ૭—૦
તુલસીકૃત રામાયણ—બે ભાગમાં, દોહા—ચોપાઈ ગુજરાતી લિપિમાં અર્થ સાથે: ૩૬ ચિત્રો સહિત ... ૧૪૩૨ ૭—૮
,, ,, ભાગ ૨ જો—આવૃત્તિ ૭ મી ... ૬૪૦ ૩—૦
વાલ્મીકિ રામાયણ—નવી આવૃત્તિ સત્વર છપાશે.
,, ,, ભાગ ૨ જો—આવૃત્તિ ૩ જી છુટક મળશે. ૭૬૪ ૩—૦

ભગવદ્ ગીતાઓ—

શ્રીમદ્ ભગવદ્ ગીતા—પં. સાતવલેકરજીની પુરૂષાર્થબોધિની ટીકા સાથે : ત્રણ ગ્રંથોમાં ... ... ૧૧૦૦ ૧૧—૦
શ્રીમદ્ ભગવદ્ ગીતા—મોટા અક્ષર : ગુજરાતી સરલાર્થ સહિત ૨૪૮ ૦—૧૨
શ્રી જ્ઞાનસત્ર ગીતા—મૂળ શ્લોકો, ગુજરાતી પદચ્છેદ તથા શબ્દાર્થ સાથે ... ... ૩૬૮ ૧—૪
શ્રી જ્ઞાનસત્ર ગીતા—ગુજરાતી લિપિમાં શ્લોકો, પદચ્છેદ તથા શબ્દાર્થ સહિત ... ૩૬૮ ૧—૪
શ્રી જ્ઞાનેશ્વરી ભગવદ્ ગીતા—ભગવાન જ્ઞાનેશ્વરે લખેલી અનેક દાખલા—દૃષ્ટાંતથી ગીતા સમજાવતી 'ભાવાર્થ દીપિકા' નામની ટીકા—સરળ અર્થ સાથે ... ૮૮૮ ૪—૦
શ્રીમદ્ ભગવદ્ ગીતા—એક બાજુ શ્લોક ને બીજી બાજુ ભાષાંતર, કદ—૩॥=×૫॥, બૉર્ડપટ્ટીનાં પૂંઠાં ૪૮૦ ૦—૮
શ્રીમદ્ ભગવદ્ ગીતા—માત્ર ગુજરાતી ભાષાંતર, કદ ૩॥=×૫ આવૃત્તિ ૨૦ મી, બૉર્ડપટ્ટીનાં પૂંઠાં ... ... ૨૮૮ ૦—૪
मूळ—मूळ भगवद् गीताः (માત્ર સંસ્કૃતમાં પાઠ કરનારા માટે)
પાન ૧૧૨: મોટા અક્ષર ૦—૧૪ પાન ૨૦૮ : મધ્યમ અક્ષર ૦—૫
અવધૂત ગીતા—મૂળ શ્લોકો તથા સરળ ભાષાંતર ... ૧૫૨ ૧—૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનચરિત્રો

ભક્તરાજ હનુમાન–ટૂંકું જીવન ચરિત્ર	૭૬	૦–૬
સાઈ બાબા–શિરડીના પ્રખ્યાત સંતનું ચરિત્ર	૪૩૬	૩–૦
સ્વામી સહજાનંદ–ચરિત્ર ને ઉપદેશો	૩૩૬	૧–૮
ચૈતન્ય મહાપ્રભુ–ત્રણ ગ્રંથોમાં–વિસ્તૃત ચરિત્ર (સચિત્ર)	૧૫૯૬	૬–૮
જ્ઞાનેશ્વર મહારાજ ને મહાત્મા એકનાથ : બે ચરિત્રો	૫૦૪	૨–૮
રામકૃષ્ણ પરમહંસ–પ્રેરણાદાયી અદ્ભુત ચરિત્ર ...	૬૦૮	૨–૮
સ્વામી વિવેકાનંદ–જીવનના પ્રસંગો આલેખતું વિસ્તૃત ચરિત્ર	૭૮૪	૩–૦
સ્વામી રામતીર્થ–વિસ્તૃત ચરિત્ર, વેદાંતના ઉપદેશો સાથે	૬૭૨	૩–૦
સંત તુકારામ–મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ સંતનું વિસ્તૃત ચરિત્ર	૬૪૮	૨–૮
સ્વામીશ્રી બ્રહ્માનંદજી ને શિવાનંદજીનાં ચરિત્રો ...	૪૨૪	૧–૬
શ્રી રામચંદ્ર દત્ત ને નાગમહાશયનાં ચરિત્રો ...	૩૩૬	૧–૦
મ૦ સરયુદાસજી, ભૂધર ભક્ત ને જાનકીદાસજીનાં ચરિત્રો	૨૫૬	૦–૧૦
ભક્તચરિત્ર–નાભાકૃત ભક્તમાળમાં નહિ આવેલાં ૨૯ ભક્તોનાં અદ્ભુત અને પ્રેરણાદાયી ચરિત્રો (આવૃત્તિ ૨ જી)	૫૨૮	૨–૮
આદર્શ ચરિત્રસંગ્રહ–ભાગ ૨ જો: બોધક ૭૦ ટૂંકાં ચરિત્રો	૬૨૪	૨–૮
ભારતના વીરપુરુષો–ઐતિહાસિક ૪૦ વીર પુરુષોનાં ચરિત્રો	૩૩૬	૧–૪
મુસ્લિમ મહાત્માઓ–૯૬ મુસ્લિમ સૂફી સંતોનાં ચરિત્રો	૭૫૬	૨–૪
વીર દુર્ગાદાસ અથવા **મારુ સરદારો**–મારવાડના રાજપૂત યુગના આ નરકેસરીનું વીરત્વભર્યું વૃત્તાંત...	૩૦૪	૧–૦

સંતવાણી-ભજનો ઇત્યાદિ

પરિચિત પદસંગ્રહ–ખાસ પસંદ કરીને ચૂંટેલાં ૬૯૭ ભજનો	૪૦૦	૧–૧૨
ભજનસાગર–જુદા જુદા ભક્તોનાં ૯૩૧ ઉત્તમ ભજનોનો સંગ્રહ	૬૮૮	૨–૮
અખાની વાણી–અઘરા શબ્દોના અર્થ તથા સુધારાવધારા સાથે	૫૦૪	૩–૦
तुकाम्हणे:–પસંદ કરેલા અભંગોનો સંગ્રહ–મરાઠીમાં...	૧૨૦	૦–૫
પ્રીતમદાસની વાણી–ધોળ, છપ્પા, કક્કા, મહિના ઇ.નો સંગ્રહ	૫૬૦	૨–૮
દીવાને સાગર–જીવનસાફલ્યનો ઉલ્લાસ આપતો ગઝલસંગ્રહ	૪૮૦	૪–૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવન-પગલે-(કાવ્યો)-જીવનપથ ઉજાળવા પ્રેરણાદાયી કાવ્યસંગ્રહ	૧૧૨	૦-૧૦
મીરાં અને નરસિંહ-(સંપાદક: ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દિવેટિયા) પસંદ કરેલાં ૧૯૩ ભજનો તથા પદો	૧૦૪	૦-૧૨

ખાસ સ્ત્રીઉપયોગી ગ્રંથો—

શ્રી શારદામણિ દેવી-ટૂંકું ચરિત્ર	૧૦૪	૦-૮
સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો-સ્ત્રીઓની કેળવણી, લગ્ન, વારસા-હક્ક, ગામડાંની સ્ત્રીઓના પ્રશ્ન, કાર્યક્ષેત્ર, શારીરિક સંપત્તિ, ગૃહઉદ્યોગ તથા સ્ત્રીઓની ફરજ ઇ૦ અનેક વિષયો	૨૬૪	૧-૮
કલ્યાણમયી-વાર્તાના સ્વરૂપમાં સ્ત્રીઉત્કર્ષની ભાવનાને રજૂ કરતો ગ્રંથ: સ્ત્રીઓના રોગો અને તેના ઉપાયો સાથે: આવૃત્તિ ૨ જી	૨૨૪	૧-૦
ભારતની દેવીઓ-ત્રણ ગ્રંથો: પ્રાચીન તથા અર્વાચીન ૫૨૮ સતીઓનાં ચરિત્રો: સૌથી મોટો ને સસ્તો સંગ્રહ	૨૨૬૮	૯-૦
દયાળુ માતા અને સદ્ગુણી પુત્રી-સ્ત્રીઉપયોગી ટૂંકી ચાર વાતો-બાલિકાઓ માટે ખાસ ઉપયોગી	૧૬૦	૦-૮
ટૂંકી વાતો-ગ્રંથ ૧ લો-સામાજિક નિર્દોષ ૬૬ વાતો	૫૮૮	૨-૮
,, ,, ૨ જો-કુટુંબ માટે ઉપયોગી ૫૭ વાતો	૫૭૬	૨-૮
,, ,, ૫ મો-સ્ત્રીપુરુષને ઉપયોગી ૫૬ વાતો	૪૦૮	૨-૮
,, ,, ૬ ઠ્ઠો-સર્વ માટે ઉપકારક ૮૬ વાતો	૭૨૦	૨-૮

બાળકો માટેનાં પુસ્તકો—

બાલભારત-(સચિત્ર) સંક્ષિપ્ત મહાભારત	૨૮૮	૧-૮
બિરબલ અને બીજા-લે૦ જ્યોતીન્દ્ર હ૦ દવે: બાદશાહ અને બિરબલની તથા બીજી રમૂજી વાતોનો સંગ્રહ	૨૮૦	૧-૮
સદ્ગુણી બાળકો-૬૯ ખરા બનાવોનો સંગ્રહ... ...	૧૩૬	૦-૮
ભારતીય નીતિકથાઓ-'મહાભારત'માંની ૫૨ ટૂંકી વાતો	૧૯૨	૦-૮
સુબોધક નીતિકથા-સ્વ૦ 'બિરબલ'કૃત ૧૫૨ બોધપ્રદ વાતો	૨૩૨	૦-૮
બાળકોની વાતો-ભાગ ૧ લો: બોધપ્રદ ૨૧ વાતો ...	૮૪	૦-૬
,, ,, ભાગ ૨ જો: બોધપ્રદ ૬૧ લેખોનો સંગ્રહ	૨૬૪	૦-૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકીર્ણ સાહિત્ય—

સ્વામીશ્રી અખંડાનંદજીના પત્રો— ૨૪૮ ૧–૮

સુવર્ણયુગ—શ્રી. કનૈયાલાલ મુનશીના લેખોનો સંગ્રહ ... ૯૨ ૦–૮

આત્મનિરીક્ષણ ને સંકલ્પ—રમણલાલ દેસાઈ–સ્વસુધારણા માટે પ્રેરણા આપતું ઉત્તમ પુસ્તક (બીજી આવૃત્તિ) ૧૬૮ ૧–૦

ગુજરાતની ગઝલો—(દી. બ. કૃષ્ણલાલ ઝવેરી સંપાદિત) જુદી જુદી ૮૯ ઉત્તમ ગઝલોનો સંગ્રહ ... ૧૮૦ ૧–૦

કચ્છની લોકવાર્તા—(લે૦ ડુંગરશી ધરમશી સંપટ)... કચ્છદેશની રાજપૂત યુગની ઘટનાઓ આલેખતો ગ્રંથ ૩૫૪ ૨–૦

સાહિત્યપ્રારંભિકા—લે૦ હિંમતલાલ ગણેશજી અંજારિયા: ગુજરાતી સાહિત્યના વિકાસનો ઇતિહાસઃ ૧૫૨ ૧–૦

ઉત્સાહ અને ચેતનાપ્રેરક ગ્રંથો—

અંતરની વ્યથા—લે૦ 'સોપાન' : : ૫ આત્મકથાઓ ૧૯૨ ૧–૪

સુબોધ કથાસાગર—બોધદાયક ૫૦૫ દૃષ્ટાંતોનો સંગ્રહ ૪૬૪ ૨–૦

આગળધસો—'પુશીંગ ટુ ધી ફ્રંટ'નું ભાષાંતર–આવૃત્તિ ૩ જી ૪૬૮ ૨–૮

સુખી જીવનનાં સાધન—આનંદી જીવન માટે ઉત્સાહ પ્રેરક ૩૧૨ ૧–૮

આદર્શ દૃષ્ટાંતમાળા—ભાગ ૧–૨–મહાપુરુષોના જીવનપ્રસંગો પરથી બોધક અને અનુકરણીય ૮૧૯ દૃષ્ટાંતોનો સંગ્રહ ૯૨૮ ૪–૦

કતલખાનું—શ્રમજીવીઓનાં અનેકવિધ દુઃખો તથા ધનિકોની નિર્દયતા દર્શાવતી નવલકથા (અપ્ટન સિંકલેરકૃત) ૬૯૬ ૩–૦

શુભસંગ્રહ—(ભાગ ૨ ને ૯) ઘરગથ્થુ દવાઓ તથા ઉપયોગી માહિતીના ૩૧૩ લેખોનો સંગ્રહ ૧૨૮૦ ૫–૦

સુબોધ પુષ્પવાટિકા—શેખસાદીકૃત : આ પુસ્તકમાં રાજનીતિ, ત્યાગીની રહેણીકરણી, મૌનનો મહિમા, શિક્ષણનું ફળ ઇ૦ છે. ૧૩૬ ૦–૫

વૈદક તથા વિજ્ઞાનના ગ્રંથો—

આરોગ્ય સાધના—લેખક : ડુંગરશી ધ. સંપટ: આરોગ્ય સંરક્ષણ અંગે માર્ગદર્શન ૧૪૮ ૦–૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાકના ગુણદોષ–લેખક : ડૉ. રસિકલાલ જે. પરીખ
આયુર્વેદ પદ્ધતિથી રોજિંદા ખોરાક માટે માર્ગદર્શન
આપતું પુસ્તક : સુધારાવધારા સાથેની નવી આવૃત્તિ ૧૦૦ ૦–૧૦

ઔષધિ કલ્પલતા–જડ અને હઠીલા રોગો ઉપર ૪૩
વનૌષધિઓના સેવન વિષે સમજૂતી ૧૧૨ ૦–૧૨

આર્યભિષક્ અથવા હિંદુસ્તાનનો વૈદ્યરાજ–૧૦ મી આવૃત્તિ:
અનેક વનસ્પતિઓના ગુણ–દોષ, ઉપયોગ તેમ જ રોગો,
તેનાં લક્ષણ ને કારણ તથા ઉપચારોનો મહાન ગ્રંથ ૮૩૨ ૬–૦

આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–મ૦ ગાંધીજીકૃત : શરીરરચના,
હવા, પાણી, ખોરાક, કસરત, કપડાં, પાણીના તથા માટી-
ના ઉપચાર, અકસ્માત, ગર્ભવેળા સ્ત્રી–પુરુષનું કર્તવ્ય વગેરે ૧૨૮ ૦–૮

વૈદક સંબંધી વિચારો–બે ગ્રંથમાં, આરોગ્ય અને વૈદકને
લગતા ઉપયોગી ૨૯૧ લેખોનો સંગ્રહ ૧૧૧૬ ૩–૧૨

આયુર્વેદ નિબંધમાળા–બે ગ્રંથમાં : વૈદ્ય તિલકચંદ તારા-
ચંદકૃત: આયુર્વેદ પ્રમાણે અનેક રોગ, તેનાં લક્ષણ, કારણ,
ઉપાયો તેમ જ અનુભૂત ઉપચારો બતાવતો ઉત્તમ ગ્રંથ ૧૧૫૨ ૪–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર, નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લાં ૩૫ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

વિવિધ ગ્રંથમાળા

સંવત ૨૦૦૨ :: વર્ષ ૩૫ મું

(લવાજમ રૂા. ૬-૪ ★ પરદેશમાં રૂા. ૧૦)

દરવર્ષે ૫" × ૭॥" કદનાં સુમારે ૨૦૦૦ પાનાંનું
વાચન વિવિધ વિષયનાં ૬ થી ૮ પુસ્તકો દ્વારા
ઘેર બેઠાં અપાય છે.

નોંધ:—ચાલુ વર્ષ સં. ૨૦૦૨માં નીચે જણાવેલાં તેમ જ બીજાં પુસ્તકોમાંથી પસંદ કરીને અપાશે.

×૧	**અંતરની વ્યથા**	**૧૯૨**	**૧-૪**	×૬	**બળવાન બનો !**	**૧૧૨**	**૦-૮**
×૨	**ખોરાકના ગુણદોષ**	**૪૦**	**૦-૬**	૭	**સતી સાવિત્રી**	**૫૨**	**૦-૩**
×૩	**રમણ મહર્ષિ**	**૧૮૪**	**૧-૦**	૮	**પરમાનંદની પ્રાપ્તિ**	**૨૩૪**	**૧-૮**
×૪	**સ્વર્ગની જિંદગી**	**૩૭૨**	**૨-૦**	૯	**સુવર્ણયુગ**	**૯૨**	**૦-૮**
×૫	**સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો**	**૨૬૪**	**૧-૮**	૧૦	**મોક્ષમાળા**	**૧૮૦**	**૧-૪**
				૧૧	**પંચાંગ**	**(સં. ૨૦૦૩)**	

નિયમો:—(૧) પ્રત્યેક વર્ષ કારતકથી આસો સુધીનું ગણાય છે. વચ્ચે ગમે ત્યારે ગ્રાહક થવા છતાં કારતકથી પુસ્તકો અપાય છે. (૨) પ્રત્યેક વર્ષનું છેલ્લું પુસ્તક વી. પી. થી મોકલી, તે પછીના વર્ષનું લવાજમ મંગાવી લેવામાં આવે છે. (૩) પુસ્તકો ગેરવલ્લે જાય નહિ, એ રીતે માળાનું દરેક પુસ્તક રજિસ્ટર્ડ પોસ્ટથી મેળવવું હોય, તેમણે તે માટે વધારાના ખર્ચના બાર આના વધુ મોકલવા. વધુ વિગત માટે લખો:—

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, પોસ્ટ બોક્સ નં. ૫૦, **અમદાવાદ** અને
કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ-૨**

× આ નિશાનીવાળાં પુસ્તકો અપાઈ ગયાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સર્વોપયોગી સાહિત્યશ્રેણી'

(અનુસંધાન પૂંઠાના પાન બીજાની સામેથી)

જુન–૧૯૪૬ માં પ્રસિદ્ધ થશે

બાકીનાં પાંચ પુસ્તકો તૈયાર થયે તેનાં નામ અને લેખક વિષે ચોક્કસ જાહેરાત કરવામાં આવશે. આજની ધારણા પ્રમાણે એ પુસ્તકોમાં નીચેના વિષયોનો સમાવેશ થશે:–

૧૪. રવીન્દ્ર-જીવન

કવિવર રવીન્દ્રનાથ ટાગોરના જીવનનો પ્રેરણાત્મક પરિચય

૧૫. ગુજરાતના સેવકો

આજના ગુજરાતને ઘડનારા મૂંગા સેવકોની જીવનકથા

૧૬. માતૃત્વ

બાળકઉછેરને લગતા પ્રશ્નો અને ઉત્તરો

૧૭. જાગ્રત નારી

નારીજીવનને પ્રેરણા આપતા લેખો ને જીવન-ચરિત્રો

૧૮. સાહસ કથાઓ

લોકકલ્યાણ અર્થે સાહસ કરનારા વીરોની કથાઓ

- આ શ્રેણીના દરેક પુસ્તકની છૂટક કિંમત દસ **આના** રહેશે.
- બધાં પુસ્તકો માટે નામ નોંધાવનારને ૧૮ પુસ્તકો દસ રૂપિયામાં મળશે.
- ટપાલથી મંગાવનારે રૂા. ૧–૮–૦ ટપાલખર્ચનો મોકલવો.
- પ્રસિદ્ધ થનારાં પુસ્તકોમાં સંજોગવશાત્ સંસ્થા ફેરફાર કરી શકશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર નદી જવાને રસ્તે, સેશન્સ કોર્ટ પાસે, **અમદાવાદ**
અને કાલબાદેવી રોડ, હાથી બીલ્ડિંગ, ત્રીજે માળે, **મુંબઈ–૨**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સસ્તું સાહિત્ય' એટલે 'ઊંચામાં ઊંચું સાહિત્ય'

'આમ સાહિત્યશ્રેણી'

આ ગ્રંથાવલિમાં જ્ઞાન–ચારિત્ર્ય–વર્ધક અને નિર્દોષ આનંદ મેળવી શકાય તેવું સાહિત્ય જૂજ કિંમતે બહાર પડે છે. હાલ નીચે પ્રમાણે પુસ્તકો પ્રકટ થયાં છે:–

ગીતાસંકલન–સંપાદક: શ્રી૦ રમણ મહર્ષિ: મોઢે કરવા જેવા ગીતાના ૪૧ શ્લોકોનું સંકલન, બીજા બે સંકલનો સાથે	૫૨	૦–૩
વિચાર સૂર્યોદય–તત્ત્વજ્ઞાનની બાળપોથી જેવું સરળ પુસ્તક	૫૨	૦–૩
જ્ઞાનનાં ઝરણાં:–સ્વામી માધવતીર્થ	૬૪	૦–૩
ધ્યાન અને જ્ઞાન–સ્વામી માધવતીર્થ	૪૮	૦–૩
કણ્ઠાભરણમ્–ચૂંટી કાઢેલા પ્રાર્થના–મંત્રો–અર્થ સાથે ...	૬૪	૦–૩
શ્રીમત્ શંકરાચાર્ય–લેખક: પુરાતન બુચ: જગદ્ગુરુ આદ્ય શંકરાચાર્યનું ટૂંકું જીવન અને કવન ...	૪૮	૦–૩
ભગવાન બુદ્ધ–લે૦ પુરાતન બુચ: કેટલાક જીવન-આદર્શોનું નિરૂપણ	૫૬	૦–૪
મેનાવતી ને ગોપીચંદ તથા **ભર્તૃહરિ ને વિક્રમ**–'કલાપી'કૃત	૪૮	૦–૩
જેસલ અને તોરલ તથા **ગોપીચંદ ને જાલંધર**– ,,	૫૬	૦–૩
મનને–એક સંતની મનોનિગ્રહ પ્રેરતી કવિતાઓ	૪૦	૦–૩
ઉચ્ચ જીવન:–ડૉ. હરિપ્રસાદ દેસાઈ	૫૬	૦–૩
કાળમુખી અને બીજી વાતો–લેખક: ચુનીલાલ મડિયા	૬૪	૦–૩
ધાવણની ધાર ને બીજી વાતો–લેખક: ,, ,,	૬૪	૦–૩
કેરીની મોસમ ને બીજી વાતો–લેખક: 'શયદા' ...	૭૮	૦–૫
અણોજો ને નવું રેલવે સ્ટેશન–લે૦ શ્રી. ચુનીલાલ વ૦ શાહ	૬૦	૦–૪
જીવનનો મર્મ–લે૦ શ્રી. 'સોપાન'	૮૪	૦–૬
નવજવાન– ,, ...	૬૪	૦–૪
અહિંસાનું રહસ્ય– ,, ...	૭૨	૦–૪
એ વૃદ્ધ પુરુષ !– ,, ...	૫૬	૦–૪
આશાને અજવાળે– ,, ...	૫૬	૦–૪
શ્રીમંતનો સડો–(કાવ્ય)–ઈશ્વર ધોળકિયા	૬૪	૦–૪

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ ને મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી [illegible] સદીમાં ગુજરાતને મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ—એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા ભિક્ષુ અખંડાનંદે જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.

૧૮૭૪ / ૧૯૪૨

તેમણે અજ્ઞાનરૂપી અંધારો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડ્યું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણ સો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને સર્વ રીતે શુદ્ધ કરીને સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એની સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે 'कथयन्तो मां नित्यम्' એ ગીતાસૂત્ર પ્રમાણે છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

એ શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ સૌથી ઊંચું દાન છે, અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા ભિક્ષુ અખંડાનંદનું સ્થાન ગુજરાતના ગૌરવમાં—હિંદના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ / મુંબઈ–૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar